


# શિક્ષણ વિભાગ


વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,

ઉધના-મગદલ્લા રોડ, સુરત


શૈક્ષણિક વર્ષ : 2018-19

# યુનિવર્સિટી ગીત

ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.
તાપી, પૂર્ણા, સરતિ નર્મદા, અમ્બિકા, કાવેરી,
લાટ સદાએ લીલોછોમ નદીઓનાં પટકૂળ પ્હેરી.
પશ્ચિમે રત્નાકર કેરી ઘૂઘવે તરંગમાળ,
કુદરતની છે મ્હેર કે ભૂમિ બારેમાસ રસાળ.
સરળ પ્રકૃતીનાં સૌ લોકો આનન્દી, અભિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગળ દક્ષિણ ગુજરાત ...
ભૃગુઋષિની પુણ્યભૂમિ છે, ભૃગકરછ મશહૂર,
ચોર્યાસી બંદરના ધ્વજથી, સુરત સૌમ્ય-ભરપૂર.
રામ અને શબરીને પગલે, ધન્ય ડાંગની ધરતી,
કોલક, કીમ, મીંઢોળા નદીઓ, નિશદિન કલકલ કરતી.
સાત સમંદર પાર અહીંની પ્રજા ઘણી પ્રખ્યાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...
રાનીપરજ ને કાળી પરજના ભાતીગળ સંચાર,
આદિવાસી-વનવાસીઓના ઉત્સવમય વ્યવહાર.
અહીં બંદરો ધમધમતાં ઉદ્યોગો ધમધોકાર,
કલા-કસબ ને ભ્રાતૃભાવના અહીં ઉત્તમ સંસ્કાર.
અર્વાચીન સમયનું ઊગ્યું અહીં પહેલું પરભાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગળ દક્ષિણ ગુજરાત...
નમક લઈ દાંડીમાં ગાંધીએ ફેંક્યો પડકાર,
બારડોલીના સત્યાગ્રહથી પંકાયા સરદાર.
કવિ નર્મદની કલમે પ્રગટ્યું ગરવું ગુર્જરી - ગીત,
મુનશીએ સદા શીખવી અસ્મિતા શું પ્રીત.
સ્વતંત્રતાનો દાદાએ અહીં શંખ ફૂંક્યો સાક્ષાત્,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...
દક્ષિણ ગુર્જર ક્ષેત્રની વિદ્યાપીઠ અમારી માતા,
સત્ય, જ્ઞાન ને અનંતની એ છે ઉજ્જવલ ઉદ્‌ગાતા.
એનાં ગૌરવ, વિકાસ, પ્રગતિ અને પ્રાણથી વહાલાં,
એને કંઠે પહેરાવીશું સિદ્ધિની જયમાલા.
વિદ્યાને ચરણે ધરીએ નિષ્ઠાનાં પારિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

શ્રી ભગવતીકુમાર શર્મા

# સંવાદ

## વાર્ષિક મુખપત્ર

### પરામર્શક

ડૉ. રાજેન્દ્ર બી. પટેલ
એસો. પ્રોફેસર અને અધ્યક્ષ

### સંપાદક મંડળ

ડૉ. અમિતકુમાર આર. માલી
(આસિસ્ટન્ટ પ્રોફેસર)

વછીયાત ફરહીનબાનુ મોહમ્મદઅફઝલ
( મંત્રી, મેગેઝીન સમિતિ)

**શિક્ષણ વિભાગ**
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,**
**ઉધના-મગદલ્લા રોડ, સુરત.**
**શૈક્ષણિક વર્ષ : 2018-19**

Re-Accredited by NAAC with 'A' Grade
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT
**Dr. Shivendra Gupta**
*Vice Chancellor*

## શુભેચ્છા સંદેશ

શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી શિક્ષણ વિભાગ દ્વારા પેપરલેસ વાર્ષિક અંક પ્રકાશિત કરવાનાં નવીન અભિયાનનો શુભારંભ કરેલ છે, જે સરાહનીય છે. શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ ના વાર્ષિક અંક 'સંવાદ' માટે મારી હાર્દિક શુભેચ્છાઓ.

પ્રસ્તુત અંકમાં વિભાગના અધ્યાપકશ્રીઓ તથા તાલીમાર્થીઓને તેમને સ્ફુરેલા, ગમતા, અનુભવેલા શૈક્ષણિક જીવનલક્ષી તથા વ્યક્તિત્ત્વ વિકાસ વિષયક રચનાત્મક લેખો સંકલિત કર્યા છે. તથા એમ.એડ્.ના અભ્યાસ દરમ્યાન કરેલ સંશોધન કાર્યના સારાંશનો સમાવેશ કરેલ છે. શિક્ષણ વિભાગના આ નોંધનીય પ્રદાન માટે તમામ અધ્યાપકો તથા તાલીમાર્થીઓને અભિનંદન. એમ.એડ્. અભ્યાસની પૂર્ણતા બાદ પોતાની કારકિર્દીમાં પ્રથમ ડગલું માંડવા તત્પર તમામ તાલીમાર્થીઓને તેઓ શિક્ષણ ક્ષેત્રે પોતાનું તેમજ વિભાગ અને યુનિવર્સિટીનું નામ ઉજ્જવળ કરે તેવી શુભેચ્છા.

(ડૉ. શિવેન્દ્ર ગુપ્તા)
કુલપતિ

ક્રમાંકઃવીસી/શું.સં./૭૧૦૭/૨૦૧૯
તા.૦૨–૦૫–૨૦૧૯
સ્થળઃ સુરત

પ્રતિ,
ડૉ. રાજેન્દ્ર બી. પટેલ
એસોસિયેટ પ્રોફેસર અને અધ્યક્ષ,
શિક્ષણ વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

Udhna-Magdalla Road, SURAT - 395 007 (Gujarat) India Tel : +91-261-2227942
Fax : +91-261-2223078, E-mail : vc@vnsgu.ac.in, URL : www.vnsgu.ac.in

# સંપાદકીય

શિક્ષણ વિભાગનું વર્ષ-2018-2019નું વાર્ષિક મુખપત્ર 'સંવાદ' આપની સમક્ષ મૂકતાં હર્ષ અનુભવીએ છીએ. સતત ત્રીજા વર્ષે 'સંવાદ'ને ઇ-ફોર્મેટમાં રજૂ કરવાનો આનંદ સવિશેષ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો શિક્ષણ વિભાગ શિક્ષક પ્રશિક્ષણની તાલીમ આપતો અનુસ્નાતક કક્ષાનો વિભાગ છે. આ વિભાગ દ્વારા ભાવિ અધ્યાપકો, આચાર્યો, શિક્ષકો તથા શિક્ષણક્ષેત્રનાં સંશોધકોનું ઘડતર થાય છે. આ વિભાગમાં વ્યાવસાયિક તાલીમની સાથે સાથે સંસ્કાર સિંચન તથા સર્વાંગીણ વિકાસની તકો પણ પ્રશિક્ષણાર્થીઓને પ્રાપ્ત થાય છે. શિક્ષણની પ્રક્રિયામાં સહભાગી એવા વિભાગના પ્રશિક્ષણાર્થીઓ તથા અધ્યાપકોની સ્વરચિત તેમજ સંકલિત કૃતિઓનો સમાવેશ 'સંવાદ'માં થયો છે. 'સંવાદ'ના પ્રસ્તુત અંકમાં શિક્ષણ વિભાગ ખાતે હાથ ધરવામાં આવતા એમ.એડ. કક્ષાના સંશોધનનોને "સંશોધન સારાંશ" સ્વરૂપે રજૂ કરવાનો પ્રથમ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રયાસને વાચકો વધાવશે.

આ વાર્ષિક મુખપત્રને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આદરણીય કુલપતિશ્રીના શુભેચ્છા સંદેશાએ વધુ ગૌરવવંતુ બનાવ્યુ છે. વિભાગના અધ્યક્ષશ્રી, અધ્યાપકશ્રીઓ, ડૉ. ભાવેશ મોદી, વહીવટી કર્મચારીગણ તેમજ વિદ્યાર્થીમિત્રોના સહયોગ બદલ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. સંવાદના મુખપૃષ્ઠ માટે સુંદર ચિત્ર દોરી આપનાર પ્રશિક્ષણાર્થી ચૌધરી કાશ્મીરાબેન પરેશભાઈનો આભાર. 'સંવાદ'ને ગુણવત્તા સભર બનાવવા માટેના સૂચનો આવકાર્ય છે.

નોંધ : આ અંકમાં છપાયેલ વિચારો/લેખ કે સર્જન જે તે લેખક/સર્જકને આધીન હોઈ સંપાદક મંડળ કે સંસ્થા તે માટે જવાબદાર નથી. સંશોધન સારાંશો સંશોધકોએ રજુ કર્યા તે સ્વરૂપે જ પ્રકાશિત થયેલા છે.

# શિક્ષણ વિભાગ પરિવાર

## અધ્યક્ષ

ડૉ. રાજેન્દ્ર બી. પટેલ
(એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ)

## શૈક્ષણિક કર્મચારીઓ

ડૉ. કીર્તિ ડી. ઠાકર
(એસોસિએટ પ્રોફેસર)

ડૉ. પ્રીતિબેન એમ. ચૌધરી
(એસોસિએટ પ્રોફેસર)

ડૉ. અમિતકુમાર આર. માલી
(આસિસ્ટન્ટ પ્રોફેસર)

ડૉ. ભાવેશ એમ. મોદી
(આસિસ્ટન્ટ પ્રોફેસર)

ડૉ. સારીકા આર. ચૌહાણ
(ટીચિંગ આસિસ્ટન્ટ)

શ્રીમતિ મેઘા પટેલ
(ટીચિંગ આસિસ્ટન્ટ)

## વહીવટી કર્મચારી

શ્રી પ્રવીણ સોલંકી (જુનિયર ક્લાર્ક)
શ્રી પતિક સોલંકી (લેબ આસિસ્ટન્ટ)
શ્રી વિનય ઉમરીગર (લાઈબ્રેરી આસિસ્ટન્ટ)
શ્રી વિજય પટેલ (લાઈબ્રેરી આસિસ્ટન્ટ)
શ્રી દેવાનંદ એસ. શાહ (સેવક)
શ્રી તુષાર કે. પટેલ (સેવક)
શ્રી ઈશ્વરભાઈ મારૂ (સ્વીપર)

# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | લેખક | પાના નંબર |
|---|---|---|---|
| 1 | Constructivist approach for Teaching and Learning | Dr. Priti Chaudhari | 1 |
| 2 | વર્ડ કલાઉડ | ડૉ. અમિતકુમાર આર. માલી | 5 |
| 3 | શિક્ષક-પ્રશિક્ષણમાં નૈતિકતા અને સંવેદનશીલતાની તાલીમ | ડૉ. ભાવેશ એમ. મોદી | 6 |
| 4 | Importance and ways of Summary in Scientific Research Writing | Dr. Sarika Chauhan | 8 |
| 5 | શિક્ષણમાં સફળતા મેળવવાના સ્ત્રોતો | પટેલ સપનાબહેન હિરાભાઈ | 10 |
| 6 | ભારતરત્ન આંબેડકર | ટંડેલ પિયુષકુમાર મણીલાલ | 10 |
| 7 | શિક્ષકની ખુશી.... | વછીયાત ફરહીનબાનું મોહમ્મદ અફઝલ | 12 |
| 8 | વતન | પટેલ હેતલબેન રમેશભાઈ | 12 |
| 9 | પેપર આર્ટ | શાહ પિનાબેન ઉત્તમભાઈ | 13 |
| 10 | ચિત્ર | પટેલ શૈફાલી ભગુભાઈ | 13 |
| 11 | સંવાદ | પટેલ પ્રિયંકાકુમારી નવિનભાઈ | 13 |
| 12 | એવું જીવવું છે... | મલેક મુનિશાબાનું ઉસ્માનભાઈ | 13 |
| 13 | દુનિયાનો સ્વાર્થ | પટેલ રાધાબેન આનંદભાઈ | 14 |
| 14 | ચિત્ર | કેપ્ટન વિશ્વમોહિનીબહેન મોહનલાલ | 14 |
| 15 | હાઈકુ | વસાવા દિપીકાબેન ચંદ્રસિંહ | 14 |
| 16 | કેમ? | વસાવા મનિષાબેન સુરજીભાઈ | 15 |
| 17 | તમે | ટંડેલ રવિનાબહેન પરભુભાઈ | 15 |
| 18 | ચિત્ર | પટેલ શૈફાલી ભગુભાઈ | 15 |
| 19 | દુનિયા છે રંગો ભરી | રાઠોડ હેમંતભાઈ નવ્રુભાઈ | 16 |
| 20 | મૂંઝવણ | ટંડેલ પ્રિતીબેન રાજેશભાઈ | 16 |
| 21 | WHAT I AM ! | પારખેતીયા મોહમ્મદસુહેલ | 16 |
| 22 | હું એક શિક્ષક છું....... | દેલવાડીયા અર્પિતા વિઠ્ઠલભાઈ | 19 |
| 23 | Thank you | પાડવી અનુરાધાબેન આનંદભાઈ | 19 |
| 24 | પેન્સિલ ડ્રોઈંગ | દિવાન શીફાબેગમ ઈકબાલહુસેન | 19 |
| 25 | આ દુનિયા કેવી ગોળ | ભગત મયુરી ભરતભાઈ | 20 |
| 26 | અભિલાષા એક દિકરીના બાપની | પંચાલ શિવાંગી ભુપેશકુમાર | 20 |

| ક્રમ | શીર્ષક | લેખક | પાના નંબર |
|---|---|---|---|
| 27 | ચિત્ર | મલેક મુનિશાબાનું ઉસ્માનભાઈ | 21 |
| 28 | એમ.એડ્.ના વર્ગમાં | કેપ્ટન વિશ્વમોહિનીબહેન મોહનલાલ | 21 |
| 29 | શિક્ષણશાસ્ત્ર ભવનમાં | વસાવા નિલમબેન રાયસિંગભાઈ | 23 |
| 30 | જીંદગીની તલાસ | પટેલ શૈફાલી ભગુભાઈ | 23 |
| 31 | ચિત્ર | ચૌઘરી કાશ્મીરાબેન પરેશભાઈ | 23 |
| 32 | સફર | પટેલ ભાવિકા વસંતભાઈ | 24 |
| 33 | વિદાય | ચૌઘરી ટીનલકુમારી ગંજીભાઈ | 24 |
| 34 | શિક્ષક | બાબરીઆ ફિરદોસ ફારૂક | 24 |
| 35 | અનુભવ એક શિક્ષક | પટેલ પ્રિયંકાકુમારી નવિનભાઈ | 25 |
| 36 | ચિત્ર | પટેલ સ્નેહલબહેન અશ્વિનભાઈ | 26 |
| 37 | મિત્રતા | દેશમુખ હર્ષદા રવીન્દ્રભાઈ | 26 |
| 38 | જીંદગીનો રસ્તો | વસાવા જશુબેન સનાભાઈ | 26 |
| 39 | સોહામણી સાંજ | દિવાન શિફાબેગમ ઈકબાલહુસૈન | 27 |
| 40 | ચાલ હવે,તો ચાલ | વસાવા મનિષાબેન સુરજીભાઈ | 27 |
| 41 | હું એક પુસ્તક | ધોડી ટીનાબેન નવીનભાઈ | 27 |
| 42 | હું કયાં છું? | વસાવા હિનાબેન સુરપસિંગ | 28 |
| 43 | મા | ચૌઘરી ટીનલકુમારી ગંજીભાઈ | 28 |
| 44 | શિક્ષકની દેશભક્તિ | પટેલ પ્રિયંકાકુમારી નવિનભાઈ | 29 |
| 45 | ફુલબાનું જીવન કેટલું વાસ્તવિક | વસાવા મનિષાબેન સુરજીભાઈ | 29 |
| 46 | નવી દિશા | પટેલ ખુશ્બુબેન હસમુખભાઈ | 30 |
| 47 | પ્રેસનોટ | * | 30 |
| 48 | સંશોધન સારાંશ | * | 33 |
| 49 | શિક્ષણ વિભાગનું ગૌરવ | * | 51 |
| 50 | શ્રધાંજલિ | * | 53 |
| 51 | ગ્રુપ ફોટો | * | 54 |
| 52 | વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ | * | 56 |
| 53 | શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં થયેલી પ્રવૃતિઓ | * | 59 |
| 54 | M.Ed (Granted) Sem-IV Student's List | * | 60 |
| 55 | M.Ed (Granted) Sem-II Student's List | * | 66 |

સંવાદ
શિક્ષણ વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
2018-2019

# Constructivist approach for Teaching and Learning

Dr. Priti Chaudhari

Associate Professor

ABSTRACT

Constructivism is an approach to teaching and learning based on the premise that cognition (learning) is the result of "mental construction." In other words, students learn by fitting new information together with what they already know. Constructivists believe that learning is affected by the context in which an idea is taught as well as by students' beliefs and attitudes. Constructivism is a learning theory found in psychology which explains how people might acquire knowledge and learn. It therefore has direct application to education. The theory suggests that humans construct knowledge and meaning from their experiences.

The National Curriculum Framework (NCF) 2005 strongly supports the constructivist and learner-centered approach in school education. Milne & Taylor (1995), have suggested that (a) learning involves personal mental construction of knowledge by individuals, (b) learner subscribe to their conceptual structures, not because they are absolute, but because they are viable for them as individuals, and (c) knowledge construction is a social and cultural process mediated by language. Burrowes (2003) study provides substantiated evidence that teaching in a constructivist, active learning environment is more effective than traditional instruction in promoting academic achievement, increasing conceptual understanding, developing higher level thinking skills, and enhancing students interest. Fosnot (1996) argues that the primary goal of a constructivist approach to teacher education is to facilitate new ways of knowing. If understanding the teaching/learning process from a constructivist view is itself constructed, and if teachers tend to teach as they were taught, rather than as they were taught to teach. The nature of students' metacognitive knowledge and the quality of their learning strategies are seen to be critical factors in successful learning outcomes (Anthony, 1996).

Introduction:

Constructivism is a learning theory found in psychology which explains how people might acquire knowledge and learn. It therefore has direct application to education. The theory suggests that humans construct knowledge and meaning from their experiences. Constructivism is not a specific pedagogy. Piaget's theory of Constructivist learning has had wide ranging impact on learning theories and teaching methods in education and is an underlying theme of many education reform movements. Constructivism has informed pedagogy and curriculum development, as well as being dominant idea in research. Cognitive science has become a research focus around the world since the early 1980s (Georghiades, 2004).

Guiding principles for constructivist classrooms

In a constructivist classroom, the teacher searches for students' understandings of concepts, and then structures opportunities for students

to refine or revise these understandings by posing contradictions, presenting new information, asking questions, encouraging research, and/or engaging students in inquiries designed to challenge current concepts.

Researches on Constructivist approach for Teaching and Learning

According to Colburn (2000), constructivist philosophers propose that individuals structure their own life center of the constructivism lies the idea that the learner structures the knowledge and applies it. At the by structuring proposes that human brain is not a flash disk or an empty container that waits for filling. The children don't wait for someone to fill their brains. They structure the knowledge actively in their brains and reconstruct it. With another words, constructivist learning is learning by individually and with social activities and as a result of these activities making conclusions (Brunning et. al., 1999). According to Driscoll (2000), constructivism learning theory is a philosophy which enhances students' logical and conceptual growth. The underlying concept within the constructivism learning theory is the role which experiences-or connections with the adjoining atmosphere-play in student education. The constructivism learning theory argues that people produce knowledge and form meaning based upon their experiences.

Two important notions orbit around the simple idea of constructed knowledge. The first is that learners construct new understandings using what they already know. There is no tabula rasa on which new knowledge is etched. Rather, learners come to learning situations with knowledge gained from previous experience, and that prior knowledge influences what new or modified knowledge they will construct from new learning experiences. The second notion is that learning is active rather than passive. Learners remain active throughout this process: they apply current understandings, note relevant elements in new learning experiences, judge the consistency of prior and emerging knowledge, and based on that judgment; they can modify knowledge (Phillips, 1995).

With regard constructivist approach to teacher education Richardson (1997) suggested there were two different forms of constructivist teacher education: (a) teaching teachers about constructivist approaches and (b) working with students in a constructivist way to help them understand their tacit beliefs and introduce new conceptions as possible alternatives those held. Fosnot (1996) argues that the primary goal of a constructivist approach to teacher education is to facilitate new ways of knowing. If understanding the teaching/learning process from a constructivist view is itself constructed, and if teachers tend to teach as they were taught, rather than as they were taught to teach, then teacher education needs to begin with these traditional beliefs and subsequently challenge them through activity, reflection, and discourse in both coursework and field work through the duration of the program. Most importantly, participants need experiences as learners that confront traditional views of teaching and learning in order to enable them to construct a pedagogy that stands in contrast to older, more traditionally held views.

When we talk about traditional learning and constructivist learning

environment Burrowes (2003) study provides substantiated evidence that teaching in a constructivist, active learning environment is more effective than traditional instruction in promoting academic achievement, increasing conceptual understanding, developing higher level thinking skills, and enhancing students interest in biology.

The case studies of two students detail contrasting passive and active learning behaviours illustrate that having students involved in activities such as discussions, question answering, and seatwork problems does not automatically guarantee successful knowledge construction. The nature of students' metacognitive knowledge and the quality of their learning strategies are seen to be critical factors in successful learning outcomes (Anthony, 1996). The study by Artzt & Armour (1992) suggested the importance of metacognitive processes in mathematical problem solving in a small-group setting. A continuous interplay of cognitive and metacognitive behaviors appears to be necessary for successful problem solving and maximum student involvement. Goos & Galbraith (1996) showed that analysis of verbal protocols from think aloud problem solving sessions showed that, although the students generally benefited from adopting complementary metacognitive roles, unhelpful social interactions sometimes impeded progress. Artzt & Armour-Thomas (1998) suggests that the metacognition of teachers plays a well-defined role in classroom practice. These findings provide useful insights for researchers and teacher educators in their pre-service and in-service mathematics programs. Metacognitive activities were involved in all phases of the solution process with key points in students' solutions identifiable in terms of the cognitive metacognitive framework of (Garofalo and Lester, 1985). Stillman & Galbraith (1998) revealed that all successful groups displayed a high number of key points where metacognitive decisions could influence cognitive action. Success was accompanied by a tendency to engage in a high number of organisational activities, regulation of execution activities and evaluation activities particularly evaluation of execution but fewer opportunities where metacognitive decisions could influence cognitive actions during orientation.

The researches on Constructivist Learning Model revealed that the most people learn only when they construct meaning for themselves. Such research must provide the basis for future science teacher education programmes. Without the research base provided by cognitive science and constructivist studies, improved models for science teacher education cannot be developed. (Bybee et al, 1989; Glaserfeld, 1987; Yager, 1991). Davidowitz & Rollnick (2003) investigated a case study of Four Second Year University Chemistry Students. All students found flow diagrams extremely useful, all understood the Competency Tripod model but only two found it useful. Kroesbergen, Van Luit & Maas (2004) found that math performance of students in the explicit instruction condition improved significantly more than that of students in the constructivist condition. Geban (2003) found that students who used the constructivist principles-oriented instruction earned significantly higher scored than those taught by traditional instruction in terms of achievement. Brownlee, Purdie &

Boulton-Lewis (2003) most students thought learning should be meaningful and preferred to use transformative learning approaches. However, students indicated a willingness to engage in reproductive approaches to learning if the content to be learned was uninteresting, workloads were high, or assessment was examination-focused. Jacobs (2004) showed that interviews with the children confirmed that they were exhibiting and showing growth in their metacognition. They were able to provide appropriate answers to questions that required them to talk about their thinking and identify strategies that helped them in their writing. The study provides a model that could be used in classrooms to help children in the development of their growing metacognition and writing in an authentic learning environment. Vukman (2005) studied the developmental differences in metacognition and their connections with cognitive development in adulthood. This study investigated that accuracy in metacognitive statements was however significantly better in the mature adult and the younger adult groups. Annevirta & Vauras (2006) studied the developmental changes of metacognitive skill in elementary school children. The results showed that children with initially high metacognition had better metacognitive skills in problem-solving tasks during the 1st 2 school years, whereas the self-guided behavior of children with lower metacognition resembled more the type of adult-dependent behavior typical of young children as late as the 2nd grade. However, there was no clear developmental relationship between metacognition and metacognitive skills. Case & Gunstone (2006) studied the metacognitive development: It is suggested that metacognitive development needs to be characterised in broader terms than the usual cognitive focus in order to more fully account for students' experiences of learning. Hurme, Palonen & Ja¨ rvela¨ (2006) studied the metacognition in joint discussions: an analysis of the patterns of interaction and the metacognitive content of the networked discussions in mathematics. The results of the study revealed that the metacognitive activity varied among participant. It was found that there is a relation between metacognitive activity and the features of interaction. The student pairs who monitored and evaluated the ongoing discussions had a strategically optimal position in the communication network.

## Conclusion

The National Curriculum Framework (NCF) 2005 strongly supports the constructivist and learner-centered approach in school education. Burrowes (2003) study provides substantiated evidence that teaching in a constructivist, active learning environment is more effective than traditional instruction. Case & Gunstone (2006) suggested that metacognitive development needs to be characterised in broader terms than the usual cognitive focus in order to more fully account for students' experiences of learning. Jacobs (2004) showed that interviews with the children confirmed that they were exhibiting and showing growth in their metacognition by using constructivist approach.

## REFERENCES:

Anthony, G. (1996). Active learning in a constructivist framework.

Educational Studies in Mathematics, 31(4), 349-369.

Bruning, R. H., Schraw, G. J., & Ronning, R. R. (1999). Cognitive psychology and instruction. Upper Saddle River, NJ: Merrill.

Burrowes, P. A. (2003). A student-centered approach to teaching general biology that really works: Lord's constructivist model put to a test. The American Biology Teacher, 65(7), 491-494

Colburn, A., (2000). Constructivism: Science education's “Grand unifying theory”. Clearing House, 74(1), 9-12.

Driscoll, Marcy. (2000). Psychology of Learning for Instruction. Boston: Allyn& Bacon.

Kroesbergen, E. H., Van Luit, J. E. H., & Maas, C. J. (2004). Effectiveness of explicit and constructivist mathematics instruction for low-achieving students in the Netherlands. The Elementary School Journal, 104(3), 233-251.

Liang, L. L., & Gabel, D. L. (2005). Effectiveness of a constructivist approach to science instruction for prospective elementary teachers. International Journal of Science Education, 27(10), 1143-1162.

Petrucci, R. H., Harwood, W. S., & Herring, G. F. (2002). General chemistry principles and modern applications. 8th Edition, Prentice Hall, 0-13-014329-4.

Phillips, D.C. (1995). The good, the bad, and the ugly: The many faces of constructivism. Educational Researcher, 24 (7), 5-12.

Richardson, V. (1997). Constructivist teacher education: Building a world of new understandings. London: Falmer Press.

# વર્ડ કલાઉડ

ડૉ. અમિતકુમાર આર. માલી
આસીસ્ટન્ટ પ્રોફેસર

શૈક્ષણિક સંશોધનમાં પ્રાપ્ત માહિતીના આધારે સંશોધનના મુખ્ય બે પ્રકાર છે. જે સંશોધનમાં સંખ્યા-આંકડાઓ સ્વરૂપે એકત્ર થતી માહિતના પૃથ્થકરણ દ્વારા તારણો મેળવવામાં આવે છે તે સંખ્યાત્મક સંશોધન છે. જ્યારે શિક્ષણની વાસ્તવિક અને પ્રાકૃતિક પરિસ્થિતિમાં પાત્રોના લામ્બા સમય સુધીનાં અવલોકનો અને લામ્બી મુલાકાતો તથા દસ્તાવેજો અને ચીજવસ્તુઓ મારફત વિગતપૂર્ણ શાબ્દિક વર્ણનોના રૂપમાં માહિતીના એકત્રીકરણ અને વિશ્લેષણ વડે પાત્રોના પોતાના દ્રષ્ટિકોણથી પણ મનુષ્યના શૈક્ષણિક વર્તન વિષેની ઊંડી સમજ મેળવવાની પ્રવૃત્તિ એટલે ગુણાત્મક શૈક્ષણિક સંશોધન.

ગુણાત્મક સંશોધનમાં માહિતિ એકત્રિત કરવા માટે મુક્તજવાબી પ્રશ્નોવાળું મુલાકાતપત્ર, અવલોકનપત્ર, ક્ષેત્રનોન્ધ, પાત્રો દ્વારા લખાયેલા કે અન્ય દસ્તાવેજો, ટેપરેકોર્ડર, વીડિયોરેકોર્ડર જેવા ઉપકરણોની મદદથી મહદઅંશે શબ્દો સ્વરૂપે માહિતિ એકત્રિત કરવામાં આવે છે. આ શાબ્દિક માહિતીના સતત અને ચક્રીય આગમનાત્મક શાબ્દિક પૃથક્કરણ દ્વારા સંશોધનના તારણો સુધી પહોંચવામાં આવે છે. આ પ્રક્રિયામાં ઉપયોગી નીવડે એવી એક સંકલ્પના છે વર્ડ કલાઉડ.



(સંદર્ભ: https://www.flickr.com/photos/182229932@N07/48445750527 )

વર્ડ કલાઉડ (Word Cloud)ને ટેગ કલાઉડ (Tag Cloud) પણ કહે છે. મૂળભૂત રીતે તો ૨૧મી સદીના આરંભમાં ઈન્ટરનેટ ખાસ કરીને Web 2.0 આધારિત વેબસાઈટ કે બ્લોગમાં જે Tag ( Key Words-MetaData) મુકવામાં આવતા હતા તેના આધારે ઈન્ટરનેટ ઉપરની માહિતીની ચિત્રાત્મક રજૂઆત માટે તેનો ઉપયોગ શરૂ થયો. Flickr વેબસાઈટ નાં સહ-સ્થાપક Stewart Butterfield દ્વારા વર્ષ 2004માં Flickr (ફોટો શેરીંગ સાઈટ) પર રજૂ કરેલ વર્ડ કલાઉડ દ્વારા તેને ખુબ પ્રસિદ્ધિ મળી.

વર્ડ કલાઉડ (Word Cloud) એ શબ્દોથી બનેલ વિશિષ્ટ આકૃતિ છે.આ આકૃતિ જે શબ્દોથી બને છે તે શબ્દો કોઈ લખાણ કે ઓડિયો સ્વરૂપે રહેલા માહિતીના સ્રોત માંથી પસંદ થાય છે.માહિતીના સ્રોતમાં શબ્દોની આવૃત્તિને આધારે વર્ડ કલાઉડમાં તે શબ્દો ભિન્ન લક્ષણો જેવાકે કદ, રંગ, સ્થાન નક્કી થાય છે. વર્ડ કલાઉડ બનાવતા શબ્દોમાં વાક્ય રચના પૂર્ણ કરવા ઉપયોગમાં લેવાતા શબ્દોનો સમાવેશ નથી કરાતો . ગુણાત્મક સંશોધન અંતર્ગત શાબ્દિક વર્ણનોના રૂપમાં માહિતીના એકત્રીકરણ અને વિશ્લેષણ વડે કેન્દ્રીય વિચાર કે ઘટના જાણવામાં સંશોધકને રસ હોય છે. વર્ડ કલાઉડ લેખિત (અલબત્ત ડીઝીટલ અથવા Optical character recognition દ્વારા ડીઝીટલ સ્વરૂપે રૂપાંતરિત ) અને ધ્વનિ મુદ્રિત શાબ્દિક માહિતીનું પ્રાથમિક વિશ્લેષણ કરી તેમાં રહેલા શબ્દોની આવૃત્તિનાં આધારે કેન્દ્રીય વિચારની સાથે સાથે અન્ય અગત્યના વિચાર બિંદુઓ ઝડપથી રજૂ કરી આપે છે. ગુણાત્મક સંશોધનમાં માહિતીના વિશ્લેષણ સંબધિત પ્રાથમિક માર્ગદર્શન મળે છે. વિગતવાર વિશ્લેષણ સમયે ધ્યાનમાં લેવાના શબ્દો અને તેના આધારે વિચારોનો દિશાનિર્દેશ મળે છે. માહિતીમાં રહેલા વિવિધ વિચારબિંદુઓ વચ્ચેના સંબધોનું અનુમાન કરી શકાય છે જેને આગળ જતા વિગતવાર તપાસી શકાય છે. એકથી વધુ પાત્રોએ એક સરખા પ્રશ્નોના જવાબ રૂપે આપેલ માહિતીની તુલના કરવામાં મદદ કરે છે. અને અર્થઘટન અને તારણોને તપાસી જવામાં મદદરૂપ થાય છે.

વર્ડ કલાઉડનો ઉપયોગ કરતા પૂર્વે તેની કેટલીક મર્યાદાઓ પણ ધ્યાનમાં રાખવી જોઈએ. હજુ સુધી ગુણાત્મક સંશોધનમાં માહિતીના વિશ્લેષણ માટે વર્ડ કલાઉડનાં ઉપયોગને સર્વ સ્વીકૃતિ નથી મળી. આમ તે એક તે એક પૂરક પ્રયુક્તિ છે. માહિતીમાં જે તે શબ્દની આવૃત્તિનાં આધારે જ રચાય છે માહિતીમાં તે શબ્દ ક્યા સંદર્ભે પ્રયોજાયો છે તે જાણી નથી શકાતું [આધુનિક સોફ્ટવેરમાં હવે તે શક્ય છે]. તેને તૈયાર કરવા માટે વિશિષ્ટ સોફ્ટવેર કે વેબસાઈટની મદદ લેવી પડે છે અને તેમાં પ્રાદેશિક ભાષાનો સપોર્ટ મળવો હાલના તબક્કે તો મુશ્કેલ છે. આશા છે કે આગામી દિવસોમાં પ્રાદેશિક ભાષામાં પણ વર્ડ કલાઉડ તૈયાર થાય તેવી ટેકનોલોજી સુલભ બને અને સંશોધનમાં તેનો વધુ ને વધુ ઉપયોગ સંશોધકો કરી શકે.

## શિક્ષક-પ્રશિક્ષણમાં નૈતિકતા અને સંવેદનશીલતાની તાલીમ

**ડૉ. ભાવેશ એમ. મોદી**

**આસીસ્ટન્ટ પ્રોફેસર**

પ્રવર્તમાન સમયમાં પ્રાથમિક શિક્ષણથી મહાવિદ્યાલય સુધીના શિક્ષણમાં આમૂલ પરિવર્તનની જરૂર છે. આપણા શિક્ષણમાં માત્ર પાઠ્યપુસ્તક છે, પ્રેક્ટીક્લ નથી; શિક્ષણ જાણે ગ્રેડ મેળવવા માટેનું છે, સર્જનાત્મક નથી. આજની શાળામાં - શિક્ષણ મહાવિદ્યાલયમાં કારકિર્દી કેવી રીતે બનાવવી અથવા તેની જરૂરીયાત શા માટે તે અંગેની તાલીમનો અભાવ છે. આજના શિક્ષણ સમાજમાં પ્રમાણિક્તા, સંવેદનશીલતા, સહકાર, ન્યાયના અભાવે ગરીબી, બેકારી, શોષણ દૂષણોની પરાકાષ્ઠાએ આપણામાં ચિંતન-મંથનનું દોહન સર્જેલ છે. શિક્ષણ અને શિક્ષક-પ્રશિક્ષણમાં તાંત્રિક તાલીમ સાથે નૈતિકતા અને સંવેદનશીલતાની તાતી જરૂરીયાત જણાઈ રહી છે. આ બાબતને પાયાના સ્તરથી સમજવાની જરૂર છે.

શિક્ષણ એ જીવનનો વિકાસ છે તો જીવનનું અધિષ્ઠાન અધ્યાત્મ છે, અધ્યાત્મનો સંબંધ આત્મા

સાથે છે જે સમગ્ર જ્ઞાનનો આધાર છે. શિક્ષણ મુખ્યત્વે જ્ઞાનની સાધના છે. જ્ઞાન વ્યક્તિમાં ચેતનાનો વિકાસ કરે છે, આ રીતે શિક્ષણ ચેતનાનું સંવર્ધન છે વળી જ્ઞાન માટે શ્રદ્ધા અનિવાર્ય છે. શ્રદ્ધાનો વિપરીત ભાવ અહંકાર છે, જેનાથી ચેતનાનો સંકોચ થાય છે જે જ્ઞાન માટે બાધક બને છે. ભારતીય પરંપરા સરસ્વતીને વિદ્યાની દેવીનું સ્વરૂપ આપીને આ શ્રદ્ધા ભાવને આધ્યાત્મિક રૂપ આપવામાં આવ્યું છે જે બાળકના મગજરૂપી કોરા કાગળ ઉપર સંસ્કારો પડાવે છે. આ રીતે માતા સરસ્વતી વિદ્યા અને જ્ઞાનથી અધ્યેતાનું પોષણ કરે છે. શિક્ષણ અને તેની તાલીમમાં આપણે સૌ શ્રદ્ધાના પવિત્ર માતૃભાવથી આરાધના કરીએ છીએ, જ્ઞાની-સાક્ષર બનીએ છીએ. પ્રવર્તમાન સ્પર્ધાત્મક યુગમાં વ્યક્તિ જ્ઞાન સાથે શિક્ષણથી પદ-પ્રતિષ્ઠા, ધન-સમૃદ્ધિ પ્રાપ્ત કરી સમાજમાં પોતાનું આધિપત્ય સ્થાપી રહ્યો છે. શિક્ષણ માત્ર જાણે પોતાની સફળતા અને સમાજમાં મહત્વતા પૂરવાર કરવાની સીડી બની રહ્યું છે, નૈતિકતા ગાયબ છે.

આજે પ્રવર્તમાન નૈતિકતાના અભાવનું કારણ ખામી ભરેલી શિક્ષણ વ્યવસ્થા/તાલીમ છે. આ શિક્ષણ/તાલીમપ્રથાથી વ્યક્તિ ધન, સમૃદ્ધિ, પદ, પ્રતિષ્ઠા તો પ્રાપ્ત કરી શકે છે પરંતુ તેના જીવનમાં નૈતિકતા ખતમ થતી જોવા મળે છે. તે સ્વાર્થી, લોભી અને સંવેદનશીલવિહીન બનતો જાય છે. શિક્ષણનો સાચો અર્થ ઉપનિષદ સૂચિત કરે છે. કંઠોપનિષદની ઋચા આપણને ઘણુખરું પરા વિદ્યા અને અપરા વિદ્યાના સંદર્ભમાં અક્ષર અને આત્માની સાચી ઓળખ આપે છે. પરંપરાગત શિક્ષણના સંદર્ભેથી ઈજનેરી, મેડિકલ, કોમર્સ કે કલા- અપરા વિદ્યામાં પારંગત આપણે સૌ જીવન નિર્વાહ સફળ રીતે કરી શક્યા છીએ પરંતુ આત્માને પીછાણવામાં નબળા કે નિષ્ફળ બનતા જઈએ છીએ. પોતાના આત્માને અને પોતાની જાતને જાણવાનું અને તેમાં ઉંડે ને ઉંડે ઉતરવાનું ચિંતનની પરા વિદ્યાની તાલીમની આજે જરૂર છે. "આત્મવત સર્વ ભૂતેષુ"- બધામાં મારા જેવો જ આત્મા છે તેવી ઉન્નત ભાવના વ્યક્તિમાં પોતાના લાભ માટે બીજાને નુકસાન પહોંચાડવાનું કાર્ય ન કરે તે જરૂરી છે. પરાવિદ્યાથી કેળવાયેલ વ્યક્તિમાં બીજા અન્ય જોડે મૈત્રી, કરુણા, મૃદિતા અને ઉપેક્ષા, માન-અપમાન સમાન, ઈર્ષ્યા નહીં, સુખ-દુ:ખ સમાન રહેશે. હવે જરૂર એ કે અપરા વિદ્યા ઉપર વિદ્યાનું નિયંત્રણ ઓછું હોય. આ સંદર્ભે શિક્ષક-પ્રશિક્ષણ તાલીમમાં પ્રાયોગિક ધોરણે આ બાબતે પૂન:વિચારણાની જરૂર છે.

સને ૧૯૬૪-૬૬માં કોઠારી કમિશને પોતાની ભલામણોમાં Holistic Education - સર્વાંગી શિક્ષણની વાત કરી હતી. તેમણે આઝાદ દેશના નાગરિકોમાં શારીરિક શિક્ષણ, બૌદ્ધિક શિક્ષણ, ભાવાત્મક શિક્ષણ અને આધ્યાત્મિક શિક્ષણની કેળવણી- તાલીમ પર ભાર મૂક્યો હતો. પરંતુ બદલાતી શિક્ષણની નીતિઓ નિયમોમાં આ શિક્ષણની સતત અવગણના થઈ, તાલીમ અપાઈ અને માત્ર અપરા વિદ્યાને પોષતા નિષ્ણાંતો તૈયાર થયા પરંતુ સાચા માનવો પેદા કરવામાં આપણે નિષ્ફળ નીવડ્યા છીએ. આજે તો આપણે સૌ માત્ર માનવ પ્રત્યે જ નહીં પરંતુ જગતના તમામ પ્રાણીઓ, પશુ-પંખી, જીવજંતુ, વનસ્પતિ તમામ તરફ સંવેદના ગુમાવી બેઠા છીએ - જે શિક્ષણ અને તાલીમ ક્ષતિગ્રસ્ત છે તેમ સૂચવે છે. વૈશ્વિક સમાજમાં કૌભાંડો, ભ્રષ્ટાચાર, આતંકવાદનું મૂળ આજના સમાજમાં વસતા લોકોની સંવેદનશીલતાનો અભાવ છે. આ રાક્ષસવૃત્તિ કાયદા-કલમોથી દૂર નહીં થાય, તેનો સાચો ઉપાય તો માનવીમાં - તેના ઘડતરમાં માનવતા પ્રગટાવી, સંવેદનાનું સિંચન કરવાથી થઈ શકશે.

શિક્ષણ અને શિક્ષક-પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં ગીતા, કુરાન, બાઈબલ, ઉપનિષદ અને Moral Lesson જેવા વિષયોની વાતો દાખલ કરવાની જરૂરિયાત છે. બિનસાંપ્રદાયિક શિક્ષણ માળખું, સમાજ વ્યવસ્થા સર્જવી પડશે તો જ સંવેદનશીલતા અને માનવતા પ્રવર્તમાન અને આવતી પેઢીમાં સર્જી શકીશું. આજની તાતી સમસ્યા ગરીબી હટાવવાની, ગ્રોથ વધારવાની, ટેક્નોલૉજી હસ્તગત કરવાની નહીં પણ માનવમાં સંવેદનશીલતા-આત્મજ્ઞાન પેદા કરવાની છે. આ કામ સાચા શિક્ષણવિદો જ તાલીમના માધ્યમથી કરી શકશે, તેમાં કોઈ શંકા નથી. શિક્ષણનું વેપારીકરણ કરનાર, શિક્ષણની હાટડીઓ ખોલી બેસનાર અપરા વિદ્યાના નિષ્ણાંતો આ લાવી શકશે નહીં. સમગ્ર શાળા-સમાજ-રાષ્ટ્ર-વિશ્વ જગતનું ઘડતર પ્રવર્તમાન શિક્ષણમા જૂના ઋષિમુનિઓની માફક કરવાની જરૂર છે, તે માટે આજના વિદ્યાધામોમાં ગુરુની શ્રેષ્ઠતા ફરી પૂરવાર કરવાની જરૂર છે. શિક્ષણ-કેળવણીનું સંન્યસ્ત લેનાર ગુરુઓ આ કામ નિષ્ઠાપૂર્વક કરી શકશે. તેમનામાં રહેલી નમ્રતા, ઋજુતા અને કાર્ય પ્રત્યેની નિષ્ઠા

તાલીમાર્થીઓમાં - વિદ્યાર્થીઓમાં અધ્યયન ગ્રહણશીલતાની ઊર્જાનું નવસર્જન કરશે, તે બાબતમાં કોઈ શંકા નથી. શિક્ષણના શાસકો, વ્યવસ્થાપકો, પ્રશિક્ષકો અને શિક્ષકોમાં આ ઉમદા ભાવના વિકસાવે તેવી તાલીમ એકવીસમી સદીના નાગરિકોમાં જીવન માટેની શ્રદ્ધાનો વિકાસ-આત્મવિશ્વાસ સર્જવામાં મદદરૂપ નીવડશે તેવી પરમકૃપાળુ પરમાત્માને અભ્યર્થના.

## Importance and Ways of Summary in Scientific Research Writing

**Dr. Sarika Chauhan**

**Teaching Assistant**

According to English Oxford Living Dictionaries, Summery means “A brief statement or account of the main points of something”. It is a reasonable unified whole. In simple words, a summary is a short version of a text which covers the main points and ideas of a text and usually written in your own words and style. The main aim of the summary is to convey the essential message accurately and concisely, in your own words. And the most important thing is that when you summarize other people’s work, you must acknowledge it.

Characteristics of Good Summary:

1. Remember summary is a shorter than a source.
2. It must be as faithful and objective as original.
3. It should be written in your own words and own style.
4. It is a reasonable unified whole.
5. It accurately and concisely represents the main ideas and points of the text.


Importance of Summary:

- Summarizing is a one of the most highly valued skill in any workplace.
- It is useful when you use other’s work to support your own ideas. I.e. for project work, assignments, research task etc.
- For cementing the learning or study, summary is essential key tool. It helps refreshes the information in your mind. It is also an important later memory refreshing activity.

Points to ponder while conducting Summary:

1. Read the text carefully. Start with the words to look for ‘Who, What, Where, When, How’.
2. Understand the text.
3. Purpose the text.
   a. Identify the author’s purpose.
   b. Identify your purpose to writing summary.
4. Select the relevant/suitable information from the text.
5. Highlight with marker/highlighter pen/taking notes/underlining them.
6. Find the main ideas from the marked text.
7. Delete the unimportant details, information, examples, illustrations, anecdotes etc.
8. Find and choose the alternative words, terms, synonyms, phrases, etc. Paraphrase the text.

9. At the same time remember not to change the specialized vocabulary, terminology, common words.
10. Introduce the author, article and main idea.
11. Change the grammar and structure of text.
12. Simplify the text. Just use your regular communication tone.
13. Acknowledge the author/someone's work and contributions.
14. Break up long and complex sentences.
15. Combine the Short sentences.
16. Rewrite summary be taking care of above steps.
17. Using conjunctions and adverbs such as 'so', 'therefore', 'since', 'although', 'hence', 'however' etc. to connect the relationships among ideas.
18. And last but not the least, Check your written summary, if…
    i. The meaning remains the same.
    ii. The purpose is clear.
    iii. You have acknowledged other's work properly.
    iv. You have written in your own style/words.




(ચિત્ર સ્રોત: https://www.epaperpdf.com/wp-content/uploads/2022/02/Sanskrit-Quotes-On-Study-01.png)

# શિક્ષણમાં સફળતા મેળવવાના સ્ત્રોતો

પટેલ સપનાબહેન હિરાભાઈ

સેમેસ્ટર: II

શિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. દરેક વ્યક્તિના જીવનમાં શિક્ષણ મહત્વનો ભાગ ભજવે છે. શિક્ષણ દ્વારા વ્યક્તિનો સર્વાંગી વિકાસ સાધી શકાય છે. પરંતુ દરેકના જીવનમાં શિક્ષણ શકય બનતું નથી. ધણા એવા વિસ્તારો જોવા મળે છે. જ્યાં હજુ પણ શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ૨૧ મી સદીમાં પણ એવા ઘણા વિધાર્થીઓ છે. જેમને શિક્ષણ પ્રાપ્ત થતુ નથી. આવી પરિસ્થિતિમાં પણ કેટલાંક વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવીને ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. શિક્ષણમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે કેટલાંક પ્રેરણાદાયી સ્ત્રોતો હોવાની સંભાવના રહેલી છે. આથી શિક્ષણમાં સફળતા મેળવવાના સ્ત્રોતો ક્યા-ક્યા છે તેની ચર્ચા અહીં કરવામાં આવી છે.

બાળક જન્મે છે ત્યારથી બાળકની બધી જવાબદારી તેના માતા-પિતા સંભાળે છે. તો તેનો પ્રથમ સ્ત્રોત માતા-પિતા બને છે. માતા-પિતા બાળકને જન્મથી મોટા થાય ત્યાં સુધી શિક્ષણ મેળવવા માટે આર્થિક રીતે અને માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવે છે. ત્યાર બાદ કુટુંબના અન્ય વ્યક્તિઓ જેવા કે ભાઈ-બહેન, કાકા-કાકી, દાદા-દાદી વગેરે વ્યક્તિઓ પણ શિક્ષણ મેળવવા માટે મદદરૂપ થાય છે. પછી બાળક શાળામાં જાય છે. ત્યારે શિક્ષકો અને મિત્રો દ્વારા પણ ઘણું બધુ શીખીને શિક્ષણમાં આગળ વધે છે. બાળક કોઈને કોઈ સમાજમાંથી આવે છે. તે જ સમાજના વ્યક્તિઓ પણ શિક્ષણમાં સફળતા મેળવવામાં મદદરૂપ બને છે. પછી બાળક મોટું થાય છે ત્યારે કૉલેજમાં પ્રવેશ મેળવે છે. ત્યારે પણ તેના મિત્રો અને અધ્યાપકો શિક્ષણ મેળવવામાં સહાયરૂપ નીવડે છે. ઘણા બાળકો કોઈ ફિલ્મ જોઈને અથવા કલાકારો, નામી વ્યક્તિઓથી પ્રભાવિત થઈને શિક્ષણ મેળવવામાં પ્રેરણારૂપ બને છે.

આ રીતે શિક્ષણમાં સફળતા પ્રાપ્ત કરવા માટે માતા-પિતા, શિક્ષકો, મિત્રો, કુટુંબના અન્ય વ્યક્તિઓ, અધ્યાપકો, ફિલ્મો, કલાકારો, નામી વ્યક્તિઓ વગેરે સ્ત્રોતો મદદરૂપ બને છે.

# ભારતરત્ન આંબેડકર

ટંડેલ પિયુષકુમાર મણીલાલ

સેમેસ્ટર: IV

યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિભવર્તિ ભારત:,
અભ્યુથાનમ ધર્મસ્ય તદાત્મનામ સૃજામ્યહમ.

ભગવાને ગીતમાં કહ્યું છે કે, જ્યારે જ્યારે ધરતી પર ધર્મની ગ્લાનિ થશે અને અધર્મની જ્યોત પ્રગટે ત્યારે હું ધર્મના રક્ષણાર્થે, યુગ પરીવર્તન કરે, સામાજિક ક્રાંતિ સર્જે અને પાપનો નાશ કરી સદધર્મની સ્થાપના કરે એવી પરમ ચેતનાનું સર્જન કરું છું.

અને તેથીજ તો જ્યારે માનવ સમજમાં અંધશ્રદ્ધા, અજ્ઞાન, અરજકતા અને અધર્મ જેવી અમાનુષી રૂઢીઓ દ્રઢ બની ત્યારે આવી રૂઢીઓ સામે શબ્દવેધી બાણ ચલાવવાની જરૂર ઊભી થઈ ત્યારે,

મહુ માહિ એક જ્યોતિ જલી, પિતા રામજી પાવન થયા:

ધન્ય જનની માતા ભિમા બાઈના કૂખે ધર્યો અવતાર.

અને એ મધ્યપ્રદેશની ઈન્દોર પાસેની મહુ નામની લશ્કરી છાવણીમાં ૧૪ એપ્રિલ, ૧૮૯૧ની મધ્યરાત્રિએ એક યુગ પુરુષનો જન્મ થયો અને તે યુગપુરુષ ભારતીય સમાજમાં ભારત રત્ન તરીકે પ્રકાશિત થયા અને તે ભારત રત્ન એટ્લે બાબા સાહેબ આંબેડકર.

અહી પ્રશ્ન થાય ભારત રત્ન એટ્લે શું? ભારત રત્ન એ ભારત દેશના સર્વોચ નાગરિક સન્માન પુરુષ્કાર છે. આ પુરુષ્કાર ૨ જાન્યુઆરી ૧૯૫૪થી

ભારત સરકાર દ્વારા આપવામાં આવે છે. આ ભારતરત્ન મેળવનાર ૪૫ નામોની યાદીમાં બાબા સાહેબ આંબેડકરનું નામ ૨૨માં ક્રમે સોનેરી અક્ષરથી લખાયું છે. બાબા સાહેબ આંબેડકરને ૧૯૯૦માં ભારતરત્નથી સન્માનીત કરવામાં આવ્યા. ત્યારે પ્રશ્ન થાય શા માટે બાબા સાહેબ આંબેડકર ભારતરત્નથી ઓળખાયા.

કારણ,

જેમ રત્નના વિવિધ પરિમાણો હોય છે તેવીજ રીતે બાબા સાહેબ આંબેડકરનું જીવન પણ બહુ આયમી હતું. જેમ કે, એક પ્રતિભાશાળી વિદ્યાર્થી એટલે આંબેડકર. ભીમરાવનુ જીવન ઘડતર અને સંસ્કાર વારસો તેના પરિવાર માથી જ પ્રાપ્ત થયો. તેઓ પ્રાથમિક શિક્ષણ માટે સતારાની શાળા માં દાખલ થયા. તેઓ મહાર જ્ઞાતિના હોવાથી શિક્ષણ મેળવવું ખુબજ કઠિન હતું. આભડછેદના કારણે વર્ગની બહાર બેસીને ભણવું પડતું, શિક્ષક તેનું લેશન તપાસે નહી, શિક્ષકને પ્રશ્નો પૂછી શકાય નહી, વર્ગના કાળાપાટિયા સુધી જઈ દાખલો ગણી ન શકાય. આવી પરિસ્થિતિમાં એક મહાર યુવક ૧૯૦૭માં મેટ્રિક થયા તેથી તે ભારતરત્ન છે.

તેઓ માનતા હતા કે માનવ જન્મને સાર્થક કરવું હશે તો જગતનું શ્રેષ્ઠ જ્ઞાન મેળવવું પડશે આથી તેમણે ઉચ્ચ જ્ઞાન મેળવવાની મહત્વકાંક્ષા પ્રબળ બનાવી. આ સમયે મહારાજા સયાજીરાવ ગાયકવાડની સરકારે જાહેરાત કરી કે વિદેશમાં અભ્યાસ માટે ચાર વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવામાં આવશે. આ સમાચાર સાંભળી બાબા સાહેબ આંબેડકર સયાજીરાવ ગાયકવાદને મળવા ગયા. મહારાજ તેમની બુદ્ધિ પ્રતિભાથી પ્રભાવિત થઈ ને પ્રશ્ન કરે છે કે ભીમરાવ અભ્યાસ કરીને તમે શું કરશો? ત્યારે ભીમરાવ કહે છે કે મહારાજ આ સમાજ દુ:ખ થી પીડાય રહ્યો છે તેથી હું વધુ અભ્યાસ કરી સમાજ સુધારનું કાર્ય કરીશ.

તેથી તો કહેવાય છે કે,

લહેરો સે ડર કર નૌકા પર નહી હોતી,
કોશીશ કાર ને વલો કી કભી હાર નહી હોતી.
હરિવંશરાય બચ્ચન

જે વિદ્યાર્થી વર્ગના કાળા પાટિયા સુધી ન પહોચી શકતો હતો તે વિદ્યાર્થી ૧૯૧૩માં મહારાજા પાસે શિષ્યવૃતિ મેળવી અમેરિકની કોલમ્બિયા યુનિવર્સિટીમાં પહોચી વિવિધ વિષયોમાં પરંગતતા પ્રાપ્ત કરે છે જે વિદ્યાર્થીએ વર્ગની બહાર બેસીને શિક્ષણ મેળવ્યું તે વિદ્યાર્થી વિશ્વ પ્રસિદ્ધ યુનિવર્સિટી માથી ૧૯૧૫માં M.A. અને ૧૯૧૬માં Ph.D. જેવી બે મહત્વની ડિગ્રીઓ એક વર્ષના સમય ગાળામાં પ્રાપ્ત કરે તેથી તે ભારતરત્ન છે. જે વિદ્યાર્થીનું લેશન તપાસવામાં ન આવ્યું તે બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા કોલમ્બિયા યુનિવર્સિટીમાં સ્થાયી છે અને ત્યાંના અધ્યાપકો આજે પણ ઈર્ષાથી કહે છે કે અમારે આ વિદ્યાર્થિની પ્રતિમા બદલવી છે પરંતુ આજ સુધી ભીમરાવ આંબેડકર જેવા તેજસ્વી વિદ્યાર્થી એમને મળ્યા નથી. આ છે ભારતરત્ન આંબેડકર.

તેઓ કહે છે,

અમે છે દરિયો અમને અમારું કૌશલ્ય ખબર છે
જે તરફ નિકળી જઈશું ત્યાંજ રસ્તો બનાવી લઈશું.

આજ પંક્તિ બાબા સાહેબ આંબેડકરના જીવન સંઘર્ષનું પ્રતિક છે, તેમણે પોતાનું સમગ્ર જીવન ભારતના કલ્યાણ માટે ખર્ચી નાખ્યું તેઓ મહાર જ્ઞાતીના હતા તેથી દલીતોની વેદના અને વ્યથાના તેમને જાત અનુભવ હતા, આ સમયે શુદ્રોની સ્થિતિ દયાજનક હતી આભડછેટના કારણે શુદ્રો અક્ષર જ્ઞાન પ્રાપ્ત ન કરી શકતા, ગામની બહરજ વસવાટ કરું પડતું, ખાવાનું ન મળે તેથી મળેલા ઢોરનું માસ ખાવું પડતું એટલુજ નહીં પરંતુ શુદ્રોના પગલાં ઉપર સવર્ણોના પગલાં ન પડે માટે ઝારૂ બાંધીને ચાલવું પડતું વગેરે જેવી પરિસ્થિતી માં બાબા સાહેબ આંબેડકર શુદ્રોને સૂર્યવંશી નામ આપી આહવાન કરે છે કે, જે દલિત સમાજમાં હું જન્મ્યો છું એ દલિત સમાજ ઉપરના અમાનવીય, અન્યાયી અને અત્યાચારો દૂર કરીશ અને એમાં જો હું નિષ્ફળ નિવડીશ તો બંદૂકની ગોળી વડે મારા દેહનો અંત આણીશ, અને એજ દ્રઢ સંકલ્પથી ૧૯૨૦માં 'મુકનાયક' નામનું પાક્ષિક શરૂ કરે છે તથા ૧૯૨૪માં 'બહિસ્કૃત હિતકરિણી' નામની સભાની સ્થાપના કરી દલિતોના શિક્ષણ, સંસ્કાર, સામાજિક જાગૃતિ અને આર્થિક વિકાસની યાત્રા આરંભી. નાગપુરની દિક્ષા ભૂમિ માં ૬ લાખ દલિતો સાથે બૌધ ધર્મનો અંગીકાર કરી દલિતોનો ઉદ્ધાર કરે છે. અને તેથી બાબાસાહેબ આંબેડકર દલિતોના મશીહા છે, તેઓ માત્ર દલિતોનાજ નહીં સમાજના દરેક વર્ગના

મસીહા હતા અને તેથી તે ભારત રત્ન છે. એમના આહવાન ને યાદ કરતાં કહેવાય છે કે,

અમને નાખો જીંદગીની આગમાં આગને પણ બદલીશુ બાગમાં,

શર કરીશું સઘળા શિખરો મૌતને પણ આવવાદો લાગમાં.

બાબા સાહેબ આંબેડકર સ્ત્રીને સમાજનું આભુષણ ગણાવી સમાજમાં ઉચ્ચ સ્થાન આપ્યું છે, તેઓ કહે છે કે કોઈપણ સમાજના ઉત્થાન અને પતનની પરાશીશી જોવું હોય તો તે સમાજની નારીનો વિકાસ જોઈ લેવું, તેથીજ તો સ્ત્રીના ઉત્થાન માટે સંવિધાનમાં કેટલીક ભલામણો કરી સ્ત્રીને ઘરની ચાર દીવાલો માંથી અવકાશની યાત્રા સુધી લઈ ગયા છે અને જે આજે આપણે ladies first ladies firstનો નારા લગાવી રહ્યાં છે તેના બીજ બાબા સાહેબ આંબેડકરે રોપ્યા તેથી તેઓ આજે ભારતરત્ન છે.

તેઓ કહે છે કે, ગુલામીની લાંબી જિંદગી જીવવા કરતાં આઝાદીનું ક્ષણિક જીવન જીવવું સારું. ૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયો તેમાં પણ બાબા સાહેબ આંબેડકરનું પ્રદાન રહ્યું છે પરંતુ આઝાદ ભારત સામે બે મોટા પડકારો હતા, એક તો અખંડ ભારતની રચના કરવી અને બીજું સંવિધાન ઘડવું જેમાં સરદાર પટેલ જેવા મહાન વ્યક્તિએ ૫૬૨ દેશી રજવાડાઓ એક કરી અખંડ ભારતની રચના કરી અને બીજું સંવિધાન ઘડતરનું મહાન કાર્યનું સુકાની પદ બાબાસાહેબ આંબેડકરે સંભાળી માત્ર ૨ વર્ષ ૧૧ માસ અને ૧૮ દિવસમાં જ બંધારણ ઘડી ભારતને સમર્પિત કર્યું, અને અખંડ ભારતના ખંડિત સમાજને એક સૂત્રમાં બાંધી ઐક્ય સાધ્યું, અને આજે જે આપણે બધા એક પાટલી પર બેસીને સિક્ષણ લઈ રહ્યા છે તેનું એક કારણ બાબા સાહેબ આંબેડકર છે અને તેથી તેઓ ભારતરત્ન તરીકે જાણીતા છે.

ભારતીય બંધારણના પિતા બાબા સાહેબ આંબેડકર એક પ્રખર કાયદાશાસ્ત્રી ,એક તત્વચિંતક, એક રાજનેતા, ઈતિહાસકાર, અર્થશાસ્ત્રી તથા વિવિધ વિષયોના જ્ઞાતા હતા અને તેથી તે ભારતરત્નથી જાણીતા છે.

## શિક્ષકની ખુશી....

**વછીયાત ફરહીનબાનુ મોહમ્મદ અફઝલ**

**સેમેસ્ટર: II**

વિદ્યાર્થી આવતાની સાથે જ તેના શિક્ષકને સુપ્રભાત કહે,
તે એક શિક્ષકને ખુશી આપે છે.
જમતા પહેલા વિદ્યાર્થી તેના શિક્ષકને જમવાનું આપે,
તે એક શિક્ષકને ખુશી આપે છે.
જતાં પહેલા વિદ્યાર્થી તેના શિક્ષકને 'આવજો' કહે,
તે એક શિક્ષકને ખુશી આપે છે.
શાળાથી ઘરે જતાં વિદ્યાર્થી રસ્તામાં શિક્ષકની રાહ જુએ,
તે એક શિક્ષકને ખુશી આપે છે.
તેમની ખુશી અને ચિંતા સૌથી પહેલા શિક્ષકને જણાવે,
તે એક શિક્ષકને ખુશી આપે છે.
વિદ્યાર્થી શિક્ષકથી રિસાઈને ફરી માની પણ જાય,
તે એક શિક્ષકને ખુશી આપે છે.

## વતન

**પટેલ હેતલબેન રમેશભાઈ**


**સેમેસ્ટર: IV**

વતન કેરી ધરાનું ઋણ છે ઘણું
નાનાથી થયા મોટા, વતન કેરી ધરામાં
પગ પડે ત્યાં હૈયામાં સ્મરણો ફૂરે
ફરી થયા તાજા વતન કેરા વૃક્ષો
ગામ, ઘર, નિશાળ હવે થયા બીજાના
મારું મારું કરતાં તાં તે થયું હવે પારકું
શૈશવ કેરા સ્મરણો હૈયામાં થનગને
કાળની થપાટમાં શૈશવ ગયું દબાઈ
છે જિંદગીનો મુગ્ધ સમય શૈશવ
એ ધરતીની રેતી છે અમૃતસમી
‘વતન’ ‘વતન’ ‘વતન’ ઋણ ઘણું તારું.

શાહ પિનાબેન ઉત્તમભાઈ સેમેસ્ટર: IV



પટેલ શૈફાલી ભગુભાઈ સેમેસ્ટર: IV



## સંવાદ

પટેલ પ્રિયંકાકુમારી નવિનભાઈ

સેમેસ્ટર: II

વૃક્ષના પાંદડાએ પવન સાથે,
ફરફર આવાજે કરેલો સંવાદ
પુષ્પની આજુબાજુ ફરતા,
પતંગિયા એ કરેલો સંવાદ
મોરલાના ટહુકાએ,
વરસાદ સાથે કરેલો સંવાદ
પર્વતના એ ખળખળ વહેતા,
ઝરણાએ કરેલો સંવાદ
સમુદ્રની લહેરોએ,
કિનારા સાથે કરેલો સંવાદ
તાલીમાર્થીનો અધ્યાપન દરમિયાન ,
અધ્યાપક સાથે કરેલો સંવાદ
સંવાદને વાંચનારા તમામ મિત્રોનો,
શિક્ષણ વિભાગ સાથેનો સંવાદ !

## એવું જીવવું છે...

મલેક મુનિશાબાનું ઉસ્માનભાઈ

સેમેસ્ટર: II

કોઈ સુખમાં નહીં પણ દુ:ખમાં યાદ કરે
એવું જીવવું છે,
જીતનારની સાથે નહીં પણ હારેલાની પડખે ઊભી રહું
એવું જીવવું છે,
કોઈને હસાવી ન શકું તો કાંઈ નહીં પણ રડાવુ નહીં
એવું જીવવું છે,
પૈસાદાર નહીં પણ હૃદયથી ધનવાન બનું
એવું જીવવું છે,
માત્ર માણસની નહીં પણ બીજા સજીવ પ્રત્યે માયા રાખું
એવું જીવવું છે,
કોઈના દુ:ખનું નહીં પણ ખીલેલા સ્મિતનું કારણ બનું
એવું જીવવું છે,
નામ,જાતિ કે ધર્મથી નહીં પણ માનવતાથી ઓળખાઉ
એવું જીવવું છે,
ડીગ્રી નહીં પણ મારા કાર્યો અને વિચારોથી મહાન બનું
એવું જીવવું છે.

## દુનિયાનો સ્વાર્થ

પટેલ રાધાબેન આનંદભાઈ

સેમેસ્ટર: II

દુનિયામાં કોઈનું કોઈ નથી,
દુનિયામાં કોઈનું કોઈ નથી,
જીવનની હકીકત છે માનવી,
જગજીવન દુનિયા સ્વાર્થથી ભરેલી,
માનવી ચેતીને ચાલજે,
આવશે ઘણી મુશ્કેલીઓ,
જગતમાં એવા કર્મો તું કરજે,
દુનિયામાં કોઈનું કોઈ નથી,
દુનિયામાં કોઈનું કોઈ નથી.

કેપ્ટેન વિશ્વમોહિનીબહેન મોહનલાલ સેમેસ્ટર: II



## હાઇકુ

વસાવા દિપીકાબેન ચંદ્રસિંહ

સેમેસ્ટર: II

વાચા આપતા
પ્રફુલ્લિત કરે છે
બોલકા વેણ.

શિક્ષણ રૂપી
કોલાહલમાં જ્ઞાન
ઝળહળ્યું.


સમરસતા
છતાંયે માનવતા
ન મહેકતી.

પ્રીત નવી છે
પ્રતીક એક જ છે.
તાજમહેલ.

અદ્વિતીય જે
છે તે અવર્ણનીય
માની મમતા.

આહલાદક
પ્રકૃતિની ગોદમાં
અદભુત રસ.

જવું છે દૂર
સમય ચાલ્યો
ખબર નથી.




(ચિત્ર સ્રોત: https://www.indiatoday.in/education-today/featurephilia/story/10-quotes-education-326338-2016-05-30)

## કેમ?


વસાવા મનિષાબેન સુરજીભાઈ

સેમેસ્ટર: II


જીવન એક મધુર મય તાલ,
જેને ગાવાનું હું પસંદ કરું,
કયારેક આકાશમાં ઉડતાં પક્ષી જેવું,
તો કયારેક ધરતી પર સરકતા સાપ જેવું, તો
જીવનનાં ઉતાર-ચઢાવ વચ્ચે ઝુલ્યાં કરુ કેમ ?
કરું છું કાંઈક બીજુ અને થાય છે કઈક અલગ,
મુખ પર સ્મિત ચાહું છું, દેખાય છે નિરાશા,
હું મારા પર નિર્ભિંત છું, છતાં બીજાનું અવલોકન.
જીવનનાં ઉતાર-ચઢાવ વચ્ચે ઝુલ્યા કરું કેમ?
જગ ખોટું છે, એની મને જાણ છે,
છતાં આશા સાચુ હોય એવી શા કારણે ?
કરે દંભ લોકો તો હું કેમ ધકેલાવ,
મારે તો જીવનને જીવવું છે સંપૂર્ણ, તો
જીવનનાં ઉતાર-ચઢાવ વચ્ચે ઝુલ્યા કરુ કેમ ?
હું એક જ માત્ર છું, જે મને જોઈ શકે તો,
બીજાનાં જવાબની રાહ શા માટે?
મારા પ્રશ્નો શોધવાની જરૂર મને શા માટે?
થઈ જશે એવું મારું મન હંમેશા વાગોળે,તો
જીવનનાં ઉતાર-ચઢાવ વચ્ચે ઝુલ્યા કરુ કેમ?

## તમે


ટંડેલ રવિનાબહેન પરભુભાઈ

સેમેસ્ટર: II


મળ્યા તમે અને આનંદ અમોને થાય,
છોડી જશો અમોને ધડકન અમારી રૂકી જાય,
નથી કંઈ થયો સંજોગ એમ જ અમસ્થો,
તમે મળો એ દિન અમારે ઉત્સવ બની જાય,
નથી બનતો એ દિન ઉત્સવ કંઈ એમજ,
જોઈ સ્મિત તમારું ને બંદગી થઈ જાય,
નથી જોયાં ક્યાંક ખુદાને મેં મંદિરમાં,
જોવ ચહેરો તમારોને ઝાંખી એની થઈ જાય,
કયાં કંઈ મળો છો કોઈ દિન એમ જ તમે,
હુકમ થાય એનો સંજોગ આપઆપ બની જાવ,
નથી થવું ગુસ્સે તમારા પર છતાં થઈ જાવ છું,
મળે સ્મિત તમારું, દુનિયાનું દુઃખ ભૂલી જાવ,
નથી કંઈ ગમતા અમોને આપ એમ જ દોસ્ત,
મુખ જોઈ કુદરતની રીત ભૂલી જાવ છું,
નથી કહેતી કે રહો જીંદગીભર સાથ અમારે,
જોઈ એક પળ તમોને ધન્ય થઈ જાવ છું.


પટેલ શૈફાલી ભગુભાઈ સેમેસ્ટર: IV




## દુનિયા છે રંગો ભરી

રાઠોડ હેમંતભાઈ નન્નુભાઈ

સેમેસ્ટર: IV

દુનિયા છે રંગો ભરી, રંગવાનુ મન થાય
ક્યારેક જોવું હું આકાશ ભણી, તો ઊંચા ઉઠાવનું મન થાય
ફૂલોને ખીલતાં જોઈ, હસવાનું મન થાય
દુનિયા છે રંગો ભરી...

પંખીને ઉડતા જોઈ, ઊડવાનું મન થાય
ખળખળ વહેટતી નદી જોઈ, કૂદવાનું મન થાય
દુનિયા છે રંગો ભરી...

મોર, કોયલના ટહુકા સાંભળી, ગાવાનું મન થાય
કુદરતે બનાવી છે સુંદર દુનિયા, જીવવાનું મન થાય
દુનિયા છે રંગો ભરી...

## મૂંઝવણ

ટંડેલ પ્રિતીબેન રાજેશભાઈ

સેમેસ્ટર: II

એવું લાગે છે કે બધુજ મળી ગયું છે. પરંતુ
તેને અનુભવુ છું, ત્યારે થાય છે કે
કંઈ જ મળ્યું નથી.........
એવું લાગે છે કે બહુ ખુશ છું પરંતુ
અંતે તો મનમાં નાખુશી જ
અનુભવુ છું.......
કહેવું એમને ઘણુ બધું છે.
પરંતુ તેને કહી શકતી નથી........
મનમાં તો બહુ મૂંઝવણો અનુભવુ છું પરંતુ
એ મૂંઝવણોનો રસ્તો શોધી શકતી નથી....
એક ક્ષણે એવું થાય કે એ મારા માટે છે.
પરંતુ બીજી જ ક્ષણે અનુભવુ કે એ મારા માટે નથી....
અંતે મનને આશ્વાસન આપવા માટે
પોતાની જાતને જ સમજાવું છું.....

## WHAT I AM !

પારખેતીયા મોહમ્મદસુહેલ

સેમેસ્ટર: II

ઘણા વર્ષો પહેલા મારાથી એક ખૂબ મોટું અને મહત્વનું પગલું લેવાયેલું , એ કેટલા અંશે સફળ થયું કે કેટલું નિષ્ફળ થયું તેનો હું આજ સુધી વિચાર કર્યા કરું છું. મારા જ અંશ માંથી પૃથ્વી પર માનવજાતને મોકલી , તેની સાથે-સાથે ઘણી બધી તેમના માટે સુવિધાઓ પણ ઉભી કરી. વૃક્ષો , જળાશયો , તેમને અનુકૂળ આવે એવું તાપમાન , પાણી , વિવિધ અન્ય સજીવો , પ્રાણીઓ , પક્ષીઓ , જમીન , હવા , આકાશ , અને બીજી ઘણી બધી.........

હું એકલો હતો ઘણા વર્ષોથી , મને થયું મારા જ અંશમાંથી થોડી રચના કરું એટલે આ પગલું ભર્યું . આ રચના કર્યાના આજે ઘણા વર્ષો વીતી ગયા છે. ત્યારે મને મારો લીધેલો એ નિર્ણય પર મને દુ:ખ થાય છે કે કદાચ એ પગલું ના ભર્યું હોત............ તો સારું હતુ .

માનવ ને મોકલવા પાછળનો મારો હેતુ કઈક જુદો હતો પણ કદાચ એ હેતુ માનવ સુધી પહોચાડવામાં હું નિષ્ફળ ગયો છું. માનવને મોકલવા પાછળનો મારો ઉદ્દેશ એ હતો કે તેઓ એકબીજા સાથે મળીને તેમના દુ:ખ-સુખમાં સાથે રહી , એકબીજાની મદદ કરે , એકબીજા ના સહકારથી આ દુનિયાને ચલાવે અને અન્ય પણ ઘણી બાબતો હતી . પણ આ માનવે મારા એ તમામ વિચારો , કલ્પનાઓ પર કુહાડી ફેરવી આપી છે.તમે જાણી ગયા હશો હું કોણ છું! મારા આ માનવે જ ઘણા નામો આપ્યા છે અલ્લાહ , ઈશ્વર , ભગવાન , ખુદા , GOD , ગુરૂ , પરમેશ્વર .......... હા , હું એ જ છું. માનવ માટે મેં કરેલી તમામ રચનાઓની પરિસ્થિતિ જોઈ આજે મને ખૂબ જ દુ:ખ થાય છે. આજે એટલા માટે જ મારું આ દુ:ખ કોઈક માનવ સાંભળે અને તેમને જ મદદ કરે એ માટે જ મારી વાત તમને જણાવુ છું . માનવ ની અંદર પણ ઘણા ગુણો મુક્યા હતા , ખબર નહી તેમનામાં અમુક જ ગુણો બાકી રહ્યા છે , જયારે બીજા તો અદ્રશ્ય જ થઇ ગયા છે.પ્રેમ , લાગણી , સહાનુભુતિ

, કરુણા , બીજાને મદદ કરવી ....... મને યાદ છે ત્યાં સુધી આ બધા ગુણો પણ મુક્યા હતા , પણ માનવને હું સમજી નથી શક્યો , તેણે કઈ ટેકનોલોજી વડે એ ગુણોને delete કરી નાખ્યા એ હું પણ શોધી રહ્યો છું . જયારે હવે તેનામાં માત્ર ઈર્ષ્યા , ગુસ્સો , એકબીજા નો હક માળી લેવો , એકબીજામાં નફરત પેદા કરવી , કોઈક ને મદદ કરવાને બદલે તેનો પગ ખેચવામાં જ બધા લાગેલા છે . મને આ બધું જોઈ ખરેખર ખૂબ જ તકલીફ થાય છે . માનવ માટે જ બનાવેલ વિવિધ રચનાનો એણે એટલો બેફામ ઉપયોગ કરવા માંડ્યો કે તેને બીજા જીવો તરફ જોવાનો પણ સમય નથી. વૃક્ષોની દશા જોઈ સહજ વિચાર આવે છે કે આ રચના કેવી હતી અને હાલમાં કેવી થઇ ગઈ છે . પાણી.... તેમના જીવન માં પાણી જેટલું મહત્વ કદાચ કોઈ વસ્તુનું નથી આ જાણતા હોવા છતાં આજે ૯૦ ટકા નદીઓ , જળાશયો ગટરનું કામ કરે છે . અને સહેજ હસવુ તો ત્યારે આવે છે જયારે પવિત્ર અને સ્વચ્છ પાણીને ગટરમાં ફેરવી અને તેમાંજ આ માનવો તેમના પાપ પણ ધોવા જાય છે . જમીન..... તેમના માટે ખોરાકની સુવિધા પણ ઉભી કરી હતી , પણ તેનામાં લાલચની વૃત્તિ એટલી પ્રબળ બની ગઈ કે વધારે ને વધારે મેળવવાની લાલચમાં એટલી જંતુનાશક દવાનો ઉપયોગ કરવા માંડ્યો કે હવે એ જમીન પણ પથ્થર બનવા લાગી છે . હવા..... માનવ કદાચ હવા વગર ૫ મિનીટ પણ નથી જીવી શકતો આ જાણતો હોવા છતાં તેણે હવાને પણ બાકી રહેવા દીધી નથી , કારખાના ઉભા કરીને એટલું પ્રદુષણ કર્યું છે કે આવનારા અમુક વર્ષોમાં હવા માટે પણ કદાચ આ માનવો યુધ્ધો કરશે . પાણી , જમીન માટે તો તેમણે લડવાનું શરુ કરી જ દીધું છે . માનવની રચના કરીને માત્ર તેની પરીક્ષા લેવા માટે તેને પૃથ્વી પર મોકલ્યો હતો , મેં તેનું ભવિષ્ય કે તેનું નસીબ જાતે લખ્યું નથી , આ બે વસ્તુ મેં માનવના હાથમાં જ આપી છે છતાં એ માને છે કે તેનું ભવિષ્ય મેં જ લખેલું છે . મારા વડે જ જો તમામ માનવોનું ભવિષ્ય લખાયેલું હોત તો હું શું કામ તેમના નસીબમાં લડાઈ-ઝઘડા , લૂંટમાર લખ્યું હોય? હું શું કામ તેમને મારી જ રચના નો નાશ કરવા માટે પ્રેરું? હું શું કામ તેમને તેમના જ સગા-વહાલા સાથે લડાવું? હું શું કામ કોઈ મારી દીકરીની ઈજ્જત લુંટવાનું તેના નશીબ માં લખું? આમ , તો ઘણા પ્રશ્નો છે છતાં હું મારા મનમાં જ તેને સમાવી રાખું છું .

માનવ માત્ર મંદિર, મસ્જીદ , ચર્ચ કે ગુરુદ્વારમાં જ મને શોધે છે. તેને કદાચ એમ લાગે છે કે હું માત્ર ત્યાં જ રહું છું. જયારે મને તો નાના બાળકની સાથે રમવું ગમે છે, મને એ તડકામાં કામ કરતા મજુરની સાથે રહેવું ગમે છે, મને એ વૃક્ષના છાયડા નીચે ખેતરમાં કામ કરીને આરામ કરતા ખેડૂત પાસે રહેવું ગમે છે, મને એ પિતા સાથે વાત કરવું ગમે છે જે તેના પરિવાર માટે તેના પરિવાર ને છોડી કામ કરવા માટે ઘણે દુર સુધી એકલો જાય છે, મને એ વ્યક્તિઓ સાથે મળવાનું ગમે છે જે પોતાની મહેનત નું કમાયને પોતાનું પરિવારનું ગુજરાન કરાવે છે, મને એ મૂંગા પશુઓ સાથે ફરવાનું ગમે છે, મને સવારમાં ખૂબ જ ઊત્સાહથી ગીતો ગાતા પક્ષીઓ સાથે ગીત ગાવું ગમે છે, પણ અફસોસ માનવ મને માત્ર મંદિર-મસ્જીદ માં જ શોધ્યા કરે છે.

ઘણી વાર આ માનવો મારી પાસે આવે છે. તેમની તકલીફો અને સમસ્યાઓ લઈને જ્યાં એ લોકો માને છે કે હું અહી રહું છું ત્યાં... તેઓ સાથે મળીને નમાજ - પૂજા - મને યાદ તો કરે છે પણ બહાર નીકળતાની સાથે જ તેઓ એકબીજાની બુરાઈઓ કરવામાંથી બહાર નથી આવતા. એક ગરીબનો હક મારતા તેમને સહેજ પણ ખચકાટ થતો નથી. આ માનવો મને યાદ કરે છે ત્યારે આકાશ બાજુ ઉપર જોવે છે, શું હું માત્ર આકાશ માં જ છું ! ઘણી વાર હું કેટલાય પ્રશ્નો મારી જાતને જ પૂછ્યા કરું છું. અહી બધાને મેં વિચારવા અને સમજવા માટે મગજ તો આપ્યું છે પણ કદાચ આ લોકો તેને વાપરવા જ નથી માંગતા. માત્ર અમુક લોકોના વિચારોને તેઓ પકડી તેના પર જાતે કઈ પણ વિચાર્યા વગર આંધળુ અનુસરણ કરવા લાગે છે.

ઘણી વાર આ માનવ પોતાની જૂઠી પ્રસંશા થી ખુસ થઇ જાય છે, લોકોને સારું લાગે એ માટેના વર્તનો તેની આખી જીંદગી પૂરી થાય ત્યાં સુધી કર્યા કરે છે અને તેની જાત ને તે જીવવાનું જ ભૂલી જાય છે. એક એવા સમાજનું સર્જન આ માણસે કર્યું છે કે જ્યાં લોકો જૂઠા નીતિ-નિયમો બનાવીને બેઠા છે. ખરેખર ઘણી વાર મને થાય છે કે પૃથ્વી પર જઈ આ લોકોને સમજાવું, પરંતુ  મને પણ આ માનવ વેચવા લાગ્યો છે તેથી હું રોકાય જાવ છું. મારા નામ પાછળ આ માનવો ધંધા ખોલીને બેઠા છે. માનવો ને સાચો રસ્તો મળે એ માટે મેં કુરાન-ગીતા-બાઈબલ મુક્યા છે છતાં તેઓ માત્ર તેને વાચી કાઢે છે તેના

પાછળનો મારો ઉદ્દેશ તો તેઓ જાતે જ બનાવી કાઢે છે. આ માનવે તો મારા પણ ભાગ પાડી દીધા છે. અને એને સાચવવા માટે તેના હાથ બહારના કામો પણ તે કરવા લાગ્યો છે. હું માનવ જાતનો સર્જનહાર છું તો શું હું મારી જાતની રક્ષા જાતે ન કરી શકું ? શું હવે માનવો મને સાચવશે !

આ ધર્મની સીમાઓ એવી બનાવી દીધી છે કે માનવ માનવની સાથે એક પ્રાણી જેવો વ્યવહાર કરતો થઇ ચુક્યો છે. કોઈ તેના જીવનની અત્યંત પીડાજનક પરિસ્થિતિમાં હોય તો પણ માનવ પહેલા તે ક્યાં ધર્મનો છે એ જોવાનું શરુ થઇ ચુક્યું છે. શું કુરાન-ગીતા-બાઈબલ માં મેં આવી કોઈ બાબત દર્શાવી છે ? અકસ્માતના સમયની હું વાત કરું છું. મને ખૂબ જ તકલીફ થાય છે.

'સર્વ-ધર્મ-સમભાવ' ઘણા લોકો પાસેથી આ વાક્ય સાંભળ્યું છે, છતાં તેમનું હું અવલોકન કરું છે ત્યારે તેઓ પણ માત્ર દેખાવો કરે છે એવું મેં જાણ્યું. માનવો આજે તેમના ત્રણ-ચાર રૂપો ધારણ કરીને ફરે છે, તેઓ ક્યારે કયું રૂપ ધારણ કરી લે એ હું પણ જાણી નથી શક્યો. છતાં મને ઘણી વાર આનંદ પણ થાય છે કે આ માનવ સમુદાયમાં સારા અને મને ગમે છે એવા માનવો પણ છે. જેઓ ખરેખર મારા વિચારો અને ઉદ્દેશોને સાથે લઈને ચાલે છે. તેમના કારણે જ કદાચ આ મારી બનાવેલી ધરતીમાં થોડી ગણી ઈન્સાનિયત બાકી રહી છે. તેમના પર કદાચ ખુબ જ તકલીફો આવે છે છતાં તેઓ હસતા મોઢે તેનો સ્વીકાર કરે છે. તેઓ મારી પાસે કઈક પણ માંગવાના બદલે માત્ર એટલું જ કહે છે, જો તું મારી સાથે રહીશ તો હું આ તકલીફોને પણ જીતી લઈશ. તેમના પર કોઈ દયાભાવ દાખવે તેવું તેમને સ્વીકાર્ય નથી. તેઓ મને માત્ર એટલું જ કહે છે 'મને મારી ક્ષમતા ન હોય તે કોઈ પણ વસ્તુ આપ નહિ, પહેલા મને તે કોઈપણ વસ્તુ માટે સક્ષમ બનાવજે, અંતે જ હું તે સ્વીકારીશ' આવા માનવોની સૌથી નજીક હું રહું છું. તે મફતનું કોઈનું છીનવી લેતા નથી અને જે તેમનું છે તેને તે લઈને જ જંપે છે.

માનવો મને પામવા મને શોધતા ફરે છે. પણ શા માટે હું આવા માનવને મળું ! જે માનવ સાથે જ માનવ બની રહી શકતો નથી એવા લોકોથી મને નફરત છે. જે મારા નામનો આશરો લઇ માનવો વચ્ચે તિરાડો બનાવે છે એવા માનવોને હું ક્યારેય મળવાનું પસંદ નહી કરું. કુરાન-ગીતા-બાઈબલ તમામ માં મારો સૌથી મોટો ઉદ્દેશ શાંતિ-સત્ય-પ્રેમ-એકતા-અહિંશા જેવી બાબતો પર પ્રકાશ પાડયો છે, છતાં મને સાંભળવા તેઓ તૈય્યાર નથી. તેઓ મારા જ કોઈ એક સ્વરૂપને સાચો માને છે અને બીજા સ્વરૂપોનો સ્વીકાર કરવા જ તૈય્યાર નથી. અને વધારે દુ:ખ તો ત્યારે થાય છે જયારે તેઓ તેમના જ ઈશ્વર-ખુદા સાચા છે એવો ભાવ લઇ એકબીજા સાથે અથડાય છે. હું તે તમામને આજે કહેવા માંગું છું સૌથી પહેલા મારી જાતને તમે ઓળખવાનો પ્રયત્ન કરો, તમને જે પરાણે ધર્મ વિશેના વિચારો માન્યતાઓ માંથી તમને આપેલા મગજ પાસે થોડું કામ કરાવો. ખરેખર તેમાં કેટલું સત્ય રહેલું છે એ તમે જ જાતે નક્કી કરો. મારા માટે જ જો તમે કોઈ કાર્ય કરો છો તો એટલું જરૂરથી ચકાસી લેજો કે મારો જ કોઈ માનવને તેનાથી તકલીફ ન પડે. જો તમે કોઈ કામ મને સારું લાગે એ માટે કરો છો તો રોકાય જાજો, મને તમારા કોઈ પણ કાર્યની જરૂરત નથી પણ જો તમે તમારી ખુશી માટે એ કામને કરો છો તો મને તેનો ઘણો આનંદ મળશે.

સૌથી વધારે માનવો આ ધર્મની સીમાઓ ને કારણે હણાય છે, જેમાં કેટલાય નિર્દોષ જીવો પણ તેમના કારણે નાશ પામી રહ્યા છે. એક ધાર્મિક સંઘર્ષમાં કેટલાય કુટુંબો વેરાય જાય છે, કેટલાય નાના માસુમ બાળકો પરથી તેમના માતા-પિતાનો આશરો છીનવાય જાય છે. કેટલાય લોકો તેમના ઘર વિનાના થાય છે.આવા ભોગ બનેલા નાના બાળકના ભવિષ્યની મને ખૂબ ચિંતા થાય છે. છતાય હું લાચાર કઈ કરી શકતો નથી. શું આ લોકો મારા માટે આવા કાર્યો કરે છે ! આવા કાર્યો કર્યા પછી શું હું તેમને મળવાનો ?

એક જ દેહના અલગ-અલગ ભાગોના પણ માનવે ભેદ પાડી દીધા છે, તેનો એક હાથ સારો છે તો બીજો હાથને તે કદાચ સારો માનતો નથી. મંદિર-મસ્જીદ માં પ્રવેશતા તે જમણો પગ પહેલા મુકે છે. જયારે મને જમણા કે ડાબા પગના પ્રવેશ થી કઈ પણ વાંધો નથી.

મારા માટે તમામ મારા બનાવેલા જ સમાન છે હું તમામ માટે એક જ છું. પણ કદાચ તમે હજુ પણ આ વાતને સ્વીકારશો નહી. આમતો ઘણું કહેવું છે છતાં મને લાગે છે હજુ તમે એ તમામ બાબતોને સાંભળવા માટે તૈય્યાર નથી. છતાં બીજી કોઈ એવી ક્ષણે ફરી હું હાજર થઈશ.

## હું એક શિક્ષક છું.......

દેલવાડીયા અર્પિતા વિઠ્ઠલભાઈ

સેમેસ્ટર: II

હું એક શિક્ષક છું....... એટલે જ
કક્કો શીખવાડીને તમને કલેક્ટર બનાવું
પાટીમાં પેન ચલાવતા અને
આકાશમાં પ્લેન ચલાવતા કરું.
માટીમાં રમકડા બનાવતાં,
તમને ઈજનેર બનાવું
પીંછીં પકડાવી પળવારમાં
ચિત્રકાર બનવું
ઢોલક - ખંજરી વગાડતા
તમને સંગીતકાર બનાવું
નખ અને વાળ કાપીને તંદુરસ્તી આપનાર
તમને ડોક્ટર બનવું
પ્રયોગોની કેડી પાથરીને
તમને વૈજ્ઞાનિક બનાવું
હું ગમું જો તમને તો
મારા પ્રતિબિંબ જેવા જ શિક્ષક બનાવું
અને જો .... તમારે કંઈ બનવું જ નાં હોય
તો પણ તને માનવી તો બનવું જ
કારણ કે .....હું એક શિક્ષક છું.

દિવાન શીફાબેગમ ઈકબાલહુસેન સેમેસ્ટર: II





## Thank you

પાડવી અનુરાઘાબેન આનંદભાઈ

સેમેસ્ટર: IV

બોલો Thank you
બોલો Thank you very much
ઉપકાર કર્યા અમ પર તમે
બોલો Thank you very much
રાજેન્દ્રસર તમને ભાવથી Thank you
જીવનનું ભાથું પીરસ્યું,
સારા નહી પણ સાચા બનવાનો માર્ગ આપ્યો
કીર્તિમેમ તમને ભાવથી Thank you
જીવનનાં સારા-નરસા પાસાં
બતાવી હમેશા પ્રેરણાસ્ત્રોત રહ્યા,
પ્રીતિમેમ તમને ભાવથી Thank you
હંમેશા smile આપી
જીવનની સાદગી તમે અમને બતાવી,
અમિતસર તમને ભાવથી Thank you
ICT અને આયોજનમાં
હંમેશા સતર્કતા શીખવતા,
ભાવેશસર તમને ભાવથી Thank you
એક Friend, Philosopher ,અને guide
તથા નિખાલસ બનતા શીખવાડ્યું,
સારિકામેમ તમને ભાવથી Thank you
ઝીણી-ઝીણી બાબતોથી
વાકેફ રાખી ઊંડાણથી માહિતી આપતા,
મેઘામેમ તમને ભાવથી Thank you
તમારા નામ મુજબ અમને
હંમેશા Active રહેવાનું શીખવાડ્યું,
બોલો Thank you
બોલો Thank you
ઉપકાર કર્યા અમ પર તમે
બોલો Thank you very much.



## આ દુનિયા કેવી ગોળ

ભગત મયુરી ભરતભાઈ સેમેસ્ટર: IV

આ દુનિયા કેવી ગોળ છે.
જ્યાં જૂઓ ત્યાં રસ્તા જ રસ્તા,
કોઈ આ રસ્તે જાય,
કોઈ પેલે રસ્તે જાય,
જીદંગી પણ ગોળ છે.
કોઈ સારા રસ્તે જાય,
કોઈ ખરાબ રસ્તે જાય,
પરંતુ સારા કામ કરવા હોય તો,
સારા રસ્તે જવું પડે.
કોઈ ગરીબ હોય કે પૈસાદાર,
પણ છેલ્લે જવાનું તો એક જ રસ્તે.
આ દુનિયા કેવી ગોળ છે.

## અભિલાષા એક દિકરીના બાપની

પંચાલ શિવાંગી ભુપેશકુમાર
સેમેસ્ટર: II

લગ્નના દા'ડા નજીક આવ્યા અને દિકરી કરતા માં-બાપના હૈયા ભારે થવા લાગ્યા.
દિવસો આવ્યા યાદ પહેલાના, પાપા પગી કરતાં મારી આંગળી પકડી એ ચાલતા શીખી હતી.
એ જ પગલાની માત્ર હવે છાપ રહી જવાની
હંમેશા ખીલખીલાટ હસતી એ, હવે માત્ર સ્મિત રેલી જવાની.
આખો'દિ ઘરમાં ઉછળતી કુદતી એ, હવે ઘરને એકાંત કરી જવાની.
મારી જોડે હંમેશા મનની વાતો કરતી એ, હવે બધું મનમાં ભરી જવાની.
એની મમ્મી જોડે હંમેશા લડતી-ખીજાતી એ, હવે તેને પણ ચૂપ કરી જવાની.
મન ફાવે તેમ બધું કરતી એ, હવે મનને મનાવતી થઈ જવાની.

હવે આવશે દિવસ એને વિદાય આપવાનો જેને ઉછેળી હતી લાખો કોડથી,
એજ હવે બીજાના ઘરને પ્રગટાવવા કોડીયું થઈ જવાની.
જેને ક'દી કોઈ અંગત સાથે પણ વધુ રાખી ણ હતી, એને જ હું કોઈ અજાણી વ્યક્તિને સોંપી દઈશ.
મારું હૈયું કાપવા લાગ્યું.
કેમ કરી સાચવશે બીજાનું ઘર એ, જે હંમેશા મોજથી રહેલી એ વિચારતા જ દુ:ખી થવા લાગી માં.
સ્વસુર પક્ષને અપીલ:
આવશે એ તમ ગૃહે તો, સાચવજો એને પ્રેમ થી રાખજો એને કોમળતાથી, કારણ કે
આખા બગીચાને છોડીને એક ફૂલ એકલું નવા બગીચાને મહેકાવા આવ્યું છે.
સમજજો એના મનને, રહેજો એની સાથે સ્નેહથી.
કહેશે નહીં એ ક'દીએ તમને, મુંજાસે મનમાં એકલી.
નાની મોટી ભૂલ કરજો માફ એની, સમજાવજો સમાજની રીતો એને સમયથી.
સાંભળજો એની વાતોને પણ, જેથી એ ક'દી બીજાને કહેશે નહીં,
નહીં તો લોકો એની વાતોની અવગણના તો સહી શકશે નહીં.
સાચવજો આ અમારી અણમોલ થાપણને પુરા હ્રદયથી,
વધુ તો કઈ નહીં બસ, સ્વસુર પક્ષ એને પિતાનું ઘર લાગે, રહેજો એવા ભાવ થી.
આટલી જ અભિલાષા છે, એક દિકરીના બાપની.......

મલેક મુનિશાબાનું ઉસ્માનભાઈ સેમેસ્ટર: II



## એમ.એડ્.ના વર્ગમાં

કેપ્ટન વિશ્વમોહિનીબહેન મોહનલાલ

સેમેસ્ટર: II

શરૂ કર્યો હતો સફર નળિયાંવાળી શાળાનાં પટાંગણમાં
બેઠા હતા થોડી ખુશી થોડા ગમ સાથે જમીન પર,
અદબ પલાઠી વાળીને પ્રાથમિક શાળાના વર્ગમાં
ખુશનસીબ છીએ કે ફરી એકવાર બેઠક મળી
એમ.એડ્.ના વર્ગમાં.

સફરના સમયચક્રની રમત તો જુઓ,
બારમું ભણ્યાં ને ફરી બારમાં વર્ષે ભેગાં થયાં
એમ.એડ્.ના વર્ગમાં

શરૂઆતથી અત્યાર સુધીની સફર પર નજર માંડતાં,
અનુભવ્યું છે ઘણું બધું હર એક વર્ગમાં
જતા હતા શાળામાં પુસ્તકોની ભરમાળ ભરી દફતરમાં
ત્યારબાદ સીધાં ફરીથી મોટું દફતર લઈને ફરતાં થયા
Dissertationનાં કાજમાં
કારણ કે આ પણ પ્રાથમિક શરૂઆત છે સંશોધક બનવાની
એમ.એડ્.ના વર્ગમાં
સ્વપ્ન હતું શિક્ષક બનીશ ભવિષ્યમાં
તેથી પગ માંડ્યા પહેલાં P.T.C. ત્યારબાદ B.Ed.ના વર્ગમાં

સ્વપ્ન પૂર્ણ કરવા માટે કેટલાંય શિક્ષકોના હાથ નીચે
ભણ્યાં શાળા કોલેજના વર્ગમાં
પરંતુ ખુશનસીબી તો જુઓ અમારી,
એ જ શિક્ષકોના શિક્ષકોને ઘડનાર શિક્ષકો મળ્યાં
એમ.એડ્.ના વર્ગમાં

ઘણું બધું શીખ્યું છે આજ સુધીના હર એક વર્ગખંડમાં
પણ સૌ વિષયોનું ભેગું થઈને મળ્યું આ એમ.એડ્.ના વર્ગમાં
જ્યાં કોઈ વિનયન, વિજ્ઞાન ને વાણિજ્યપ્રવાહનો ભેદ નથી
ભણે છે હરએક સમાન શિક્ષણપ્રવાહમાં આ શિક્ષણ વિભાગના
એમ.એડ્.ના વર્ગમાં

ભિન્ન ભિન્ન વિષયો ભણ્યાં આ ચાર સેમેસ્ટર દરમિયાનમાં
તત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને ઈતિહાસ સાથે રાજકારણના અર્થશાસ્ત્રમાં
વળી પાછું યોગા, ICT, પ્રત્યાયન અને અભ્યાસક્રમનો પણ અભ્યાસમાં

અને ભણ્યાં પેડાગોગી કહેવું કે પેડાગોજી એ અંગ્રેજી શબ્દ ઉચ્ચારણના ભ્રમમાં
એમ અલગ અલગ મુખ્ય વિષયોનું સંયોજન બીજે ક્યાં મળે?
પરંતુ માણ્યો વિષયોનો અદભૂત મેળાપ
એમ.એડ્.ના વર્ગમાં

વિષયોના નામો પણ જાણે કહેતાં હોય પોતાના મહત્વની ગાથા શાનમાં
પહેલાં સેમેસ્ટરમાં Teacher Education-૧ અને બીજામાં Teacher Education-૨
વિષયનાં નામોમાં વજન તો જુઓ,
જાણે હોય બાહુબલી ભાગ-૧ અને ભાગ-૨
એટલે જ તો મોઢે કરવા પડે છે નામો Viva ની Examમાં
એમ.એડ્.ના વર્ગમાં

લાઈબ્રેરી તો ઘણી જોઈ અને પુસ્તકોય લીધાં આજ સુધીના વર્ગમાં
પણ વિષય તરીકે ગ્રંથાલય કૌશલ્ય ભણ્યાં એમ.એડ્.ના વર્ગમાં
અત્યાર સુધી સમયપત્રકમાં ઘણાં વિષયોના નામો જોયા
પરંતુ સ્વઅધ્યયનનાં સ્પેશ્યલ લેક્ચર્સ પણ મળ્યાં
એમ.એડ્.ના વર્ગમાં

હવે શું શું કહું એમ.એડ્.ના વર્ગખંડની શાનમાં,
જ્યાં વેકેશનમાં પણ ભણ્યાં એક વિષય
Inter Semester Break
Community Services and Reporting... આ જ
એમ.એડ્.ના વર્ગમાં

હાલની સમાજની પરિસ્થિતિ ઉપર,
પ્રશ્નો કરવામાં આવે છે બધાંને ખુબ મજા ગપસપમાં
પરંતુ ખરો પરસેવો તો બધાંના ત્યારે છૂટ્યાં
જયારે કરવો પડ્યો સેમિનાર ઓન કરન્ટ ઈસ્યુસ સેમેસ્ટર ૧ ના
એમ.એડ્.ના વર્ગમાં

સમાચારપત્ર વાંચવાની આદત છૂટી ટેકનોલોજીની ભરમાળમાં
પરંતુ સમજાઈ સમાચારપત્રની કિંમત Reflective અહેવાલમાં
અને વાંચી લીધાં એકીસાથે ઘણાંય સમાચારપત્રો
એમ.એડ્.ના વર્ગમાં

ઘણાંય મિત્રો મળ્યાં જીવનનાં આ સફરમાં
ભિન્ન ભિન્ન પ્રવાહોની જેમ જાત જાતને ભાત ભાતનાં
એ પણ ખુશનસીબીછે મળ્યો મૌકો એમના થકી મનને વધુ મક્કમ બનાવવામાં
થયાં સ્વાદની ભિન્નતાની જેમ અનુભવો
કડવા, મીઠાં, તીખાં, તૂરાં એકજ પંગતની રંગત સમાન
એમ.એડ્.ના વર્ગમાં

ખબર નહિ ક્યારે બનીશું એટલાં લાયક કે
લખીને આપી શકીશું પોતાના નામથી પુસ્તકો છાપકાપમાં
પરંતુ એ ખુશી પણ અત્યારથી જ મળી આ બે વર્ષના સફરમાં
કારણ કે લખ્યું છે સંશોધક તરીકે મારું નામ લઘુશોધ નિબંધ ગ્રંથમાં
એમ.એડ્.ના વર્ગમાં

શરૂઆત થઈ ગઈ છે આગળ વધવાની
પણ હંમેશા યાદ રહેશે આ વિતેલો સમય સૌની ભાનમાં
જ્યાં મેળવ્યું જ્ઞાન અને ગુમાવ્યું ગુમાન... આ જ
એમ.એડ્.ના વર્ગમાં

આજ અહીં ઊભા છીએ કાલે કિસ્સાઓ બની જઈશું
સંભાળજો તમેય ખૂબ શાનથી
કારણ કે કર્યા છે ઘણાંય કાંડ... આ જ
એમ.એડ્.ના વર્ગમાં

અફસોસ એક વાતનો છે કરું છું એક વાતની વાતમાં
પડ્યાં છે ઘણાંય વધુ ગુણાંક મેળવવાની મોહજાળમાં
પણ કાળ પૂછતો નથી કેટલાં મેળવ્યાં ગુણાંક આ જીવનરૂપી માર્ગમાં
આ કડવી નક્કર સત્યતા છે મારી વાતમાં
કારણ કે ગુમાવ્યા છે ચાલુ વર્ષે સહપાઠી મિત્ર... આ જ
એમ.એડ્.ના વર્ગમાં

હવે પૂરી કરું છું મારી વાત અંતે કંઈક કહી ખાસમાં
જે આવે છે તે જાય છે નવી સફરની શરૂઆતમાં
જેવા છો તેવા રહો કંઈ નથી મળતું બાહ્ય ખોટા દેખાવમાં
પણ સમજાય તો સમજી લેજો... આ જ

એમ.એડ્.ના વર્ગમાં

## શિક્ષણશાસ્ત્ર ભવનમાં

વસાવા નિલમબેન રાયસિંગભાઈ

સેમેસ્ટર: IV

ખીલી રહ્યું છે ફૂલ હર એક બાગમાં,
શિક્ષણશાસ્ત્ર ભવનનાં પ્રાંગણમાં...
અધ્યાપકોની સુવાસ પ્રસરાય ચોમેર
અધ્યાપકરૂપી માળી, તાલીમાર્થીઓનો કરે ઉછેર.
તાલીમાર્થીઓને કરે પ્રોત્સાહિત, દૂર કરે અજ્ઞાનતા,
સંસ્કારનું ભાથું ભરી કરે સર્વગુણ સંપન્ન.
અનેરી મજાઓ છે એના જ્ઞાનમાં,
રમતાં રમતાં ભણ્યા ભાનમાં,
નમ્રતાના ગુણ આવે ભણતરમાં.
આ વાત છે સૌના ભલામાં,
રખે ને ચૂકતા આવવાનું થાય,
શિક્ષણશાસ્ત્ર ભવનનાં પ્રાંગણમાં.
બાગ છે અનેરો આ એક સંસ્થામાં
માણવી હોય અનેરી મજા શિક્ષણની
તો સ્વાગત છે તમારું...
શિક્ષણશાસ્ત્ર ભવનમાં પ્રાંગણમાં...

## જીંદગીની તલાસ

પટેલ શૈફાલી ભગુભાઈ

સેમેસ્ટર: IV

મંજીલની તલાસ બધાને અહીં,
પણ પંથનું મૂલ્ય ક્યાં છે કોઈને?
કોઈકના સાથની તલાસ બધાને અહીં,
પણ સૌના સંગાથે ચાલવું છે કોને?
સુખની તલાસ બધાને અહીં,
પણ સંતોષ ક્યાં છે કોઈને?
શિખર પર પહોચવું બધાયે અહીં,
પણ જમીન સાથે વફાદાર ક્યાં છે કોઈ?
આકાશમાં ઉડવું પાંખ લગાવીને બધાએ અહીં,
પણ ચરણનું મહત્વ ક્યાં છે કોઈને?
માણસ મોટા બધાએ થવું અહીં,
પણ માણસાઈ ક્યાં બચી છે કોઈમાં?

ચૌધરી કાશ્મીરાબેન પરેશભાઈ સેમેસ્ટર: II



## સફર

પટેલ ભાવિકા વસંતભાઈ
સેમેસ્ટર: II

બે વર્ષનો કોર્ષ,ને ચાર સેમેસ્ટરનો સાગર,
ધીમે ધીમે સફર ખેડો તો,
પાર થાય એમ.એડ્. નામનો મહાસાગર.
લેક્ચર્સની મસ્તી,ને પ્રેક્ટિકમનો પર્વત,
ધીમે ધીમે આગળ વધો તો,
પહોંચશો અંતે શિખર પર.
ડીઝૅરટેશનનો દરિયો,ને ગાઈડ નામની નાવ,
ધીમે ધીમે હલેસાં મારો તો,
ખેડાય સંશોધનની સફર.
સબમિશનનું સરોવર,ને વાઈવા રૂપી વહાણ,
ધીમે ધીમે તરતાં જશો તો,
પહોંચશો અચૂક મંઝિલ પર.

## વિદાય

ચૌધરી ટીનલકુમારી ગંજીભાઈ
સેમેસ્ટર: II

કલ્પના ન હતી કે તેઓ આવશે
વિદાયની આ વેળા આવશે

મિત્રો સૌ છુટા પડીશું
પછી મઝા કયાંથી આવશે?

તમારા વિના જીવનબાગ સૂનો
એને સીચવા માળી કોણ આવશે

રોજ દિવસ ઉગશે ને આથમશે
“સુપ્રભાત” કહેવા કોણ આવશે.

## શિક્ષક

બાબરીઆ ફિરદોસ ફારુક
સેમેસ્ટર: II

શિક્ષક..... શિક્ષક કેવો હોવો જોઈએ ! આમ તો બધા કહેતા હોય છે કે શિક્ષક આગમાંથી બાગ બનાવે.... એક શિક્ષક માતા-પિતાની ગરજ સારે છે. શિક્ષક વિદ્યાર્થીની ઘેલછાને સમજીને તેની તૃપ્તિ કરે છે. લેખકોએ શિક્ષકો વિશે ઘણું લખ્યું છે. બાળક જયારે નાનું હોય છે, કુમળા છોડ સમાન હોય છે, જયારે તેનામા અગણિત સપનાઓનું સ્પંદન થતું હોય છે, શું ત્યારે ખરેખર તેને એક સાચો શિક્ષક મળે છે....? હા તો હું અત્યારે એજ વિષય પર વાત કરીશ. ભલે અત્યાર સુધી આપણને ગમે એવા શિક્ષકો મળ્યા ન હોય તેના કરતા વધારે મહત્વની બાબત હાલ આપણે કેવા શિક્ષક બનવાનું છે એ છે. આપણે સારો નહી પણ એક સાચો શિક્ષક બનવાનું છે.

આપણે એવા શિક્ષક બનીએ જે વિધાર્થીને સાચો નાગરિક બનાવે, તે વિદ્યાર્થીમાંથી ધર્મ, જાતિ, જ્ઞાતિ, વર્ણ વગેરેના ભેદભાવો દૂર કરી એક સાચો ભારતીય બનાવે, ભલે તે વિદ્યાર્થીને પાઠ્યપુસ્તકના પાઠ ઉત્તમ રીતે પહોચાડી ન શકે પરંતુ, જિંદગીના પાઠો ઉત્તમ રીતે ભણાવતો હોય. અરે..... હાલના ચાલી રહેલા રેપ કેસોની જ વાત કરીએ તો શું એ દુષ્કર્મીઓ શાળાએ નહી ગયા હોય? અભ્યાસક્રમને માત્ર સંપૂર્ણ ન માની બાળકોને મુલ્ય શિક્ષણ આપીને દેશની અને ખાસ બાળકીઓ અને સ્ત્રીઓની ગરીમાને સાચવે તેવા નાગરિકો સમાજને આપે તેનું નામ શિક્ષક.

માત્ર પુસ્તકીયુ જ્ઞાન બાળકને સંપૂર્ણ બનાવતું નથી. અને પુસ્તકો તો જાતે પણ વાંચીને તૈયાર થઇ શકે તેમાં શિક્ષક શું સારું કરી શકે છે તે મહત્વનું છે. શિક્ષકની જરૂરિયાત તો વિદ્યાર્થીઓને જીંદગીના સાચા અનુભવો પુરા પાડવામાં છે. તેણે વિદ્યાર્થીને જીવનની વાસ્તવિકતાથી વાકેફ કરવાના છે. માત્ર ભારતનો ઈતિહાસ ગોખવાનો નથી પરંતુ, ભારતના ઈતિહાસમાં છુપાયેલ સંસ્કૃતિના મૂલ્યને આધારે હાલ ઉભી થઈ રહેલ વિવિધ પરીસ્થિતિઓ જેમકે કોમવાદ, ધર્મના પ્રચારના નામે દુષ્કર્મો, ભ્રષ્ટાચાર, બળાત્કાર વગેરે જેવા કામો જાતે તો ન જ કરે પરંતુ, તેનો સામનો કરવા અને વિરોધ કરવાની હિંમત કેળવે. નિષ્પક્ષ રહી સત્ય સાથે રહી ન્યાયની ઝુંબેશ ચલાવે. જો આપણે શિક્ષકોમાંથી દરેક શિક્ષક વર્ષમાં વધુ નહી તો ૫-૧૦ આવા વિદ્યાર્થીઓના

વિકાસમાં ફાળો આપશે તો આપણા દેશ માટેની અમુલ્ય ભેટ હશે. બીજા પર આક્ષેપ ન મુકતા પ્રથમ આપનાથી જ શરૂઆત કરીએ. સાચો શિક્ષક બનીને દેશને ઉત્તમ યુવા ધન આપીએ.

## અનુભવ એક શિક્ષક

પટેલ પ્રિયંકાકુમારી નવિનભાઈ

સેમેસ્ટર: II

અનુભવ એક શિક્ષક એટલે કે વ્યક્તિના જીવનમાં થતા હર એક ક્ષણક્ષણમાં તેને નીતનવા અનુભવો થાય છે.જીવન એક અનુભવ છે. એમ કહું તો ખોટું નથી પણ અનુભવનો પણ અનુભવ લેવો જરૂરી છે. વ્યક્તિને આ સ્થાને સૌથી મોટી ભૂલ થઈ જાય છે.કારણકે તે તેના માત્રને માત્ર સુખદ અનુભવોને જ સંગ્રહી રાખવા માંગે છે.મોટો પ્રશ્ન એ છે કે સુખદ અનુભવ કોને કહેવા ? એજ ને કે જે તમને સુખ,આનંદ, સુકુન આપે એનો અર્થ એ જ છે કે જે વ્યક્તિને પ્રિય છે તે તેના માટે સુખદ અનુભવ છે.અને જે અપ્રિય છે તેના માટે દુ:ખદ અનુભવ, જે એને દુ:ખ આપે છે સુખ નથી.પણ મિત્રો આ અનુભવ પણ આપણને કંઈકતો શીખવીને જાય જ છે ને ! તદ્દન નકામો તો નથી ને ; બીજું તો કઈ નહિ પરંતુ તે અનુભવ આટલું તો શીખવી જ જાય છે કે આ કરવાથી આ ભૂલ થશે,કે તકલીફ થશે.તો વ્યક્તિ તેને ભૂતકાળમાં થયેલ તેના દુ:ખદ અનુભવનું કારણ જણાશે તો ભવિષ્યમાં તે તેના કાર્ય માં થતી ભૂલને જરૂર અટકાવી શકશે. એટલે તેના આ અનુભવે પણ તેને કંઈક તો શીખવ્યું જ છે.તદન વ્યર્થ તો નથી એ અનુભવ .

મિત્રો હું સૌને એજ સંદેશો આપવા માગું છુ કે વ્યક્તિના જીવનના પ્રત્યેક અનુભવો તેને કઈક ને કઈક શીખવી જ જાય છે. તેથી અનુભવથી મોટો કોઈ શિક્ષક હોઈ જ ના શકે. એ વ્યક્તિ પર આધાર રાખે છે કે તે પોતાના હરેક અનુભવોને કઈ રીતે સ્વીકારે છે. હકારાત્મક રીતે સ્વીકારશે તો તેના જીવનમાં બધી જ પરિસ્થિતિ આનંદમય લાગશે.તમામ પરીસ્થિતિને ઓળખવાનો તેણે આંકવાનો એક દ્રષ્ટિકોણ કેળવાશે.બધીજ પરીસ્થિતિની સામે તે વ્યક્તિ ખૂબજ સરળતાથી પોતાનું અનુકુલન સાધી શકશે. જીવનના બધાજ પલનો તે ઈશારો જાણી શકશે અને તેની પાછળનો તર્કને પણ એ ખૂબ સરળતાથી સમજશે.પછીતે તેના વ્યવહારિક જીવનમાં હોય કે વ્યવસાયિક ક્ષેત્રે પોતાના કાર્યને સંપૂર્ણપણે ન્યાય આપશે. અન્યને હાની પહોચાડવાની ભાવના કદી પણ ના હશે.આ બધું ત્યારે જ શકય બની શકે જયારે વ્યક્તિ તેના અનુભવ ને હકારાત્મક રીતે સ્વીકારશે તો જ વ્યક્તિ તેના સુખમાં છકી ન જશે અને દુ:ખમાં જરાયે ગભરાયા વગર તેમનો સામનો કરવાની હિંમત હશે.

અંતમાં મારો એજ સંદેશો છે કે જીવનરૂપી આ લાંબા સફરમાં આપણને ઘણા અનુભવો હજી થશે.આશા રાખું છુકે એ તમામ અનુભવો તમને આનંદ અને સુખ આપે પણ કદાચ કોઈ એક અનુભવો તમને દુખી કરે તો તેને નકારાત્મક રીતે ન લેતા હકારાત્મક દ્રષ્ટિકોણથી અવશ્ય વિચારજો. એ પાછળનું કારણ જાણજો જે તેમને કોઈકને કોઈક સંદેશો તો અવશ્ય આપશે જ. કઈકતો જરૂર શીખવીને જ જશે.બસ તેને જાણવાનો પ્રયત્ન કરો અને દુખદ અનુભવોને પણ આનંદમાં ફેરવી નાંખો અને હર એક પલને ખુબજ માંણો કારણકે જીવનનો હર એક મુલ્યવાન સમય ફરી મળતો નથી.જીવનના બધા જ પલ સુવર્ણ છે તેને માણો. હંમેશા ખુશ રહો અને સોને ખુશ રાખો.

પટેલ સ્નેહલબહેન અશ્વિનભાઈ સેમેસ્ટર: IV



## મિત્રતા

દેશમુખ હર્ષદા રવીન્દ્રભાઈ

સેમેસ્ટર: IV

સહજતાથી મનનાં તરંગોથી ઝડપી દોડનારી;
મિત્રતા એવી હોવી જોઇએ, જે આપણને આપણું કહેનારી.
ચંદ્ર મિત્રતા ન કરત તારાઓ સાથે;
તો કેવી રીતે રચના થાત, એક સુંદર આકાશની.
ફુલ મિત્રતા ન કરત ઈયળ સાથે;
તો કેવી રીતે રચના થાત, એક સુંદર પતંગિયાની.
નદી મિત્રતા ન કરત ઝરણાં સાથે;
તો કેવી રીતે રચના થાત, એક સુંદર સાગરની.
પર્વત મિત્રતા ન કરત થંડા પવનો સાથે;
તો કેવી રીતે રચના થાત, એક સુંદર વરસાદની.
બીજ મિત્રતા ન કરત, માટી સાથે;
તો કેવી રીતે રચના થાત, એક સુંદર વૃક્ષની.
તેવી જ રીતે...
માણસ જો મિત્રતા ન કરે માણસાઈ સાથે;
તો કેવી રીતે રચના થશે, એક સુંદર આયુષ્યની.

.

## જીંદગીનો રસ્તો


વસાવા જશુબેન સનાભાઈ

સેમેસ્ટર: II

જેમ દરિયો વિશાળ છે, જેનો કિનારો દેખાતો નથી
જીંદગી પણ એવી જ છે, જેમાં મંજીલ દેખાતી નથી,
વ્યક્તિએ પોતે જ એને શોધવાની છે,
મંજીલ સુધી પહોચવા માટે
પ્રયત્ન કરતા રહેવું એ જ સાચી જીંદગી.
જીંદગીમાં પ્રયત્ન કરવાથી, સફળતા અવશ્ય મળશે
જીંદગીમાં નિષ્ફળતા બાદ જ સફળતા મળે છે,
એજ જીંદગીનો નિયમ છે. તેથી સતત પ્રયત્નશીલ રહેવું
હાર જીત તો જીંદગીના બે પાસાં છે ,
પાસાં બદલવાની બાજી વ્યક્તિના હાથમાં જ છે .

## સોહામણી સાંજ

દિવાન શિફાબેગમ ઈકબાલહુસૈન
સેમેસ્ટર: II



રુમઝુમ કરતી આવી રાત,
પણ રાત અને દિવસ વચ્ચે કેમ ભૂલું આ "સોહામણી સાંજ
ક્યારેક જોઉં લીલું આકાશ તો ક્યારેક જોઉં અવનિનું રૂપ,
મનડુ મારું મુસ્કાય યાદ તને કરી એ ધરતીના ધણી,
ક્યારેક તું લીલો તો ક્યારેક પીળો, ક્યારેક લાલ તો ક્યારેક ધોળો
તારા આ સપ્તરંગોની મહિમા અપરંપાર
હું શું જાણું તારી આ લીલાનો સાર
રુમઝુમ કરતી આવી ...

## ચાલ હવે,તો ચાલ

વસાવા મનિષાબેન સુરજીભાઈ
સેમેસ્ટર: II

બાકી છે કામ ઘણું, કર્યો નથી આરામ, તો
વિતાવ્યો કયાં સમય, ચાલ હવે તો ચાલ....
કરશે પ્રયત્ન તો થશે અચૂક, નથી વિકલ્પ બીજા કોઈ,
આજે નહીં કાલમાં, દિવસ જશે વીતી, જોશે નહીં સમય કોઈની રાહ,
ચાલ હવે તો ચાલ...
મનનાં ભયને ત્યજી દે, વર્તમાનને અપનાવ
ભૂતકાળને ભૂલવામાં વાંધો શું, અને ભવિષ્યને પંપાળવાનુ ઈનામ શું,
થઈ જશે બધું અશક્ય કયાં છે કાંઈ,
ચાલ હવે તો ચાલ...
સમય વહે છે રેત માફક, એકવાર જશે કયાં મળશે ફરી,
વપરાય છે હંમેશા એતો, ઉપયોગ નથી થતો એવું વિચારવાનું છોડ,
વાપરતા શીખવું રહ્યું મહત્વનું,
ચાલહવે તો ચાલ ...

## હું એક પુસ્તક

ધોડી ટીનાબેન નવીનભાઈ
સેમેસ્ટર: II

હું એક પુસ્તક છું. મને કાગળના સ્વરૂપમાં લાવવા માટે ઝાડ,વાંસ,ઘાસ અને કપડાનો કચરોનો ઉપયોગ કરવામાં આવે છે. મને મશીનની નીચે દબાવી દેવામાં છે. હું અસહ્ય વેદના સહન કરું છું. ત્યારે હું કોરા કાગળના સ્વરૂપમાં તૈયાર થાઉં છું. મારા કાગળને લીસા બનાવવામાં આવે છે. પછી કોઈ લેખક, લેખિકા કે સાહિત્યકાર પોતાના કાલ્પનિક વિચારો કે કોઈક સત્ય ઘટનાને મારામાં વર્ણન કરે છે. તેમના જ્ઞાનને મારામાં નિરૂપણ કરે છે.અને મને નવા-નવા વિચારોથી સમૃદ્ધ કરે છે.

લેખક કે લેખિકા નવલકથા, આત્મકથા, નવલિકા, ગીત, લઘુકથા, ચરિત્રલેખ, એકાંકી, ગરબા, ગરબી, આખ્યાન, જીવનચરિત્ર, હાસ્યકથા, ચિંતનલેખ, દુહા-મુક્તક, હાઈકુ, નિબંધ, વગેરે સત્ય આધારિત ઘટના કે કાલ્પનિક વિચારોને ગદ્ય,પદ્યના સ્વરૂપે મારામાં વર્ણન કરે છે.

લેખક કે સાહિત્યકાર દ્વારા જ મારું આખું સ્વરૂપ બને છે. હું એમના વિચારોથી જ્ઞાનના સ્વરૂપમાં સમૃદ્ધ બનું છું. હું વિવિધ વિષયોમાં નિરૂપણ થાઉં છું સંસ્કૃત, હિન્દી,ગણિત, વિજ્ઞાન, ઇતિહાસ, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી વગેરે વિષયોનું જ્ઞાન મારામાં મુકવામાં આવ્યું છે. વિવિધ ભાષાઓનું વર્ણન મારામાં કરવામાં આવ્યું છે. વિવિધ ધર્મોનું વર્ણન પણ મારામાં કરવામાં આવ્યું છે.

જયારે હું પૂર્ણ સ્વરૂપમાં તૈયાર થઈ જાઉ છું ત્યારે મારું વેંચાણ થાય છે. હું જ્ઞાનના સ્વરૂપમાં વેંચાણ પામું છું.મારી ઘણી બધી કોપી કરવામાં આવે છે. અને શાળા, કોલેજ,બુક સ્ટોલ, યુનિવર્સીટી,તેમજ વિવિધ લાઈબ્રેરીમાં મોકલવામાં આવે છે. ત્યાં મને કબાટમાં ગોઠવવામાં આવે છે. અને જ્યાં સુધી મારું અસ્તિત્વ રહે ત્યાં સુધી હું કાયમી વસવાટ કરું છું. જયારે વિદ્યાર્થી, શિક્ષક, આચાર્ય, તજજ્ઞો કે કોઈ પણ વ્યક્તિને મારી જરૂર રહે ત્યારે તેઓ મારો ઉપયોગકરે છે. અને મારામાંથી જ્ઞાન મેળવે છે.

વ્યક્તિના અંધકારભર્યા જીવનને હું સુરજના કિરણોની જેમ પ્રકાશિત કરું છું. મારામાં રહેલા જ્ઞાનરૂપી શબ્દોના ભંડોળ દ્વારા તેમના અંધકારને દુર કરું છું. જે મનુષ્ય મને વિશેષ પસંદ કરે છે તેની પાસે હું કાયમી રહું છું. તેમના જીવનના ધ્યેયને સફળ બનાવવા માટે હું હંમેશા તેમના ચરણનો પંથ (માર્ગ) બની રહી છું.

વર્તમાન સમયમાં મારો ઉપયોગ બહુ ઓછા પ્રમાણમાં કરવામાં આવે છે. જ્યારથી ટેકનોલોજીનો વિકાસ વધી રહ્યો છે. ત્યારથી મારો ઉપયોગ ઓછો થઇ રહ્યો છે. મને કોઈ કબાટમાંથી બહાર કાઢતું જ નથી. આજે મનુષ્ય કોમ્પ્યૂટર, મોબાઈલના માધ્યમ દ્વારા તેમની જરૂરિયાત મુજબની માહિતી ઈન્ટરનેટના માધ્યમથી મેળવી લે છે. આજે હું કબાટમાં કોઈક ખૂણામાં પડી રહી રહું છું. મારા પર ધૂળના રંજકણો આવીને વસી ગયા છે. અને હું જર્જરિત થવા લાગી છું. મને બચાવી લ્યો કૃપા કરીને મને બચાવી લ્યો, હું મનુષ્યના જીવનમાં આવતા દુઃખોને દુર કરીશ. મારામાં રહેલા સાગરરૂપી જ્ઞાનને તેમનામાં પ્રસ્થાપિત કરીશ અને તેમના ભવિષ્યને ઉજ્જવળમય બનાવીશ.

હવે, હું એટલું જ કહીશ. સમયના વહેણ સાથે મારો સાથ તમે છોડી ન દેશો. હું તમારી મંજીલ સુધી પહોંચવામાં હંમેશા સહકાર આપીશ.

## હું ક્યાં છું?

વસાવા હિનાબેન સુરપસિંગ

સેમેસ્ટર: II

રોજ પોતાને એક પ્રશ્ન થાય, હું કયાં છું?
દુનિયારૂપી આ અફાટ દરિયો,
આ દરિયામાં હું કયાં છું?
સુખદુઃખરૂપી દરિયાની ભરતી-ઓટ
આ ભરતી-ઓટમાં હું કયાં છું?
વિચારો રૂપી લહેરો, આ લહેરોમાં હું કયાં છું?
જ્ઞાનરૂપી મોતી, આ મોતીમાં હું કયાં છું?
દરિયાની આ જીવસૃષ્ટિ ,
આ જીવસૃષ્ટિમાં હું કયાં છું?
ગર્જના કરતો આ દરિયો,
આ દરિયામાં હું કયાં છું?

## મા

ચૌધરી ટીનલકુમારી ગંજીભાઈ

સેમેસ્ટર: II

દુઃખમાં યાદ આવે તે મા, મુસીબતમાં ન ભૂલાય તે મા,
આવું થાય ત્યારે યાદ આવે, માત્ર મા અને મા જ.
અંધકારમાં રસ્તો ન દેખાય, ભીતર નિરાશા હોય,
ત્યારે મને મા સાંભરે.
આનંદ અને સુખની ક્ષણોમાં, “મા” નું અસ્તિત્વ ભૂલાઈ જાય...
કારણ?
મા નિઃસ્વાર્થી છે.
એટલે જ એ સુખમાં સાથે નથી,
પરંતુ દુઃખમાં હાજરાહજૂર,
જાણે રક્ષાકવચ હોય એમ...

# શિક્ષકની દેશભક્તિ

પટેલ પ્રિયંકાકુમારી નવિનભાઈ

સેમેસ્ટર: II

શિક્ષકે એક માનવને માનવ બનાવવા,
કરેલો પ્રયાસ એ દેશભક્તિ
શિક્ષકે તમામ જીવસૃષ્ટિ પ્રત્યે,
પ્રેમ ને સમ્માન માટે આપેલું જ્ઞાન એ દેશભક્તિ.

એક વ્યક્તિના જીવનમાં શિક્ષણએ સૌથી મોટો ભાગ ભજવે છે.શિક્ષિત વ્યક્તિ એને ના કહી શકાય કે જેનો પ્રથમ જ નંબર આવતો હોય. પ્રથમ નંબર અગત્યનું નથી પણ વ્યક્તિ શિક્ષણને પોતાના જીવનમાં કેટલું ઉતારે છે. કેટલું મહત્વ આપે છે. અને શિક્ષણથી તેની સમજણમાં કેટલો વિકાસ થયો એજ મહત્વનું છે.તેના જીવનમાં કેટલો ફેરફાર થયો. અને અન્ય સાથેના વર્તનમાં શું તફાવત જોવા મળ્યો ? વગેરે બાબતો ખુબજ મહત્વ ધરાવે છે.

કોઈકવાર તો એવું પણ બની શકે કે માત્ર પાસ થનાર વ્યક્તિજ શિક્ષિત થઈ શકે અને કદાચ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર કે મોટી મોટી ડીગ્રી મેળવનાર પણ શિક્ષિત થઈ શકતો નથી.અહી શિક્ષણ એટલે માત્ર પુસ્તકીયુ જ્ઞાન નહી પણ એ જ્ઞાનની સાથે સાથે મુલ્યોનું જ્ઞાન,અન્યને સમજવાનું જ્ઞાન,પ્રકૃતિને ઓળખવાનું જ્ઞાન,સૌને આદર અને પ્રેમનું જ્ઞાન એટલેકે માનવે ખરા અર્થમાં માનવ બનવાનું જ્ઞાન એક માનવતાનું જ્ઞાન.

હાલના સમયમાં શિક્ષણ સાથે આ જ્ઞાનની સૌથી વધુ જરૂર છે તોજ દેશની ઉન્નતી થશે હાલના સમયમાં થતા અન્યાયને અત્યાચારો, હિંસાથી પીડાતી માનવજાતિ,દર્દનાક ચીખો હદયકંપાવી નાખે છે. મનમાં સતત એક પ્રશ્ન વારંવાર થાય છે કે એનો અંત કયારે આવશે. કયારે દેશમાં સૌ પ્રેમથી રહેશે.આજે પ્રાણીઓ-પંખીઓ-વનસ્પતિઓ- થી ગુંજતી આ ધરતી પર કોલાહલ જ કેમ ? કેમ આજે વ્યક્તિ એક વ્યક્તિને સાંભળવા સમજવા તૈયાર નથી. કેમ આજે માનવ પોતાના સ્વાર્થ નો જ વિચાર કરે છે.

ના,એવું નથી એક શિક્ષક તેના શિક્ષણકાર્ય સાથે આ બાબતોને પીરસે અને પોતે પણ આ જ્ઞાનને વિકસાવે તો અવશ્ય શક્ય છે.માનવ ને સાચા અર્થમાં માનવ બનાવવું. કોઈ સમસ્યાને જડમૂળમાંથી નાશ નથી કરી શકાતી, પરંતુ તે સમસ્યાના પ્રમાણમાં ઘટાડો તો શક્ય છે જ ને ! આજે એક શિક્ષક પર જ સમાજની જવાબદારી નિર્ભય છે. તેણેજ નિ:સ્વાર્થ ભાવે તેના કાર્યમાં વફાદાર રહેવું જ પડશે.તેની પાસે આવેલ તમામ પડકારને તેણે ઝીલવા જ પડશે. અને શિક્ષક તેના કાર્ય સંપૂર્ણ નિઃસ્વાર્થ ભાવે કરશે તોજ સાચા અર્થમાં તે શિક્ષકનો દેશ પ્રેમ છે દેશ ભક્તિ છે.

જય હિન્દ જય ભારત

# ફુલબાનું જીવન કેટલું વાસ્તવિક

વસાવા મનિષાબેન સુરજીભાઈ

સેમેસ્ટર: II

જમણે પડખે લીલોતરીથી છલકાયેલા ટેકરાઓ અને ડાબે પડખે નીર ખખડાવતી ટોકરી. વચમાં એક સુંદર મજાના બિંદુ જેટલું પ્રાકૃતિક વાતાવરણના સૌદર્યથી છલકાતું ,મનને મધુરતાની લહેર પમાડતું ,પવનનાં વાયરા ધરતીનાં સુગંધને ,આંબાની માંજરને અને કોયલના ટહુકાને પંપાળે તેવા નાનકડા ગામ ફુલવાડીમાં એક રાંકના ઘરે એક નાનકડી કડીએ આઝાદીનાં દિવસે જીવનનો પ્રારંભ કર્યો. માતા સુંદર અને પિતા કેસુ એ તેનું નામ ફુલબા રાખ્યું. ફુલબાને સૌ પ્રેમથી ફુલ કહેતા. ફુલનાં કોઈ વખાણ કરતું તો એ હરખાય જતી. ફુલમાં પ્રમાણિકતા, પ્રેમ, દયા, આદર, ધીરજ, સાહસિકતા અને કાર્ય કરવાની ધગસ

જેવા ગુણોનાં છાંટા બચપણથી જ છંટાય ગયા. ફુલનાં માતા ગામનાં પટેલને ત્યાં વાંસીદુ કરતી અને પિતા પટેલ ના ખેતરમાં હળ ચલાવતાં. ઘરમાં અનાજનાં દાણા નહીં, ઘણી મુશ્કેલીથી ગુજરાન ચલાવતા. ફુલનો તેઓ પ્રેમથી ઉછેર કરવા લાગ્યાં પરંતુ માતા-પિતાને એ લાડલી ઉપરાંત એક પુત્રની ઉણપ લાગતી. પુત્ર પ્રાપ્તિની આશાને કારણે ત્રણ દિકરી વારાફરતી જન્મી. ગરીબીનાં કારણે ફુલને ભણવા મોકલાવી શકાય તેમ ન હતું. આથી ગોવાલણ તરીકે એને કાર્યમાં જોડી દેવાઈ. હવે એ ઢોર સાથે જંગલમાં જતી. આખો દિવસ જંગલમાં લીલાછમ ઝાડ સાથે, પ્રાણીઓ સાથે, જીવજંતુઓ સાથે અને વહેતા નીરમાં પોતાનો સમય વ્યતીત કરતી.ઘરે આવતી તો જમવા માટે ન મળતું, આથી તે જેમનાં પશુ ચરાવતી તેમનાં ઘરે જમવાનું મળશે તેવી આશાથી જતી પરંતુ ત્યાં જમવાનું મળતું મધ્યરાત્રીએ . ફુલબા અન્નની આશાએ છાનીમાની બેસી રહેતી અને સોપેલુ કાર્ય કરતી. એ આંખમા અગ્નિ સમાન આસુંઓને સંતાડી પેટની અગ્નિ તૃપ્ત કરવા પ્રયત્નશીલ રહેતી.

સમયે વેગ પકડયો, દિવસો વિતતા ગયાં. ફુલબા હવે સોળ વર્ષની સુંદરીમાં પરીણમી ચૂકી હતી. નાગના જેવા કમરને અડતાં એના વાળ,ધારધાર છરીની માફક એનું નાક અને સ્મિતથી કયારેય છુટાના પડતા એના હોંઠ,તાજગીથી ઘેરાયેલા એના ગાલને જોતા જ એનું સૌંદર્ય ખીલેલું નજરે પડતું. ફુલબા હવે દરરોજ સખીઓ સાથે મજૂરીએ જતી, એકપણ દિવસ એ કામમાંથી ફુરસદ ના લેતી .આવી, ગુણવાન છોકરીને જોઈને એના લગ્નની વાતો થવા લાગી. નાનકડી ફુલબા જે હમણાં જ બાળકી હતી એના નજીકના ગામમાં સૂરજ નામના નવયુવાન સાથે લગ્ન નક્કી થઈ ગયા.

પ્રેમ જે આપી શકે,
એ જ પ્રેમને પ્રાપ્ત કરી શકે.
જેના પાસે પરીક્ષા આપવાની શક્તિ છે,
એને જ પરીક્ષા આપવાનો હક્ક છે .

ફુલનો સ્વભાવ એવો તો મીઠો હતો કે કોઈ પણ એને સ્વીકારી લે .ફુલબા હવે એના ઘરમાં સૌને મદદ કરનાર પોતાની ઈચ્છાને દબાવી દેનારી ઉત્તમ ગૃહિણી બની ગઈ હતી . પરંતુ ભાગ્યે લખ્યા કથીર, એના લગ્ન જીવનને વર્ષો વીતતાં જતા હતા. પણ એમના ઘર આંગણામાં બાળકની કીલકારી ન સંભળાઈ. અને આ એક કારણની પાછળ એના બધાં જ સારાં ગુણ સૌને નજરે પડતાં બંધ થઈ ગયાં. એક દિવસે સવારે સસરાએ નિર્ણય સંભળાવ્યો. “જેના ઘરમાં ચકલી માળો ના બાંધે તે વ્યક્તિને હું મારા ઘરમાં ના સમાવી શકુ.” સૂરજે તો કયારેય પણ એવો વિચાર ન કર્યો હતો . બંનેના આંખોમાંથી ધોધમાર ચોમાસું વહેવા લાગ્યું. બધું જ અંત થયું હોય તેમ લાગ્યું ,પરંતુ એમનાં પાસે એક અમૂલ્ય વસ્તુ હતી જે કોઈ છીનવી શકે તેમ ન હોતું. એ હતો બંને વચ્ચેનો પ્રેમ. અને હવે અંતથી ફરી શરૂઆત તરફ પ્રયાણ કર્યું. ફુલબાએ પતિ સાથે પિયર તરફ પોતાના પગ ઉપાડ્યા . પરંતુ એ પિતાને બોજરુપ બને તેવું કયારેય વિચારતી પણ ન હતી. અને જેના પરિણામ સ્વરૂપે તેઓ અલગ મિત્રોની મદદથી ઝૂપડી બનાવી તેમાં રહેવા લાગ્યા. સ્વભાવ એ માનવજીવનને નક્કી કરનાર પ્રથમ પરિબળ છે. ફુલબાના પ્રયત્ન એ જીવનની નવી દિશા આપી . હવે તે ખૂબ જ વધારે મહેનત કરતી , સવારે ચાર વાગે ઊઠીને ઘરનું કાર્ય કરતી, મજૂરીએ જતી આવીને ઘરનું ફરીથી કાર્ય કરતી જેથી એ ઘરમાં સમૃદ્ધિને આવરી શકે.

પ્રભુ આ બધું જાણે નિહાળી રહ્યા હોય તેમ ફુલબાને આશીર્વાદ આપી રહ્યા હતાં,ફુલબાનાં ઘરે પણ પારણું બંધાયું . એક નાનકડા અંશે એમના ખોળાને ખૂદયો. તેમને ત્યાં પુત્રનો જન્મ થતા જ પિતાએ કહેલા શબ્દો રુઝાઈ ગયાં. પુત્રને નિહાળતાં જ એ પોતાના બધાં દુઃખને વીસરી જતી. હવે તે પુત્રને બધાં જ પ્રકારની સુવિધાઓ મળે તેના માટે અથાક પ્રયત્નો કરતી . પ્રભાતનાં પહેલા પ્રહરથી એ જાગતી અને મોડી રાત્રે ઊંઘતી . અડધાં ભૂખા રહી બચત કરી દિકરાને ભણાવ્યો. દિકરો મોટો થઈ નોકરી એ લાગ્યો. પણ એ બીજા શહેરમાં પોતાની પત્ની સાથે રહેવા ચાલ્યો ગયો. હવે દિકરાનો વિરહ એને ઘણો સતાવતો. માતા-પિતાની જરુરીયાત પૂરી કરવા તે પૈસા આપતો, આર્થિક સુવિધાઓ પૂરી પાડતો પરંતુ જરુરીયાતનાં સમયે હાથ ન પકડતો .ફુલબાને આખું જીવન વ્યર્થ લાગવા લાગ્યું . જીવન દરમિયાન દરેક ક્ષણે કરેલા પ્રયત્નો તેને હદયમાં સમાયેલા કાંટાની માફક લાગતાં. એ પોતાની આંખોને ધોધમાર વરસાદની માફક છલકાવતી. છતાં ફુલબા પુત્રને ક્યારેય ફરિયાદ ના કરતી. ખુશ રહેવા પ્રયત્ન કરતી. પરંતુ બધાં જ પ્રયત્ન સફળતા માટે જ તો નથી હોતા. પ્રયત્ન તો માત્ર પ્રયત્ન જ હોય.

ફુલબાનું આ જીવન શું માત્ર ફુલબાને જ લાગું પડે છે ? ના, ના ! આ જીવન એ પ્રયત્નશીલ સ્ત્રીનું છે. જે દરેક સ્ત્રીને અંશતઃ કે સંપૂર્ણ લાગું પડે છે .હા, ક્યારેક તે દૂર રહેતાં પુત્ર વિયોગથી પીડાય છે તો, ક્યારેક ઘરમાં જ રહેતાં પુત્ર વિયોગથી. એક સ્ત્રી જીવનાં શરૂઆતથી જ પડકારોને ઝીલે છે. એ પ્રેમની નદી બનીને આજુબાજુના વાતાવરણમાં મીઠાશ ફેલાવવા માંગે છે,પરંતુ વાતાવરણનો દરિયો એને જ ખારાશથી ઊભરાવી દે છે.આધુનિકતાનાં રંગમાં મુજને મુઝવનાર ઘણા પ્રશ્નો છે, એકવાર વૃધ્ધ માતાનો વિચાર કરવો શું કોઈની ફરજમાં નથી આવતું ? એક બાળકીનાં જન્મ પછી પુત્રની આશા કેમ ? લગ્ન પછી સંતાન પ્રાપ્તિની ઉતાવળ કેમ? જરુરીયાતનાં સમયે પુત્ર વિયોગ કેમ? શુ આનો કોઈ ઉપાય નથી ? આપણે ક્યારેક આનો ઉકેલ લાવી શકીશું ખરાં?

## નવી દિશા

**પટેલ ખુશ્બુબેન હસમુખભાઈ**

**સેમેસ્ટર: II**

આજે મે એક નવી દિશા લીધી છે,
શિક્ષણને પામવા જીદ કીધીછે.
આજ સુધી અસ્થિર બની ભટક્યા કર્યું,
ઘાટ વિનાના ઘડાને ઘડવાની શરૂઆત કીધી છે.
આ મન સૃષ્ટિ ઘણી રહી ખાલી હવે,
આળસ ખંખેરી હકીકતને શીખવાની હિંમત કીધી છે.
આશિક્ષણ વિનાની સૃષ્ટિમાં લપટાયા ઘણા,
હવે પોતાનામાં નવી દિશા શોધવાની જહેમત કીધીછે.
નસીબને દોષ દેતા જાતને છેતરી ઘણી,
એ નસીબને પલટી દેવાની શરત લીધી છે.
આજે મે એક નવી દિશા લીધી છે,
હસતા-હસતા જિંદગીમાં કઈંક નવું કરી જવાની ટેક લીધી છે.

## પ્રેસનોટ


આપ વાંચી રહ્યા છો દેશનું સૌથી વિશ્વસનીય અને સૌથી ઝડપી વિકસતું અખબાર

દિવ્ય ભાસ્કર

સુરત, શુક્રવાર, 7 ડિસેમ્બર, 2018

સુરત, શુક્રવાર, 7 ડિસેમ્બર, 2018 | 5

**ડો. આંબેડકર મહાપરિનિર્વાણ દિવસ ઉજવાયો**

સુરત : ગુજરાત રાજ્ય તથા કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પુરસ્કૃત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ભારતરત્ન બાબા સાહેબ ડો. બી.આર.આંબેડકર ચેર તથા શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે 6 ડિસેમ્બરે આંબેડકર મહાપરિનિર્વાણ દિવસની ઉજવણી ડો. બી.આર.આંબેડકરના જીવન ચરિત્ર પર આધારિત પ્રદર્શન તથા વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.

# ધબકાર

ઈ-પેપર :www.dhabkar.in દૈનિક અખબાર

૨ ૦૭-૧૨-૨૦૧૮ શુક્રવાર

ધબકાર




નર્મદ યુનિ. અને શિક્ષણ વિભાગના સંયુકત ઉપક્રમે આંબેડકર મહાપરિનિર્વાણ દિને વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.


# राजस्थान पत्रिका

પત્રિકા

सूरत, शुक्रवार, 07 दिसंबर, 2018 | मार्गशीर्ष कृष्ण पक्ष अमावस्या, संवत् 2075

वर्ष : 16 | अंक 58 | पृष्ठ 16 | ₹4.00

patrika.com /rajasthanpatrika /rpbreakingnews /rajasthan_patrika



पोल अलर्ट

अगर नहीं किया वोट के अधिकार का उपयोग लोकतंत्र को लग जाएंगे भ्रष्टाचार जैसे रोग



राजस्थान पत्रिका 04
patrika.com


## डॉ.आंबेडकर के जीवन पर प्रदर्शनी आयोजित



सूरत. वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय में गुरुवार को डॉ.बी.आर.आंबेडकर चेयर और शिक्षा विभाग के संयुक्त उपक्रम से आंबेडकर महापरिनिर्वाण दिवस कार्यक्रम आयोजित किया गया। इस अवसर पर विश्वविद्यालय में डॉ.आंबेडकर के जीवन पर प्रदर्शनी और भाषण स्पर्धा का आयोजन किया गया।

## સંશોધન સારાંશ

## ધોરણ-૧૧ના અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકનો વિવેચનાત્મક અભ્યાસ

ભગત મયુરી ભરતભાઈ

કોઈપણ શિક્ષણના ઉદેશોને મૂર્ત કરવું હોય તો અભ્યાસક્રમ સાધન તરીકે ઉપયોગી બને છે. અભ્યાસક્રમમાં કયા વિષયોનો સમાવેશ કરવો તે પણ શૈક્ષણિક ફિલસૂફી જ નક્કી કરે છે. તેથી જ ફિલસૂફીને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમને અનુલક્ષીને પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવતા હોય છે. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએથી અર્થશાસ્ત્ર વિષય અધ્યેતાને શીખવવામાં આવતો હોય છે. જેથી સંશોધક પ્રવર્તમાન સમયમાં સંશોધન કરવાની તક મળી ત્યારે શા માટે અર્થશાસ્ત્ર પાઠ્યપુસ્તક વિષે જાણી લેવું વિચાર આવ્યો હતો. સંશોધકે આ સમસ્યાને વૈજ્ઞાનિક રીતે ઉકેલ મેળવી શકે એ માટે સમય, શક્તિ અને આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ધોરણ-૧૧ના પાઠ્યપુસ્તકનો વિવેચનાત્મક અભ્યાસ કરવાનું નક્કી કર્યું હતુ. સંશોધનનો મુખ્ય હેતુ ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર પાઠયપુસ્તકમાં સમાવિષ્ટ વિશેષતાઓ અને ખામીઓ અંગે શિક્ષકોના અભિપ્રાયો પ્રાપ્ત કરવાનો હતો. પ્રસ્તુત સંશોધન માટે સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો. આ સંશોધનનું વ્યાપવિશ્વ નવસારી જિલ્લાની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક વિભાગની શાળાઓમાં ધોરણ-૧૧માં અર્થશાસ્ત્ર વિષયનું અધ્યાપન કરાવતા શિક્ષકોનો હતો. આ સશોધન માટે વ્યાપવિશ્વને જ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત સંશોધન વિષેની માહિતી એકત્રિત કરવા માટે અભિપ્રાયવલિ અને મુક્ત જવાબી પ્રશ્નાવલિનો ઉપકરણ તરીકે પસંદ કરવામાં આવ્યુ હતું. પ્રસ્તુત સંશોધનની માહિતીનું અર્થઘટન અને પૃથક્કરણ માટે કાઈવર્ગ કસોટીનો ઉપયોગ કર્યો હતો. પ્રસ્તુત સંશોધન માટેનું મુખ્ય તારણ એ હતું કે અર્થશાસ્ત્ર વિષયનું પાઠ્યપુસ્તક અન્ય વિષયો સાથે અનુબંધિત અને વિષયવસ્તુના તમામ મુદ્દાઓને પૂરતો ન્યાય આપવામાં આવ્યો છે. પાઠ્યપુસ્તકની શરૂઆતમાં અર્થશાસ્ત્રીઓનો પરિચય અને અંતમાં સંદર્ભસૂચિ આપવામાં આવી નથી.

## શિક્ષક-પ્રશિક્ષણ અંતર્ગત ઈન્ટર્નશિપ કાર્યક્રમનો અભ્યાસ

ભંડારી નિકીબેન બિપીનચંદ્ર

શિક્ષણમાં અભ્યાસક્રમની ગુણવત્તા માટે પરિવર્તન જરૂરી છે. જે સંદર્ભે NCTE દ્વારા મૂળભૂત પરિવર્તન થતા એક વર્ષીય અભ્યાસક્રમનાં સ્થાને બી.એડ્.નાં દ્વિ વર્ષીય અભ્યાસક્રમની નીતિ અમલમાં મૂકી. ઈન્ટર્નશિપ કાર્યક્રમ 20અઠવાડિયાનો કરવામાં આવ્યો તેને ધ્યાનમાં રાખી સંશોધકે શિક્ષક- પ્રશિક્ષણ અંતર્ગત ઈન્ટર્નશિપ કાર્યક્રમનો અભ્યાસ કરવાનો વિચાર કર્યો હતો.એનો હેતુ હતો શિક્ષક- પ્રશિક્ષણ અંતર્ગત ઈન્ટર્નશિપ કાર્યક્રમ વડે પ્રશિક્ષણનાર્થીઓની વ્યાવસાયિક અભિમુખતા અંગે જાણકારી મેળવવી.અને બીજો હેતુ શિક્ષક-પ્રશિક્ષણ અંતર્ગત ઈન્ટર્નશિપ કાર્યક્રમમાં તાલીમી સિદ્ધીનો અભ્યાસ કરવો.આ માટે સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન દસ બી.એડ્. કોલેજનાં ૩0% જેટલા વિદ્યાર્થીઓના પ્રશ્નાવલી દ્વારા મંતવ્યો જાન્ય હતાંએલ માહિતીના આધારે પૃથક્કરણ કરતા તારણ મળ્યા હતાં કે ઈન્ટર્નશિપ કાર્યક્રમ દ્વારા વાસ્તવિક વ્યવસાયિક તાલીમ મળતી હતી. ઉપરાંત મૂલ્યાંકનમાં તટસ્થતા હતી. અને તાલીમાર્થીઓને ગુણવત્તાયુક્ત તાલીમ પ્રાપ્ત થાય છે.એવું તાલીમાર્થીઓ માનતા હતાં.

## વલસાડ જિલ્લાના અંતરિયાળ વિસ્તારની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સમસ્યાઓ અને સમાયોજન

કેપ્ટન વિશ્વમોહિનીબહેન મોહનલાલ

શિક્ષણ વિભાગ

પ્રવર્તમાન સમયમાં પ્રત્યેક બાળકોને શિક્ષણ પ્રાપ્ત થાય એવા પ્રયત્નો થતા રહ્યા છે. એ સંદર્ભે કેટલાંક અંતરિયાળ વિસ્તારના બાળકો શિક્ષણ મેળવે તે હેતુથી પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. પરંતુ આ વિસ્તારમાં નોકરી કરતા શિક્ષકોને ઘણાં પડકારોનો સામનો કરવો પડતો હોય છે. એ સંદર્ભે વિચાર કરીને સંશોધકે વલસાડ જિલ્લાના અંતરિયાળ વિસ્તારની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સમસ્યાઓ અને સમાયોજન અંગે પ્રતિચારો જાણ્યા હતા. આ માટે સંશોધકે શિક્ષકોની વાહનવ્યવહાર સંબધિ, ભૌતિક સુવિધા સંબંધી, શૈક્ષણિક અને વહીવટી સંબધિ, વર્ગવ્યવહાર સંબધિ, આર્થિક સંબધિ, અંતરિયાળ વિસ્તાર સંબંધી, સામાજિક સંબધિ, માનોવૈજ્ઞાનિક સંબધિ સમસ્યા અંગે શિક્ષકોના પ્રતિચારો જાણી શિક્ષકોની વિવિધ સમસ્યા અંગે સમાયોજનનો અભ્યાસ કરવાનો હેતુ રખાયો હતો. આ સંશોધન માટે સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. સંશોધનમાં વ્યાપવિશ્વ અને નમૂના તરીકે વલસાડ જિલ્લાના અંતરિયાળ વિસ્તારની ૫૧ શાળાઓમાંથી ૧૫૩ શિક્ષકોની નિશ્ચિતજવાબી પ્રશ્નાવલી અને મુક્તજવાબી પ્રશ્નાવલી અને ૫૧ આચર્યોના સાક્ષ્ય પત્રક દ્વારા સમસ્યાઓ અંગેની માહિતી મેળવી હતી. પ્રાપ્ત માહિતીનું આવૃત્તિ વિતરણ અને ટકાવારી દ્વારા પૃથક્કરણ કરતાં જણાયું હતું કે, અંતરિયાળ વિસ્તારની શાળાઓમાં શિક્ષકોને સમય કરતાં વહેલું નીકળવું પડતું, તથા પીવાના પાણી, લાઈબ્રેરી, કમ્પ્યુટર લેબ અને ઈન્ટરનેટ નેટવર્ક જેવી ભૌતિક સુવિધાઓ, બાળકોની સ્થાનિક ભાષા સમજવામાં મુશ્કેલી તથા આવવા-જવાની મુશ્કેલીઓ, શાળાએ જવાનો વધુ ખર્ચ, ડુંગરાળ વિસ્તારને લીધે ભય, અંતિયાળના લોકોમાં અંધશ્રદ્ધા અને માનસિક તંગદિલી વગેરે જેવી સમસ્યાઓ અનુભવતાં હતાં. શિક્ષકોની આવી તીવ્રતમ સમસ્યાઓના સમાયોજન અંગે આચર્યો ભૌતિક સુવિધા ઉપલબ્ધ કરવું અને જરૂર જણાયે સરકારને રજૂઆત કરશે એવા તારણો જાણવા મળ્યા હતા.

## બારડોલી તાલુકાનાં ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓનો અભ્યાસ

ચૌઘરી ધર્મેશભાઈ રામુભાઈ

સાંપ્રત સમયમાં જનજાગૃત અને સમાજ સુધારણા માટે શિક્ષણ એ અમોઘ સાધન છે. શિક્ષણરૂપી મહાયજ્ઞથી સમાજ ઉન્નતિના માર્ગે આગળ વધી શકે છે. નૂતન શિક્ષણનું ધ્યેય બાળકનો સુસંવાદી, સર્વાંગીણ વિકાસ સાધવાનું છે. સાંપ્રત શિક્ષણમાં બાળક શિક્ષણના કેન્દ્રમાં છે. અને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા મોટા પ્રમાણમાં ખર્ચ કરવામાં આવે છે. જે સંદર્ભમાં સરકારની શિક્ષણ યોજનાઓ કેટલે અંશે ફળીભૂત થઈ છે કે નહિ તેમજ ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણમાં કઈ કઈ સમસ્યાઓ શિક્ષણમાં અને વ્યવસ્થાપનમાં જોવા મળે તે જાણવા માટે ૨૦૧૭-૨૦૧૯ વર્ષ દરમિયાન સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેના હેતુઓમાં બારડોલી તાલુકાનાં ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણની અધ્યયન-અધ્યાપન, વહીવટી, ભૌતિક સુવિધા, સહઅભ્યાસિક પ્રવૃત્તિ, વર્ગ શિક્ષણ વ્યવસ્થા, પુસ્તકાલય, ગુણવત્તા સુધારણા કાર્યક્રમ સંબંધિત સમસ્યાના જાણવાના હતા. અને સમસ્યાના સંદર્ભમાં આચાર્યના અભિપ્રાયો જાણવાના હતા. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધન સુરત જિલ્લા પંચાયત સંચાલિત શિક્ષણ સમિતિ દ્વારા બારડોલી તાલુકાની ૪૨ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓ વ્યાપવિશ્વ હતો. સંશોધકે વ્યાપવિશ્વજ નમૂના તરીકે પસંદ કર્યો હતો. જેમાં પાત્રો તરીકે દરેક શાળાના ધોરણ ૬ થી ૮ ના ૧૪૭ શિક્ષકોનો સમાવેશ કર્યો અને દરેક શાળાના ૪૨ આચાર્યોને પણ આવરી લીધા હતા. સંશોધનમાં સંશોધકે આચાર્યો અને શિક્ષકો પાસેથી માહિતી એકત્ર કરવાનું હોવાથી હેતુઓને ધ્યાનમાં રાખીને આચાર્યો માટે મુક્તજવાબી પ્રશ્નાવલિ અને શિક્ષકો

માટે સમસ્યા ઓળખયાદી આમ સ્વરચિત ઉપકરણની રચના કરી. માહિતી એકત્રીકરણ માટે સૌપ્રથમ નમૂનામાં સમાવિષ્ટ બારડોલી તાલુકાનાં ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના આચાર્યો માટે મુકતજવાબી પ્રશ્નાવલિ અને શિક્ષકો માટે સમસ્યા ઓળખયાદીનો ઉપયોગ કરીને માહિતી એકત્રીત કરી હતી. તથા શિક્ષકો પાસેથી પ્રાપ્ત થયેલા પ્રતિચારોને 'હા' અને 'ના' ના આધારે ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું અને વિધાનોને અગ્રતાક્રમ આપવામાં આવ્યા હતા. જ્યારે આચાર્ય પાસેથી પ્રાપ્ત થયેલા મંતવ્યોનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનનાં તારણોમાં વિદ્યાર્થીઓ જે-તે વિષયનો અધ્યાપન પાયો નબળો, શિક્ષકોને વહીવટી કાર્યનું ભારણ વધુ, શાળામાં ભૌતિક સુવિધાઓનો અભાવ, વાલીઓ દ્વારા સહકાર મળતો નથી, ICTનાં ઉપયોગથી શિક્ષકો અજાણ હતા, તથા SMS નાં સભ્યો શાળામાં ભાગીદારી આપી સકતા ન હતા. આ મુખ્ય તારણો જાણવા મળ્યા હતા. તેના સૂચિતાર્થો આ મુજબ સૂચવ્યા હતા. વિદ્યાર્થીઓને અધ્યાપન પાયો મજબૂત કરવા વાંચન, લેખન જેવી પ્રવૃત્તિ ઓકરાવવી જોઈએ, શિક્ષકોને વહીવટી કાર્યનું ભારણ ન આપવું જોઈએ, શાળામાં ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા જોઈએ, SMC નાં સભ્યોએ વિદ્યાર્થીઓનાં વાલીઓને વાલી મિટિંગનાં મહત્વ વિશે સમજૂતી આપવી જોઈએ, શિક્ષકોને તકનીકી તેમજ સેવકલીન તાલીમ કોર્ષ કરાવવા જોઈએ, તથા SMC નાં સભ્યો ભાગીદારી આપી શકે એવા સભ્યોની નિમણૂક કરવા જોઈએ. આવા સૂચનો તરાવ્યા હતા.

## માંગરોલ તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયના અધ્યયનની સમસ્યાઓનો અભ્યાસ

**ચૌધરી સમીતાબેન કેતુભાઈ**

પ્રવર્તમાન સમયમાં અન્ય ભાષાઓની તુલનામાં આપણી પ્રાચીન સંસ્કૃત ભાષાનું મહત્વ ઘટી રહ્યું છે. સંસ્કૃત ભાષા પ્રત્યે વિદ્યાર્થીઓમાં રસ જાગે અને સંસ્કૃત ભાષાનું મહત્વ વધે તે હેતુસર આ સંશોધન હાથ ધર્યું હતું. પ્રસ્તુત સંશોધનનો હેતુ માંગરોલ તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં અધ્યયન, વ્યાકરણ, ગૃહકાર્ય, મૂલ્યાંકન, ભાષાંતર, તથા અભ્યાસક્રમ/પાઠ્યપુસ્તક સંબંધી સમસ્યાઓ જાણવા માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. જેમાં વ્યાપવિશ્વમાં સમાવેશ 30 માધ્યમિક શાળાઓમાંથી ૩૫% પ્રમાણે દસ માધ્યમિક શાળાઓનો યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવી હતી. નમૂનામાં સમાવેશ દસ માધ્યમિક શાળાઓમાંથી ધોરણ-૯ માં અભ્યાસ કરતા ૨૫૦ વિદ્યાર્થીઓને નમૂનાના પાત્ર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. માહિતી એકત્રિત કરવા માટે ઉપકરણ તરીકે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ તથા મુક્ત જવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો. સમસ્યા ઓળખસૂચિ દ્વારા પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે ટકાવારીની ગણતરી કરી તેના આધારે સમસ્યાઓને અગ્રતાક્રમ આપવામાં આવ્યા હતા તથા મુક્ત જવાબી પ્રશ્નાવલિનું પૃથક્કરણ કરી અર્થઘટન કરવામાં આવ્યું હતું. સંશોધનના તારણોમાં જાણવા મળ્યું હતું કે સંસ્કૃત ભાષા વાંચન દ્વારા જલદી સમજમાં આવતી નથી, સંસ્કૃત વ્યાકરણ ચિત્રો દ્વારા ભણાવવામાં આવતું નથી, ગૃહકાર્યમાં વિવિધતા જોવા મળતી નથી, સંસ્કૃત વિષયમાં અઠવાડિયામાં એક પણ વખત પરિક્ષા લેવાતી નથી, સંસ્કૃત શબ્દના અર્થ જાણ્યા વિના ભાષાંતર કરવું કઠિન છે, તકનિકીના માધ્યમથી સંસ્કૃત અભ્યાસક્રમનો એકમ ભણાવવામાં આવતો નથી, જેવા તારણો પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયા હતા.

## સુરત શહેરની મરાઠી માધ્યમની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સમસ્યાઓ

**દેશમુખ હર્ષદા રવીન્દ્રભાઈ**

પ્રવર્તમાન સમયમાં શિક્ષણમાં માતૃભાષાનું સ્થાન ઘટી રહ્યું છે. આ સમયે અન્ય રાજ્યમાં રહીને પોતાની માતૃભાષામાં શિક્ષણ મેળવતી વખતે વિદ્યાર્થીઓને કેવા પ્રકારની સમસ્યાઓ અનુભવાય છે તે જાણવાના હેતુસર આ સંશોધન હાથ ધર્યું હતું. આ બાબતને ધ્યાનમાં રાખીને સુરત શહેરની મરાઠી માધ્યમની

ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સમસ્યાઓ વિષય પર સંશોધન હાથ ધર્યું હતું. જેમાં સુરત શહેરની નગર પ્રથામિક સમિતીની મરાઠી માધ્યમની કુલ ૫૩ શાળઓમાંથી યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ પદ્ધત્તિ દ્વારા ૨૦% પ્રમાણે ૧૧ શાળાઓ નમુનામાં પંદગી પામી હતી. મરાઠી માધ્યમના ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના કુલ ૩૦૦ વિદ્યાર્થીઓ પાસેથી મરાઠી માધ્યમ અંગેની, આર્થિક બાબતો અંગેની, ભૌતિક બાબતો અંગેની, સામાજિક બાબતો અંગેની, અધ્યયન-અધ્યાપન સંબંધિત, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ બાબતે, શિસ્ત અને નિયમિતતા અંગેની વગેરે બાબતોની સમસ્યાઓ તથા આ સમસ્યાઓ અંગેના વિદ્યાર્થીઓના મતે સંભવિત ઉકેલો મેળવવા માટે સર્વેક્ષણ પદ્ધત્તિથી સંશોધન કાર્ય કર્યું હતું. વિદ્યાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવા માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ અને મુકતજવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો. પ્રાપ્ત માહિતીનું ટકાવારીને આધારે ગણતરી કરવામાં આવી તથા સમસ્યાઓને અગ્રતાક્રમ આપવમાં આવ્યો હતો. મુકતજવાબી પ્રશ્નાવલિનું પૃથક્કરણ કરી અર્થઘટન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીના પ્રતિચારોને આધારે જાણવા મળ્યું કે, શાળામાં કમ્પ્યૂટર-અંગ્રેજી વિષયના પાઠયપુસ્તકો મરાઠી ભાષામાં મળી રહેતા નથી, આર્થિક તંગીને કારણે વિદ્યાર્થીઓ લઘુતાગ્રંથી અનુભવે છે, શાળામાં રમત-ગમતનું મેદાન નાનું છે, વિદ્યાર્થીઓએ મેળવેલા શિક્ષણની સમાજ દ્વારા કદર થતી નથી, વિદ્યાર્થીઓને વર્ગખંડમાં પ્રોજેકટર દ્વારા શિક્ષણકાર્ય કરાવવામાં આવતું નથી, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે અલગ તાસ ફાળવવામાં આવતા નથી, વિદ્યાર્થીઓને શિસ્ત અને નિયમિતતાના નિયમોનં પાલન કરવું ગમતું નથી, કુમાર અને કન્યાઓની અલગ શાળા હોવી જોઈએ જેવા તારણો સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ દ્વારા પ્રાપ્ત થયા હતા. મુક્તજવાબી પ્રશ્નાવલિ દ્વારા જાણવા મળ્યું કે, શાળામાં દિવસ દરમિયાન એક જ શિક્ષક દ્વારા શિક્ષણકાર્ય થાય છે. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં ભણતર બાકી રહી જાય છે. વિદ્યાર્થીઓના મતે સંભવિત ઉકેલોમાં જાણવા મળ્યું કે, રસ્તા કરતાં શાળા દૂર હોવી જોઈએ, શિક્ષકોની સંખ્યા વધુ હોવી જોઇએ, શાળામાં અને વર્ગમાં સ્વચ્છતા હોવી જોઈએ જેવા તારણો પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયા હતા.

## સોનગઢ તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યા

ગામીત અનિતા બી.

ભારત એક વિશાળ દેશ છે. અનેકવિધ ધર્મો, જાતિ, સંસ્કૃતિ ધરાવતા લોકો રહે છે અને જાતિઓ પૈકી એક આદિવાસી જાતિએ પણ માનવશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓનું ધ્યાન આકર્ષિત કર્યું. આમ શિક્ષણ મેળવતી વખતે આદિવાસી વિદ્યાર્થીઓને કેવા પ્રકારની સમસ્યાઓ અનુભવાય છે તે જાણવાના હેતુસર આ સંશોધન હાથ ધર્યું હતું. આમ સંશોધનના હેતુઓ (૧) સોનગઢ તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યાઓ જાણવી. (૨) સોનગઢ તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળઆઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની કૌટુંબિક સમસ્યાઓ જાણવી. વ્યાપવિશ્વ અને નમૂનો જોઈએ તો સોનગઢ તાલુકાની ૧૦ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૭-૧૮માં અભ્યાસ કરતા આદિવાસી ૨૫૦ વિદ્યાર્થીઓએ પ્રસ્તુત સંશોધનનો નમૂનો હતો. ઉપકર માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિનો ઉપયોગ કર્યો હતો અને તારણો (૧) કૌટુંબિક સમસ્યાઓ અંગેના મુખ્ય તારણો જેમાં (૧) તેમના મા-બાપ ઝઘડા કરે છે તેથી તેઓ દુ:ખી થાય છે. (૨) ઓછા ટકા આવશે તો શું થશે એવો ભય થાય છે. (૩) તેઓ ઘરે સમયસર ન પહોંચે તો તેમના વાલીઓ ગુસ્સે થાય છે. (૪) તેમના ઘરના સભ્યો છોકરીઓને ભણવા દેતા નથી. આમ, સંશોધનની ચર્ચા વિગતે કરવામાં આવી છે.

## સોનગઢ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં થતાં ગુણોત્સવ કાર્યક્રમનો અભ્યાસ

ગામીત પ્રિતીબેન રૂપસિંઘભાઈ

૨૧ મી સદી એ જ્ઞાનની સદી છે. જ્ઞાનની સદીમાં ટકી રહેવા માટે શિક્ષણની ગુણવત્તામાં બદલાવ લાવવા માટે નવેમ્બર–૨૦૦૯માં રાજય શિક્ષણ વિભાગ દ્વારા ગુણોત્સ્વ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. હેતુઓ : સોનગઢ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં થતાં ગુણોત્સવ કાર્યક્રમનો અભ્યાસ કરવો. સોનગઢ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ દરમિયાન થતાં શાળાના મૂલ્યાંકન અંગે જાણકારી મેળવવી. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. વ્યાપવિશ્વ અને નમૂનોઃ પ્રસ્તુત સંશોધનમાં સોનગઢ તાલુકાની પ્રાથમિક શાળાઓના ૨૫ કેન્દ્રોની કુલ ૨૫૭ સરકારી પ્રાથમિક શાળાઓ શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ થયો. આમ, નમૂનામાં યાદચ્છિક રીતે પસંદ થયેલ ૨૦ શાળાઓ, શાળાઓના ૨૦ આચાર્ય, ૨૦ શિક્ષકો તેમજ ૨૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો. સંશોધકે સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીકરણ માટે સાક્ષ્યપત્રક આચાર્ય માટે, પ્રશ્નાવલિ શિક્ષકો માટે અને પ્રશ્નાવલિ વિદ્યાર્થીઓ માટેની રચના કરી હતી. પૃથક્કરણ માટે સાક્ષ્યપત્રક આધારિત પ્રાપ્ત માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. અને પ્રશ્નાવલિ આધારિત માહિતીનાં પૃથક્કરણ માટે આવૃત્તિ મેળવી ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તારણો : ગુણોત્સવ કાર્યક્રમની શરૂઆત વર્ષ ૨૦૦૯–૧૦ થી શિક્ષણની ગુણવત્તા સુધારવા તેમજ બાળકોનું શૈક્ષણિક સ્તર ઊંચું લાવવા માટે કરવામાં આવી હતી.

## વિજય શાસ્ત્રીનાં સાહિત્યમાંથી વ્યક્ત થતાં મુલ્યો

પાડવી અનુરાધાબેન આનંદભાઈ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે “વિજય શાસ્ત્રીનાં સાહિત્યમાંથી વ્યક્ત થતાં મુલ્યો'' વિષય પર સંસોધન હાથ ધર્યું હતું.આ સંશોધનમાં સંશોધકે વિજય શાસ્ત્રીની ચાર કૃતિઓ પસંદ કરી હતી જેમાં ‘વાર્તાવિશેષ’,’આવાગમન’, ‘સરનામું બદલાયું છે’ અને ‘શ્રવણની કાવડ’ આ કૃતિઓમાંથી વ્યક્ત થતાં મુલ્યો પૈકી વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક, નૈતિક અને શૈક્ષેણિક મૂલ્યોનો અભ્યાસ કર્યો હતો.આ સંશોધનના હેતુઓ આ મુજબ છે. વિજય શાસ્ત્રીનાં જીવન-કવનનો અભ્યાસ કરવો. વિજય શાસ્ત્રીની ચાર કૃતિઓ પૈકી ‘વાર્તાવિશેષ’, ’આવાગમન’, ‘સરનામું બદલાયું છે.’ અને ‘શ્રવણની કાવડ’માંથી વ્યક્ત થતા વ્યક્તિગત ,કૌટુંબિક ,સામાજિક ,નૈતિક તથા શૈક્ષેણીક મૂલ્યોનો અભ્યાસ કરવો. પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન છે. જેમાં “વિજય શાસ્ત્રીનાં સાહિત્યમાંથી વ્યક્ત થતાં મુલ્યો” નો અભ્યાસ કરવા સંશોધકે વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. આ સંશોધનમાં સંશોધકે વિજય શાસ્ત્રી રચિત સાહિત્ય નવલકથાઓ, વિવેચન, વ્યંગ્ય, અનુવાદ, વાર્તાસંગ્રહોમાં પૈકી સહેતુક નમુના પસંદગી દ્વારા ફક્ત ચાર કૃતિઓ નમુના તરીકે પસંદ કર્યા હતાં.આ સંશોધનમાં ઉપકરણ તરીકે નોંધપત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નોંધપત્રકમાંની નોંધ મુજબ વિશ્લેષણ તથા અર્થઘટન કરી વ્યક્ત થતાં મુલ્યો સામાજિક મુલ્યો, નૈતિક મુલ્યો, કૌટુંબિક અને શૈક્ષેણીક મુલ્યો ગુણાત્મક પદ્ધતિ દ્વારા તારવવામાં આવ્યા હતાં.સંસોધનના તારણોમાં મોટા ભાગે કૃતિમાંથી કૌટુંબિક મુલ્યો અને વ્યક્તિગત મુલ્યોની બહુલતા જોવા મળી હતી અને સામાજિક તથા નૈતિક મુલ્યો મધ્યમ પ્રમાણમાં અને શૈક્ષેણિક મુલ્યો ઓછા પ્રમાણમાં જોવા મળ્યા હતાં.

## સુરત શહેરના ધોરણ દસના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત વિષય છોડવાના કારણો

પટેલ ભૂમિકાબેન મહેશભાઈ

પ્રર્વતમાન સમયમાં ધોરણ દસમાં સંસ્કૃત તૃતીય ભાષા હોવાથી વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય સિવાયના અન્ય વિષયની પસંદગી કરે છે. માધ્યમિક કક્ષાએ ધોરણ દસમાં સંસ્કૃત વિષય છોડવા માટેના કારણો જાણવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતુ. જેના મુખ્ય હેતુઓ અધ્યયન, અધ્યાપન, પાઠયપુસ્તક, મૂલ્યાંકન અને શૈક્ષણિક સાધનો સંબંધિત કારણો જાણવાનો હતો. વ્યાપવિશ્વ તરીકે સુરત શહેરની ગુજરાતી માધ્યમથી માધ્યમિક શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સમાવેશ થયો હતો. જેમાં નમૂના તરીકે ધોરણ દસમાં સંસ્કૃત સિવાયનો અન્ય વિષય પસંદ કર્યો હોય તેવા ૩૧૫ વિદ્યાર્થીઓ અને ધોરણ દસમાં સંસ્કૃતનું અધ્યાપન કરાવે તેવા ૩૧ શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. પ્રસ્તુત સર્વેક્ષણ પદ્ધતિમાં માહિતી એકત્રિત કરવા માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે અલગ–અલગ સ્વ–રચિત અભિપ્રાયાવલિની રચના કરી હતી. પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે કાઈવર્ગ, શતમાન, સરેરાશ ભારાંક કરી દરેક વિધાનોને અગ્રતાક્રમ આપ્યો હતો. જેના મુખ્ય તારણોમાં સંસ્કૃત ભાષામાં બોલવાની તકલીફ, સંસ્કૃતમાં લખવાની તકલીફ, પાઠયપુસ્તકની ભાષા પરથી વ્યાકરણના નિયમો સમજવા જેવા તારણો વિદ્યાર્થીઓ પાસેથી પાપ્ત થયા હતા અને શિક્ષકો પાસેથી પ્રાપ્ત થયેલ મુખ્ય તારણમાંથી દશ્ય–શ્રાવ્ય સાધનોની ઉણપ અને વિદ્યાર્થીઓ પાસે સંસ્કૃત વિષયક ભંડોળ ઓછું છે જેવા તારણો પ્રાપ્ત થયા હતા.

## સુરત શહેરની શિક્ષક-પ્રશિક્ષણ કોલેજના તાલીમાર્થીઓમાં તણાવના કારણો અને તણાવમુક્તિના પ્રયાસોનો અભ્યાસ

પટેલ ધર્મેન્દ્રકુમાર પ્રભાતભાઈ

ઈશ્વરે માનવને જીવન આપ્યું છે. અને જીવન સુખ-દુખથી ભરેલું છે. સુખ જીવનમાં આનંદ આપે છે જ્યારે દુખ જીવનમાં તણાવ ઊભો કરે છે. જેનો ભોગ આજે બધાજ બનતા હોય છે. પ્રશિક્ષણ સંસ્થામાથી તૈયાર થતાં ભવિષ્યના શિક્ષકો પર તણાવનો અનુભવ કરતાં હોય છે. પ્રસ્તુત સંશોધન પણ તણાવના અનુસંધાનમાં રજૂ કરવામાં આવ્યું છે. પ્રસ્તુત સંશોધન સુરત શહેરની પાંચ બી. એડ્ કૉલેજના વર્ષ ૨૦૧૭-૨૦૧૯ ૨૫૦ તાલીમાર્થીઓની યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડ દ્વારા પસંદગી કરી હતી. તણાવ ના શૈક્ષણિક, કૌટુંબિક, સામાજિક, આર્થિક, સરીરિક, માનસિક કારણો દ્વારા તેઓ કેટલી માત્રામાં તણાવ અનુભવે તેમજ તણાવ માં ત્વરિત કેવી પ્રતિક્રિયા આપી તેમાથી બહાર નીકળવા જે માર્ગ અપનાવે તે માટે સર્વેક્ષણ દ્વારા તાલીમાર્થીઓ પાસે રૂબરૂ જઈ સ્વરચિત પ્રશ્નાવલિ ભરાવી તેના આધારે પૃથક્કરણ કરી ટકાવારીને આધારે કાઇ-વર્ગ શોધી સરેરાસ ભારંકને આધારે અગ્રતાક્રમ આપી તારણો તારવવામાં આવ્યા હતા. જેમાં સમય પર કાર્ય પૂર્ણ ન થતા, પરિવારમાં આકસ્મિક બીમારી આવી પડતાં, સામાજિક પ્રસંગને કારણે રજા પડતાં, કોલેજમાં ફી વધારે, લાંબી માંદગી આવવાથી, અધ્યયન માહિતી યોગ્ય ન મળતા, તરત ગુસ્શો કરતાં, સંગીત સાંભળવાનું પસંદ કરતાં વગેરે તારણો ને આધારે ફલિતાર્થોમાં સમય નું આયોજન કરતાં શીખવવું, પરિવાર સાથે અધ્યયન નું મહત્વ સમજાવવું, ઓછા ખર્ચે સારું કાર્ય કરતાં શીખવવું, માંદગી સામે ઉપચાર જણાવવું, અન્ય સંદર્ભો જણાવવા જેવા ફલિતાર્થો દર્શાવવામાં આવ્યા હતા.

## નવસારી જિલ્લાના બી.એડ.ના તાલીમાર્થીઓમાં RTE Act, 2009 અંતર્ગત જાગૃતતાનો અભ્યાસ

પટેલ દિપનાબેન દોલતરાય

કોઈપણ કાયદો અમલમાં આવે ત્યાર બાદ તેની જાગૃતતા અને અમલીકરણ સંદર્ભે અભ્યાસ કરવો અતિ આવશ્યક બની જાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને સંશોધકે નવસારી જિલ્લાના બી.એડ.ના તાલીમાર્થીઓમાં RTE Act, ૨૦૦૯ અંતર્ગત જાગૃતતા જાણવા માટે આ સંશોધન હાથ ધર્યું હતું. આ સંશોધનનો મુખ્ય હેતુ જાતિયતા, વિસ્તાર અને સેમેસ્ટર સંદર્ભે જાગૃતતા જાણવાનો હતો, આ સંશોધન સર્વેક્ષણ પ્રકારથી હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં નવસારી જિલ્લાની ૫ શિક્ષણ-મહાવિદ્યાલય વ્યાપવિશ્વ અને ૨૦૧૭-૨૦૧૮માં નામાંકિત પામેલા બી.એડ્.ના ૩૧૬ તાલીમાર્થીઓ નમૂનાના પાત્રો બન્યા હતા. જેમાં ઉપકરણ તરીકે વિવિધ વૈજ્ઞાનિક ઉપકરણો પૈકી સ્વરચિત જાગૃતતા કસોટીનો ઉપગોય કરવામાં આવ્યો હતો જેમાં પ્રાપ્ત થયેલી માહિતીના આધારે યોગ્ય માપદંડો નક્કી કરી અને ટી-કસોટીના ઉપયોગ દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે નવસારી જિલ્લાના તાલીમાર્થીમાં મહત્તમ તાલીમાર્થીઓમાં મધ્યમ, લઘુત્તમ તાલીમાર્થીઓમાં નિમ્ન જાગૃતતા જોવા મળી હતી એટલે કે ઉચ્ચ જાગૃતતાનો અભાવ જોવા મળ્યો હતો. જાતિયતા અને વિસ્તાર સંદર્ભે તાલીમાર્થીઓમાં જાગૃતતા સંદર્ભે કોઈ અર્થસૂચક તફાવત જોવા મળ્યો ન હતો એટ્લે કે તેઓ RTE Act ૨૦૦૯ અંતર્ગત સમાન જાણકારી ધરાવતા જણાયા હતા પરંતુ સેમેસ્ટર સંદર્ભે જાગૃતતામાં અર્થસૂચક તફાવત જોવા મળ્યો હતો જેમાં સેમેસ્ટર ત્રણના તાલીમાર્થીઓ RTE Act ૨૦૦૯ અંતર્ગત વધારે જાગ્રત જણાયા હતા.

## ધોરણ નવનાં અંગ્રેજી વિષયના ધ કંજંકશન એકમ માટે કમ્પ્યુટર દ્વારા અધ્યયન કાર્યક્રમની રચના અને અજમાયશ

પટેલ હેતલબેન રમેશભાઈ

પ્રવર્તમાન સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ શિક્ષણ ક્ષેત્રે વિવિધ ઉપકરણોના વિનિયોગ પર આધારિત અધ્યયન-અધ્યાપન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓની ભેટ ધરી છે. કમ્પ્યુટર દ્વારા અધ્યયન આ પધ્ધતિઓમાંની એક પધ્ધતિ છે. આથી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને અસરકારક, સુદ્રઢ અને રસપ્રદ બનાવવા પરંપરાગત શિક્ષણની સાથે વિજ્ઞાન અને ટેકનોલોજીએ મહત્વની ભૂમિકા ભજવી છે. આ વિચારથી પ્રેરાઈને સંશોધકે પ્રસ્તુત સંશોધનમાં ધોરણ નવનાં વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટર દ્વારા અધ્યયન(CAL)ની અસરકારકતા તપાસવાનો અભિગમ હાથ ધર્યો હતો. જેમાં સહેતુક શાળાની પસંદગી કરી ધોરણ નવનાં કુલ ૧૬૫ વિદ્યાર્થીઓમાંથી સંભાવ્ય નમૂના પસંદગીની યાદચ્છિક નમૂના પસંદગીની રીતથી પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જુથમાં ચોત્રીસ-ચોત્રીસ વિદ્યાર્થીઓ મળીને કુલ અડસઠ વિદ્યાર્થીઓને નમૂનાના પાત્રો તરીકે લેવામાં આવ્યાં હતાં. પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પધ્ધતિએ હાથ ધરવામાં આવ્યું હતું. પ્રયોગ હાથ ધરવા માટે કમ્પ્યુટર દ્વારા અધ્યયન કાર્યક્રમની રચના કરી હતી. તેમજ માહિતી એકત્રિત કરવા લક્ષ્યકસોટી અને અભિપ્રાયાવલીની રચના કરી હતી. પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ કરવા માટે સરાસરી, પ્રમાણવિચલન અને 'ટી'કસોટીનો ઉપયોગ કર્યો હતો. તેમજ અભિપ્રાયાવલી દ્વારા મેળવેલ અભિપ્રાયોના પૃથ્થકરણ માટે ટકાવારી, કાઈવર્ગ મૂલ્ય, સરાસરી ગુણભાર અને અગ્રતાક્રમનો ઉપયોગ કર્યો હતો. જેના પરથી જાણી શકાયું કે ધોરણ નવમાં અંગ્રેજી વિષયના ધ કંજંકશન એકમ માટે કમ્પ્યુટર દ્વારા અધ્યયન કાર્યક્રમ અને પરંપરાગત પધ્ધતિ સમાન અસરકારક રહી હતી.

## જલાલપોર તાલુકાના માધ્યમિક શાળા કક્ષાએ શારીરિક શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

પટેલ કલ્પેશભાઈ ઠાકોરભાઈ

આદિકાળથી શારીરિક શિક્ષણનું મહત્ત્વ અને તેનું પ્રભુત્ત્વ આપણે જોતા આવ્યા છીએ. એવી શારીરિક શક્તિના શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાની માધ્યમિક શાળામાં કેવી છે. તે જાણવા માટેનો પ્રયત્ન સંશોધકે આ સંશોધનકાર્ય દ્વારા હાથ ધર્યો હતો. શારીરિક શિક્ષણથી તંદુરસ્તી, સહનશક્તિ, જુસ્સો અને સંવાહક સ્નાયુઓ ઉપર કાબુ મેળવી શકાય છે. તેનાથી સામાજિક કેળવણી મળે છે. શારીરિક શિક્ષણથી આજ્ઞાંકિતપણું, વફાદારી, સહકાર, આત્મભોગ, ભ્રાતૃભાવ, પ્રામાણિકપણુ, આત્મવિશ્વાસ, માનસિક અને શારીરિક સ્થિરતા, ચપળતા અ હિંમત વગેરેના ગુણો કેળવાય છે. સંશોધકે જલાલપોર તાલુકાની માધ્યમિક શાળા કક્ષાએ પ્રવર્તમાન શારીરિક શિક્ષણ અંગેના પ્રશ્નોની જાણકારી મેળવવા, શારીરિક શિક્ષણના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, શાળઆમાં શારીરિક શિક્ષણ અંગેની ભૌતિક સુવિધાઓ સહિતના હેતુઓને આધારે સંશોધનકાર્ય હાથ ધર્યું હતું. જલાલપોર તાલુકાની સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓનો સમાવેશ કર્યો હતો. આ સંશોધનકાર્યમાં સંશોધનની વિવિધ પદ્ધતિઓ પૈકી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. જેમાં વ્યાપવિશ્વ તરીકે જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં શારીરિક શિક્ષણ સાથે સંકળાયેલા શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. વ્યાપવિશ્વ એજ નમૂના તરીકે લેવામાં આવેલ. નમૂનામાં પસંદ પામેલ પાત્રો પાસેથી માહિતી એકત્ર કરવા સંશોધકે સ્વરચિત અભિપ્રાયાવલિ, મુક્તજવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો. નમૂનામાં પસંદ કરેલી શાળાઓમાં રૂબરૂ જઈને શિક્ષકો પાસે માહિતી એકત્ર કરી હતી. માહિતીના પૃથક્કરણ માટે અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓ ક્રમમાપદંડ કાઈવર્ગ મૂલ્ય તેમજ ટકાવારી, સરેરાશ ગુણભારને આધારે અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. આ સંશોધનના તારણો જેવા કે, શૈક્ષણિક યોગ્યતાની દૃષ્ટિએ શિક્ષકો બી.પીએડ્.ની પદવી ધરાવતા હતા. તેમજ કેટલા શિક્ષકો એમ.પીએડ્. તેમજ સી.પી.એડ્., બી.પીએડ્.ની લાયકાત ધરાવતા હતા. શાળાઓમાં ભૌતિક સુવિધા યોગ્ય રીતે કરવામાં આવી હતી.

## ગણદેવી તાલુકા કક્ષાએ ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણ વિકાસ અને સમસ્યા

પટેલ મિતેષકુમાર હિમ્મતભાઈ

સફળ શિક્ષણ સફળ જીવનનો પાયો છે અને આ સફળ જીવનનો આધાર પ્રાથમિક શિક્ષણ. જ્યાં બાળક સમજતો થાય અને જીવનના એક નવા માર્ગ તરફ પોતાને દોરી જતો હોય છે અને આ સમયગાળામાં જ તેમની સમાજ અંગેનો ખ્યાલ સ્પષ્ટ બનતો હોય છે તેથી તો આ સમયગાળામાં આપવામાં આવેલું શિક્ષણ મહત્વનુ બની રહે છે. તેથી પ્રાથમિક શિક્ષણની સમસ્યા જાણવા ગણદેવી તાલુકા કક્ષાએ ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણ વિકાસ અને સમસ્યા શીર્ષક અંતર્ગત સંશોધકે સંશોધન હાથ ધર્યું હતું જેનાં હેતુઓ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓની ઐતિહાસિક માહિતી,આચાર્યો અને શિક્ષકોની સંખ્યા,છેલ્લાં છ વર્ષમાં ૬,૭,૮ ધોરણના વિદ્યાર્થીઓની સંખ્યા, પરિણામો,અપવ્યય અને સ્થગીતતા જાણવા ઉપરાંત શાળા વહીવટ, શાળા સંચાલન, વર્ગ-શિક્ષણ, શિસ્ત, પાઠયપુસ્તક,સહાભ્યાસ પ્રવૃતિ, ગૃહકાર્ય, મૂલ્યાંકન, જેવી સમસ્યા જાણવું તેમજ શાળાઓમાં ભૌતિક સુવિધા જાણવાનો હેતુ રહ્યાં હતાં. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ નવસારી સંચાલિત ગણદેવી તાલુકાની કુલ ૬૯ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓ વ્યાપવિશ્વ બની હતી. કુલ ૬૯ શાળા પૈકી ૩૫ શાળાઓના ૩૫ આચાર્યો, ૧૦૫ શિક્ષકો અને ગણદેવી તાલુકાનાં તાલુકા શિક્ષણ અધિકારી ૦૧ એમ કુલ ૧૪૧ પાત્રો નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. સંશોધકે આચાર્યો અને શિક્ષક પાસે થી માહિતી એકત્ર કરવાનું હોવાથી હેતુઓને ધ્યાનમાં રાખી સ્વ રચિત સાક્ષ્યપત્રક, સમસ્યા ઓળખસૂચિ, અવલોકનપત્રક રચના કરવામાં આવી હતી. ગણદેવી તાલુકાની નમૂનામાં સમાવિષ્ટ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં સંશોધક રૂબરૂ જઇ આચાર્ય અને શિક્ષકો પાસેથી માહિતી એકત્રીકરણ કરી હતી.પ્રસ્તુત સંશોધનમાં મેળવેલી માહિતીનું અર્થઘટન કરી ટકાવારી કાઢવામાં આવી હતી.

આ ટકાવારીને આધારે અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. અને વિધાનોની ક્રાંતિક ગુણોત્તર તપાસીને માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણોમાં શાળાઓમાં વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યા, શાળામાં બિનશૈક્ષણીક કાર્યનો ભાર વધુ હતો, વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો આભાવ, નિયમો અને શિસ્તનો અભાવ, ગૃહકાર્ય સંદર્ભ સાહિત્ય(નવનીત)માંથી ઉતરો કરતા હતા, રચનાત્મક પ્રવૃતિ બાબતે સમસ્યા જોવા મળી હતી.તેમજ શાળાઓમાં ભૌતિક સુવિધાનો સારા પ્રમાણમાં વિકાસ થયેલો હતો. વાલીઓને માહિતગાર કરવવા, વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવું, બિનશૈક્ષણીક કાર્ય માટે યોગ્ય સમય આપવો, સમયપત્રકમાં યોગ્ય સમયની વ્યવસ્થા કરવી જેવાં સૂચિતર્થો તારવ્યા હતાં.

## ધોરણ-૯ ના અંગ્રેજી વિષયના "કર્તરી-કર્મણી પ્રયોગ" એકમમાં નિદાન અને ઉપચાર

**પટેલ નિકીતાબેન પરભુભાઈ**

સંશોધનનો વિષય ધોરણ-૯ ના અંગ્રેજી વિષયના કર્તરી-કર્મણી પ્રયોગ એકમમાં નિદાન ઉપચાર હતો જેના હેતુઓ ધોરણ-૯ ના અંગ્રેજી વિષયમાં કર્તરી-કર્મણી પ્રયોગમાં થતી ભૂલો જાણી નિદાન કસોટીની રચના કરી, ઉપચારાત્મક કાર્યક્રમની અજમાયશ કરી અસરકારકતા તપાસવાનો હતો. પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પના નિદાન કાર્ય પૂર્વે અને ઉપચારાત્મક કાર્ય પછી વિદ્યાર્થીઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ. પ્રસ્તુત સંશોધન માટેનું વ્યાપ વિશ્વ તરીકે ચોર્યાસી તાલુકાની નવચેતન વિદ્યાલય, જુનાગામના ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા અને ઉપકરણ તરીકે સ્વરચિત નિદાન કસોટી, ઉપચારાત્મક કાર્યક્રમ અને અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મળેલ માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન માટે સરાસરી, પ્રમાણવિચલન અને ટી-કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધનના તારણો આ મુજબ મળી આવ્યા હતા. મોટા ભાગના વિદ્યાર્થીઓ યોગ્ય વાકયો ઓળખવામાં નિષ્ફળ જતાં હતાં અને વ્યાકરણના નિયમોથી અજાણ હતા. કેટલાક અંશે વિદ્યાર્થીઓ વાકય રચના યોગ્ય વાકય પ્રમાણે બદલવામાં નિષ્ફળ જતા હતા અને ક્રિયાપદના રૂપો ઓળખવામાં ભૂલ કરતા હતા.

## ધોરણ -૬ના અંગ્રેજી વિષયમાં નામયોગી અવ્યય એકમ પર નિદાન-ઉપચાર

**પટેલ પારૂલકુમારી હસમુખભાઈ**

સંશોધનનો વિષય - ધોરણ - ૬ ના અંગ્રેજી વિષયમાં નામયોગી અવ્યય એકમ પર નિદાન-ઉપચાર હતો. જેના હેતુઓ સુરત શહેરની પ્રાથમિક શાળા નવચેતન વિદ્યાલય તેમજ સંજીવની હાઈસ્કૂલ દામકામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો નામયોગી અવ્યય એકમ પર નિદાન - ઉપચાર કરવાનો હતો. પ્રસ્તુત સંશોધનમાં તેનું વ્યાપવિશ્વ એ જ નમૂનો હતો. સંશોધનમાં સંશોધકે સ્વરચિત નિદાન કસોટીનો ઉપયોગ કર્યો હતો અને તેને ટી કસોટી દ્વારા વિદ્યાર્થીઓના મેળવેલ ગુણોનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેમાં નીચે મુજબના તારણો મળ્યા હતા. વિદ્યાર્થીઓ નામયોગી અવ્યયનો ઉપયોગ કરી વાક્યરચના બનાવવામાં નિષ્ફળ જતાં હતા. વિદ્યાર્થીઓ on અને over વચ્ચેનો ભેદ સમજતા ન હતા. પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક જૂથ ૧ અને પ્રાયોગિક જૂથ ૨ ના વિદ્યાર્થીઓની ઉપચારાત્મક કાર્યક્રમ પહેલા અને પછી લેવાયેલ કસોટીનાં સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ અર્થસૂચક તફાવત જોવા મળ્યો હતો. આથી ઉત્કલ્પના - ૧ અને ૨ નો અસ્વીકાર થયો હતો. આથી કહી શકાય કે ધોરણ - ૬ ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયમાં preposition એકમ માટે નિદાન કસોટીની રચના અને ઉપચારકાર્ય અસરકારક રહ્યા હતાં.

## પારડી તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓની પર્યાવરણ જાગૃતિ અંગે અભ્યાસ

પટેલ પૂર્ણિમાબહેન રાજેશભાઈ

પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ અને પર્યાવરણનું મહત્ત્વ સ્વીકારાયું છે. કુદરત આપણી માતા છે. કુદરતે આપણા અસ્તિત્વ વિકાસ, સુખ સગવડ, શાંતિ અને આનંદ માટે સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું છે. હેતુઓઃ પારડી તાલુકાના ઉચ્ચતર પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓની પર્યાવરણ જાગૃતિ તપાસવા કસોટીની રચના કરવી. પારડી તાલુકાના ઉચ્ચતર પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓ પર પર્યાવરણ જાગૃતિ કસોટીની અજમાયશ કરવી. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. વ્યાપવિશ્વ અને નમૂનોઃ પ્રસ્તુત સંશોધનમાં પારડી તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓનાં ૬ થી ૮ ધોરણના તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો. આમ, નમૂનામાં વ્યાપવિશ્વની કુલ ૫૧ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાંથી નમૂના તરીકે ૧૫ શાળાઓ પસંદ કરવામાં આવી. જેમાં ધોરણ ૬ થી ૮ ના દરેક ધોરણમાંથી દસ–દસ વિદ્યાર્થીઓની પસંદગી યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા કુલ ૪૫૦ વિદ્યાર્થીઓનો નમૂનામાં સમાવેશ થયો હતો. સંશોધકે હેતુઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીકરણ માટે પર્યાવરણ જાગૃતિ કસોટીની રચના કરી હતી. પૃથક્કરણ માટે ટકાવારી જેવા અંકશાસ્ત્રીય સોપાનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તારણો : પારડી તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓનાં ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓ પર્યાવરણ જાગૃતિ અંગે સામાન્ય જાગૃતતા ધરાવતા હતાં. ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ પર્યાવરણ જાગૃતિ અંગે સામાન્ય જ્ઞાન વિભાગમાં ઉચ્ચ જાગૃતતા ધરાવતાં હતાં.

## ખેરગામ તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

પટેલ શૈફાલી ભગુભાઈ

સંશોધકે **"ખેરગામ તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ"** પર સંશોધન કર્યું. સંશોધન હેતુ (૧) ખેરગામ તાલુકામાં ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓની વિજ્ઞાન વિષય પ્રત્યેની અભિરૂચિ જાણવી. (૨) ખેરગામ તાલુકામાં ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ વિજ્ઞાન શિક્ષણ સંબંધિત શૈક્ષણિક ઉપકરણોના ઉપયોગ અંગે જાણકારી મેળવવી. સંશોધનએ સર્વેક્ષણ પદ્ધતિ કરવામાં આવ્યું. સંશોધનના વ્યાપવિશ્વમાં ખેરગામ તાલુકાની ગુજરાતી માધ્યમની ૩૦ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધનમાં નમૂના તરીકે ઉચ્ચતર પ્રાથમિક શાળાના ૩૦ વિજ્ઞાન શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. સંશોધન હેતુઓના આધારે માહિતી એકત્ર કરવા પ્રશ્નાવલિ, અવલોકનપત્રક, મુક્તજવાબી પ્રશ્નાવલિની, દસ્તાવેજી નોધપત્રકની રચના કરી હતી. માહિતીનું પૃથક્કરણ માટે ટકાવારી, સરેરાશ ભારાંક, અગ્રતાક્રમ, ગુણાત્મક વિશ્લેષણ દ્વારા ઉપયોગ કર્યો હતો. સંશોધન તારણો (૧) વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રાયોગિક કાર્ય માં વધુ અભિરુચિ ધરાવતા હતા. (૨) વિજ્ઞાન વિષયમાં બીકર, ટી.વી., ફલાસ્ક, ચાર્ટ વધુ પ્રમાણમાં શૈક્ષણિક સાધનો ઉપયોગ થતા હતા.

## સુરત શહેરના શિક્ષકોની ફુરસદની પ્રવૃત્તિઓનો અભ્યાસ

પટેલ શ્વેતા નૈનેશભાઈ

સંશોધનનો વિષય સુરત શહેરના શિક્ષકોની ફુરસદની પ્રવૃત્તિઓનો અભ્યાસ હતો. જેના હેતુઓ સુરત શહેરની ગુજરાતી માધ્યમની પ્રાથમિક અને માધ્યમિક કક્ષાની શાળાઓના શિક્ષકોની શાળાકલાકો દરમ્યાનની, શાળાકલાકો બાદની અને વેકેશન સમય દરમ્યાનની ફુરસદની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવાનો તેમજ તેમની

પ્રાથમિક અને માધ્યમિક સ્તરે તુલના કરવાનો હતો. પ્રસ્તુત સંશોધન માટેનું વ્યાપવિશ્વ સુરત શહેરની ગુજરાતી માધ્યમની પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો હતા. સંશોધકે પ્રસ્તુત સંશોધન માટે સુરત શહેરના પાંચ ઝોન(ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, સેન્ટ્રલ)ની ગુજરાતી માધ્યમની ૨ પ્રાથમિક અને ૨ માધ્યમિક શાળાઓ એમ એક ઝોનની ૪ એટલે ૫ ઝોનની મળીને ૨૦ શાળાઓને યાદચ્છિક રીતે પસંદ કરી હતી, જેમાં પસંદ કરાયેલી શાળાના બધાજ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કર્યો હતો. ઉપકરણ તરીકે પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે સંશોધક દ્વારા જાતે રચવામાં આવી હતી, ઉપકરણ તજજ્ઞો દ્વારા ચકાસવામાં આવ્યું હતું. મળેલ માહિતીનું ટકાવારી દ્વારા તેમજ કાય વર્ગ ની ગણતરી દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. સંશોધનના તારણો નીચે મુજબ મળી આવ્યા હતા. શિક્ષકો શાળાકલાકો દરમ્યાન મળતી ફુરસદમાં વાંચન, નેટવર્કિંગ, લેખન, ગાણિતિક પ્રક્રિયા, શૈક્ષણિક કાર્ય જેવી પ્રવૃત્તિઓ કરે છે. શિક્ષકો શાળાકલાકો બાદ મળતી ફુરસદમાં વિશેષ અભ્યાસ, ટ્યુશન, વિશિષ્ટ મહાનુભવો કે સ્થળની મુલાકાત, ઘરકામ, કૌટુંબિક જવાબદારીઓ, સંગીત, નેટ સર્ફિંગ, ખરીદી, બાગકામ, બાળકોને અભ્યાસ જેવી પ્રવૃત્તિઓ કરે છે. શિક્ષકો વેકેશન દરમ્યાન મળતી ફુરસદમાં રમત-ગમત, પ્રવાસ-પર્યટન, મનગમતી પ્રવૃત્તિઓ, ખેતી, સોશિયલ મીડિયાનો ઉપયોગ જેવી પ્રવૃત્તિઓ કરે છે.

## કામરેજ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં થતાં ગુણોત્સવ અંગેનાં અભિપ્રાયો

પટેલ સ્નેહલબહેન અશ્વિનભાઈ

પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ કામરેજ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં થતાં ગુણોત્સવ તેમજ તેમાં સમાવિષ્ટ બાબતો જેવી કે ધોરણ ૨ થી ૮ નાં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, સંશાધનોનો ઉપયોગ, ભૌતિક સુવિધાઓ, લોકભાગીદારી, શાળા પુસ્તકાલયનાં મૂલ્યાંકન અંગેના અભિપ્રાયો જાણવાના હતાં. પ્રસ્તુત સંશોધન માટેનું વ્યાપવિશ્વ કામરેજ તાલુકામાં આવેલી ૭૯ પ્રાથમિક શાળાનાં શિક્ષકો અને આચાર્યો હતાં. સંશોધકે પ્રસ્તુત સંશોધન માટે કામરેજ તાલુકાની ૧૪ પ્રાથમિક શાળાઓને ચિઠ્ઠી દ્વારા પસંદ કરી હતી. જેમાં પસંદ કરાયેલી શાળાના તમામ શિક્ષકોનો અને આચાર્યનો નમૂનામાં સમાવેશ કરવમાં આવ્યો હતો. ઉપકરણ તરીકે સ્વરચિત અભિપ્રાયાવલી અને સાક્ષ્યપત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મળેલ માહિતીનું પૃથક્કરણ ગુણાત્મક તેમજ કાઈ વર્ગની ગણતરી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનના તારણો આ મુજબ રહ્યા હતા જેમ કે, શાળામાં આપવામાં આવેલી મુલ્યાંકન માર્ગદર્શિકા ઉપયોગી નીવડે છે, સાક્ષરી વિષયોના મૂલ્યાંકન દ્વારા બાળકોની અધ્યયન ક્ષમતામાં વૃદ્ધિ થાય છે, માત્ર ગુણોત્સવ દરમિયાન જ મધ્યાહન ભોજન યોગ્ય બનાવવામાં આવતું નથી, અગાઉના વર્ષોમાં થયેલા ગુણોત્સવના કારણે પાણી અને શૌચાલયની સુવિધામાં સુધારો જોવા મળે છે, ગુણોત્સવ અંતર્ગત બી.આર.સી.દ્વારા અવાર નવાર અલગ મુદ્દાઓ સંદર્ભે બેઠકો યોજવામાં આવે છે, પુસ્તકાલયના નિરિક્ષણ બાદ મૂલ્યાંકનકાર ભૂલોનું સુચન કરે છે.

## હળપતિ સેવાસંઘ બારડોલી સંચાલિત આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ

રાઠોડ હેમંતભાઈ નન્નુભાઈ

આશ્રમશાળાઓ અન્ય શાળાઓ કરતાં કઈ રીતે અલગ છે અને આશ્રમશાળાના વિદ્યાર્થીઓ કઈ-કઈ સમસ્યાઓ અનુભવે છે તે જાણવાહેતુસર આ સંશોધન હાથ ધર્યું હતું. આ બાબતોને ધ્યાનમાં રાખીને હળપતિ સેવાસંઘ બારડોલી સંચાલિત આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓનો સમસ્યાઓનો અભ્યાસ વિષય પર સંશોધન હાથ ધર્યું હતું. જેમાં હળપતિ સેવાસંઘ બારડોલી સંચાલિત કુલ પાંચ આશ્રમશાળાઓના કુલ ૪૫૦ વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમથી ૫૦% પ્રમાણે યાદ્દ્ચ્છિક ચિઠ્ઠી ઉપાડની રીતે કુલ ૨૨૫ વિદ્યાર્થીઓ નમૂનામાં પસંદગી પામ્યા હતા. નમૂનામાં પસંદગી વિદ્યાર્થીઓની અધ્યયન

સંબંધી, આર્થિક સ્થિતિ સંબંધી, ભૌતિક સુવિધા સંબંધી, સામાજિક સમસ્યા સંબંધી, સહઅભ્યાસીક પ્રવૃત્તિઓ બાબતે, શિસ્ત અને નિયમિતતા અંગેની, ભોજનાલય અંગેની, છાત્રાલય જીવન અંગેની સમસ્યાઓ, તાલીમી અને માર્ગદર્શન કાર્યક્રમો અંગેની સમસ્યાઓ જાણવા માટે સર્વેક્ષણ પદ્ધતિથી સંશોધન કાર્ય કર્યું હતું. વિદ્યાર્થી પાસેથી માહિતી એકત્રિત કરવા માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચી અને મુક્તજવાબી પ્રશ્નાવલિનો તથા અવલોકનપત્રકનો ઉપયોગ કર્યો હતો.સ્વરચિત સમસ્યા ઓળખસૂચી દ્વારા પ્રાપ્ત માહિતીનું ટકાવારીને આધારે ગણતરી કરવામાં આવી હતી. તથા સમસ્યાઓને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. મુક્તજવાબી પ્રશ્નાવલિનું અને અવલોકનપત્રકનું વિષયવસ્તુપૃથક્કરણ કરી અર્થઘટન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીના પ્રતિચારને આધારે જાણવામળ્યું કે, અધ્યાપનકાર્ય સગવડોના અભાવને કારણે કંટાળાજનક લાગે છે,આર્થિક મુશ્કેલીના કારણે ભણવા માટે વાલીએ બીજા પાસેથી નાણાં લેવા પડે છે,આશ્રમશાળામાં પ્રયોગશાળાની સગવડ નથી,આશ્રમશાળામાં બીજા સમાજના બાળકો સાથે ઓળખાણ થતાં વધુ સમય લાગે છે,આશ્રમશાળામાં મહાપુરુષોની જન્મજયંતી ઉજવવામાં આવતી નથી,આશ્રમશાળામાં નિયમિત ગણવેશ પહેરવું ગમતું નથી,આશ્રમશાળામાં ભોજનમાં લીલા શાકભાજી વધુ આપવામાં આવતા નથી,છાત્રાલયમાં રહેવું ગમતું નથી,આશ્રમશાળામાં કમ્પ્યૂટરની તાલીમ આપવામાં આવતી નથી જેવા તારણો સ્વરચિત સમસ્યા ઓળખસૂચી દ્વારા પ્રાપ્ત થયા હતા. મુક્તજવાબી પ્રશ્નાવલિ દ્વારા જાણવા મળ્યું કે, ગણિતમાં ઘડિયા ભૂલી જવાય છે, માતા-પિતા નોકરી કરતાં નથી, શાળામાં પૂરતી બેન્ચની સુવિધા નથી, છાત્રાલય જીવનના નિયનો અઘરા લાગે છે જેવા તારણો પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રાપ્ત થયા હતા. અવલોકનપત્રક દ્વારા જાણવા મળ્યું કે, શિક્ષકો માટે શિક્ષકખંડ ન હતો, પ્રોજેક્ટરની સુવિધા ન હતી જેવું અવલોકનપત્રક દ્વારા જાણયું હતું.

## कक्षा -9 के सामाजिक विज्ञान के जलवायु एकम के लिए संकल्पना मानचित्र आधारित शिक्षण कार्यक्रमकी रचना एवं असरकारकता

राय रूचि अखिलेश

वर्तमान युग टेक्नोलॉजी का युग है | टेक्नोलॉजी के कारण शिक्षण में अनेक परिवर्तन आये | अतः शिक्षक को भी शिक्षणकार्य में नयी नयी पद्धति का प्रयोग करना चाहिए जिससे शिक्षण कार्य को और अधिक असरकारक बना सके | इस कारण संशोधक कक्षा -9 के सामाजिक विज्ञान के जलवायु एकम के लिए संकल्पना मानचित्र आधारित शिक्षण कार्यकम की रचना एवं असरकारकता संशोधन पसंद किया | जिसका हेतु कक्षा -9 के सामाजिक विज्ञान में जलवायु एकम पर संकल्पना मानचित्र आधारित शिक्षण कार्यक्रम की असरकारकता जानना | नमूना तरीके एम. डी विधालय की पसंदगी सहेतुक पद्धति से किया गया जिसमे कक्षा -9 के 68 विधार्थियों को लिया गया | संशोधन में उपकरण के रूप में स्वरचित उपकरण उपयोग किया गया | तथा माहिती पृथककरण के लिए t कसोटी और काईवर्ग का उपयोग किया गया| तारण – परम्परागत शिक्षण प्रणाली के अपेक्षा संकल्पना मानचित्र द्वारा कराया गया शिक्षण अधिक असरकारक साबित हुआ था |

## સુરત શહેરની શિક્ષણ–પ્રશિક્ષણ કોલેજની તાલીમાર્થીઓના અનુકૂલનનો અભ્યાસ

**પટેલ ઉર્વીબેન ભરતભાઈ**

**મનુષ્યએ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે જે તે પરિસ્થિતિમાં અનુકૂલન સાધવા પડે છે. શિક્ષક–પ્રશિક્ષણ કોલેજની તાલીમાર્થીઓના અનુકૂલન જાણવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેના મુખ્ય હેતુઓ સામાજિક, શૈક્ષણિક, માનસિક અને શારીરિક અનુકૂલનો જાણવાના હતો. વ્યાપવિશ્વ તરીકે સુરત શહેરની શિક્ષક–પ્રશિક્ષણની પાંચ કોલેજોનો સમાવેશ થયો હતો. જેમાં નમૂના તરીકે શિક્ષક–પ્રશિક્ષણ કોલેજની વર્ષ ૨૦૧૭ સેમેસ્ટર–૩ની ૧૯૯ તાલીમાથીનીઓ અને શિક્ષણ–પ્રશિક્ષણ કોલેજના આચાર્યશ્રીઓનો સમાવેશ કર્યો હતો. પ્રસ્તુત સર્વેક્ષણ પદ્ધતિમાં માહિતી એકત્રિત કરવા માટે તાલીમાર્થીનીઓ અને આચાર્યશ્રીઓ માટે અલગ–અલગ સ્વરચિત અનુકૂલન સંશોધનિકા અને મુકત જવાબી પ્રશ્નાવલિની રચના કરી હતી. પ્રાપ્ત માહિતીના પૃથકકરણ માટે કોઈવર્ગ, શતમાન, સરેરાશ ભારાંક કરી દરેક વિધાનોને અગ્રતાક્રમ આપ્યો હતો. જેના મુખ્ય તારણો જેવા કે વડીલ વ્યકિતઓને આદર આપવામાં આનંદ , અધ્યયન કાર્ય કરવામાં આનંદ, માનસિક રીતે સ્વસ્થ, શારીરિક પરિશ્રમ કરવો ગમતો હતો તેમજ આચાર્યશ્રી પાસેથી પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો જેવા કે તાલીમાર્થીઓનું સામાજિક સ્તર ઉંચું લાવવા સતત પ્રયત્નશીલ, સહકાર દ્વારા શૈક્ષણિક પ્રવૃતિઓનું આયોજન જેવા તારણો પ્રાપ્ત થયા હતા.**

## ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાઓમાં સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં નડતી સમસ્યાઓ

**પટેલ ઝીનલકુમારી ઈશ્વરભાઈ**

પ્રસ્તુત સંશોધનમાં સહઅભ્યાસિક પ્રવૃતિઓ વિદ્યાર્થીઓના આંતરિક પાંસાને સ્પર્શે છે. તેથી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ માટે ઘણી જ મહત્વની બની છે. ઓલપાડ તાલુકાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં કઈ સમસ્યાઓ અનુભવે છે તે અંગે અધ્યેતાએ આ સંશોધન હાથ ધરવાનું વિચાર્યું હતું. જેમાં ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાઓમાં કુલ ગુજરાતી માધ્યમની ૨૦ માધ્યમિક શાળાઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાંથી ૫૦% પ્રમાણે ૧૦ શાળાઓની યાદ્દ્ચ્છિક ચિઠ્ઠી ઉપાડની રીતે કુલ ૩૨૦ વિદ્યાર્થીઓ નમૂના તરીકે લેવામાં આવ્યા હતા અને એક શાળા દીઠ બે શિક્ષકો એટલે કુલ ૨૦ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. નમૂનામાં પસંદગી વિદ્યાર્થીઓને સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં નડતી આર્થિક, ભૌતિક, શૈક્ષણિક, માનસિક, શારીરિક, સામાજિક અને અન્ય સમસ્યાઓ જાણવી અને શિક્ષકોને સંચાલનમાં નડતી સમસ્યાઓ જાણી એ અંગેના ઉકેલ મેળવવા. આ સમસ્યા જાણવા માટે સર્વેક્ષણ પદ્ધતિથી સંશોધન કાર્ય કર્યું હતું. વિદ્યાર્થી પાસેથી માહિતી એકત્રિત કરવા માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચી અને મુક્તજવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો અને શિક્ષકો માટે પણ મુક્ત જવાબી પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સ્વરચિત સમસ્યા ઓળખસૂચી દ્વારા પ્રાપ્ત માહિતીનું ટકાવારીને આધારે ગણતરી કરવામાં આવી હતી. તથા સમસ્યાઓને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. મુક્તજવાબી પ્રશ્નાવલિનું વિષયવસ્તુનું પૃથક્કરણ કરી અર્થઘટન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીના પ્રતિચારને આધારે જાણવા મળ્યું કે, નાણાની તંગીને કારણે સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં ભાગ લઈ શકતા નથી, રમતગમત માટે પુરતું મેદાનનો અભાવ, સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં ભાગ લેવા માટે ડર લાગે છે, વધુ પડતી પ્રવૃતિઓથી શરીર નિરર્થક બને છે, સમાજ તરફથી સહઅભ્યાસિક પ્રવૃત્તિ માટે યોગ્ય સહકાર મળતો નથી જેવા તારણો સ્વરચિત સમસ્યા ઓળખસૂચી દ્વારા પ્રાપ્ત થયા હતા. વિદ્યાર્થી અને શિક્ષકોની મુક્તજવાબી પ્રશ્નાવલિ દ્વારા જાણવા મળ્યું કે, વિષય ખંડ છે,પરંતુ તૈયાર નથી, સરકાર તરફથી શિષ્યવૃત્તિ મળતી નથી, પ્રેક્ટીસ માટે વર્ગખંડનો અભાવ, વિદ્યાર્થીઓમાં પ્રવૃતિ માટે જ્ઞાનનો અભાવ, શારીરિક થાક લાગે છે, માતા-

પિતા તરફથી સહકાર મળતો નથી, નાણાકીય પ્રશ્ન જોવા મળે છે, સમયપત્રકમાં પ્રવૃતિના તાસ ફાળવવા, વિદ્યાર્થીનો ડર દૂર કરવો, આર્થિક સહાયની મદદ કરવી.

## હજીરા કાંઠા વિસ્તારની માધ્યમિક શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓના ટ્યુશનપ્રથા અંગેના અભિપ્રાયોનો અભ્યાસ

**શાહ પિનાબેન ઉત્તમભાઈ**

પ્રવર્તમાન સમયમાં ટ્યુશનપ્રથા વિદ્યાર્થીઓના હિતમાં છે કે તેમનું અહિત કરે છે એ જાણવાની દરકાર સમાજે રાખવી જોઇએ. શાળાના શિક્ષકોએ શાળાના વર્ગખંડોમાં ભણાવવું નથી કે વિદ્યાર્થીઓ ભણવા માંગતા નથી તેવા સંજોગોમાં ૨૦૧૭ થી ૨૦૧૯ દરમિયાન પ્રસ્તુત સંશોધન ટ્યુશનપ્રથા અંગેના અભિપ્રાયો જાણવા હજીરા કાંઠા વિસ્તારની ૫ માધ્યમિક શાળાના ૨૦ શિક્ષકો, તે શાળાના ટ્યુશન જતાં ૧૨૦ વિદ્યાર્થીઓ અને ૧૨૦ વિદ્યાર્થીઓના વાલીઓની ચિઠ્ઠિ ઉપાડ દ્વારા યાદૃચ્છિક રીતે પસંદગી કરવામાં આવી હતી. સંશોધકે રૂબરુ જઇ સ્વરચિત અભિપ્રાયાવલી ભરાવી સર્વેક્ષણ દ્વારા માહિતીનું પૃથકકરણ કરી ટકાવારીને આધારે કાઇ વર્ગ શોધી સરેરાશ ભારાંકને આધારે અગ્રતાક્રમ આપી તારણો તારવ્યા હતાં. સંશોધનના તારણોમાં ટ્યુશન માત્ર આર્થિક ઉપાર્જનનું માધ્યમ, વાલી દ્વારા ટ્યુશનનો આગ્રહ, ટ્યુશનમાં સમયાંતરે ટેસ્ટ, જ્ઞાનમાં વધારો, પોતાના બાળક પ્રત્યે જાગૃતતા જેવા તારણોને આધારે ફલિતાર્થોની રચના કરવામાં આવી હતી. જેમાં શિક્ષક દ્વારા અર્થપૂર્ણ અધ્યયન, વાલીમાં જાગૃતતા, શાળામાં ટેસ્ટનું આયોજન, શિક્ષકના જ્ઞાનનું મહત્વ જાણવું, ટ્યુશન કરતા શાળા બાળક માટે શ્રેષ્ઠ છે જેવા ફલિતાર્થો દર્શાવવામાં આવ્યા હતાં.

## સુરત શહેરની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન પ્રવાહના શિક્ષકોનો તણાવ

**શુક્લા રેખાબહેન રામચંદ્ર**

પ્રવર્તમાન સમયમાં શિક્ષણમાં આવી રહેલા સતત નવપરિવર્તનોના લીધે શિક્ષકો પર વધુ પડતી અપેક્ષાઓ અને શૈક્ષણિક કાર્યોનું દબાણ વધી રહ્યુ હોવાથી તેઓ તણાવયુક્ત પરિસ્થિતિનો અનુભવ કરતા હોય છે. તેથી તેમના તણાવના કારણો જાણવા હેતુસર આ સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેના મુખ્ય હેતુઓ શૈક્ષણિક,આર્થિક,સામાજિક અને કૌટુંબિક તણાવ સંબંધિત કારણો જાણવાનો હતો. વ્યાપવિશ્વ તરીકે સુરત શહેરની ગુજરાતી માધ્યમની ઉચ્ચત્તર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની કુલ ૧૦૩ શાળાઓનો સમાવેશ થયો હતો. જેમાં વ્યાપવિશ્વમાંથી 30 શાળાઓના કુલ ૧૬૦ શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત સર્વેક્ષણ પદ્ધતિમાં માહિતી એકત્રિત કરવા શિક્ષકો માટે લીકર્ટ સ્કેલ આધારિત તણાવ માપદંડની રચના કરી હતી.પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ માટે ટકાવારી, કાઈવર્ગ મૂલ્ય, સરેરાશ ભારાંકની ગણતરી કરી દરેક વિધાનોને અગ્રતાક્રમ આપી તે મુજબ તારણો તારવવામાં આવ્યા હતા. જેમાં શિક્ષકોના મહેનત મુજબ વર્ગખંડનું યોગ્ય પરિણામ જોવા મળતું નથી, શૈક્ષણિક કાર્ય અનુસાર પગાર ધોરણ ઓછું હોવાથી શિક્ષકોમાં શિક્ષણકાર્ય માટે ઉત્સાહ ઓછો હતો તેમજ શૈક્ષણિક અને કૌટુંબિક જવાબદારી વચ્ચે તાલમેલ ન સાધતા શિક્ષકો સંઘર્ષ અનુભવતા હતા.

## સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોના પ્રશિક્ષણાર્થીઓની મૂલ્ય જાગૃતતા

સિંહ દિવ્યા પ્રમોદસિંગ

માનવના સર્વાંગીણ ચારિત્ર્ય ઘડતર માટે શિક્ષણની ભૂમિકા ઊંચી રહે છે. વર્તમાન સમયમાં સમૂહ માધ્યમોનો પણ પ્રભાવ માનવ સમાજ પર રહે છે. એવા સમયે શિક્ષકનો ઉત્તરદાયિત્વ મહત્વનો બની રહે રહે છે, તેથી ભાવિ શિક્ષકોની સ્થિતિ અગત્યની રહે છે તેવા સંજોગોમાં શિક્ષણની તાલીમ લેતાં પ્રશિક્ષણાર્થીઓ કેવાં મૂલ્ય ધરાવે છે તે જાણવું જરૂરી છે. આ હેતુસર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેના મુખ્ય હેતુઓ મૂલ્યના સૈદ્ધાંતિક ખ્યાલ, સામાજિક મૂલ્ય, નૈતિક મૂલ્ય, ધાર્મિક મૂલ્ય, આરોગ્યવિષયક મૂલ્ય, સૌન્દર્યાત્મક મૂલ્ય અને રાષ્ટ્રપ્રેમની જાગૃતતા જાણવાનો હતો. વ્યાપવિશ્વ તરીકે સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોના પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ થયો હતો. જેમાંથી સુરત શહેરની કુલ છ શિક્ષણ મહાવિદ્યાલયોના ૨૫૮ પ્રશિક્ષણાર્થીઓને નમૂના તરીકે પસંદ કર્યા હતા. પ્રસ્તુત સર્વેક્ષણ પદ્ધતીમાં માહિતી એકત્રિત કરવા માટે મૂલ્ય જાગૃતતા માપદંડ કસોટીની રચના કરી હતી.પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે સરાસરી અને ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અને તેના આધારે પ્રશિક્ષણાર્થીઓ મૂલ્યના સૈદ્ધાંતિક ખ્યાલ, સામાજિક મૂલ્ય, નૈતિક મૂલ્ય, ધાર્મિક મૂલ્ય, આરોગ્યવિષયક મૂલ્ય, સૌન્દર્યાત્મક મૂલ્ય અને રાષ્ટ્રપ્રેમ અંગે ઉત્તમ જાગૃતતા ધરાવતા હતા.

## પલસાણા તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયમાં અધ્યયન સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ

સુરતી અમિતકુમાર ભરતભાઈ

સામાજિક વિજ્ઞાન એ માનવીય વ્યૂહરચનાઓ, તેમના વર્તન, વૃદ્ધિ અને વિકાસ સંબંધી કાર્ય કરે છે વિશ્વ અને પર્યાવરણની જાગૃતિ, વિવિધ સંસ્કૃતિઓ વગેરે સમજવા માટે વિદ્યાર્થીઓને મદદ કરે છે. તેથી આ સંશોધન સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓની અધ્યયન સંબંધિત સમસ્યાઓ, શિક્ષકોના અધ્યાપન સંબંધિત સમસ્યાઓ, શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધતા અને ઉપયોગિતા, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, પાઠ્યપુસ્તક, ગ્રંથાલય, સ્વાધ્યાય કાર્ય તેમજ મૂલ્યાંકન સંબંધિત સમસ્યાઓ જાણવાના હેતુસર હાથ ધરવામાં આવ્યું હતું. આ સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સંશોધકે માહિતી એકત્રિત કરવા વિદ્યાર્થીઓ માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ અને મુક્તજવાબી પ્રશ્નાવલિ અને શિક્ષકો પાસેથી વિદ્યાર્થીઓની અધ્યયન સંબંધિત સમસ્યાઓ જાણવા મુક્તજવાબી પ્રશ્નાવલિનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો. આ સંશોધન માટે વ્યાપવિશ્વ પલસાણા તાલુકાની ૨૬ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓ હતી. જેમાંથી સંશોધકે યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ રીતે કુલ ૩૩૦ વિદ્યાર્થીઓ અને સામાજિક વિજ્ઞાન વિષયનું અધ્યાપન કાર્ય કરતાં ૧૧ શિક્ષકોની નમૂના તરીકે પસંદગી કરી હતી. માહિતી એકત્રીકરણ કાર્ય બાદ પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ ટકાવારી, અગ્રતાક્રમ જેવી પ્રયુક્તિઓ દ્વારા અને મુક્તજવાબી પ્રશ્નાવલિના આધારે વર્ણનાત્મક સ્વરૂપે પ્રાપ્ત થયેલ માહિતીનું સંશોધકે પ્રતિચારોના પુનરાવર્તનના આધારે આવૃત્તિ સ્વરૂપે ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે પ્રાપ્ત તારણો આ મુજબ હતા, વિદ્યાર્થીઓને વિષય સંબંધિત નવીન માહિતીઓ જાણવા મળતી ન હતી, શિક્ષકને પ્રશ્ન પૂછવાની બીક લાગતી હતી, નૂતન પ્રવૃત્તિઓનો ઉપયોગ કરતાં ન હતા અને વિષય વસ્તુની લંબાઈ વધુ જણાય હતી આ ઉપરાંત શિક્ષકોના પ્રતિચારોના આધારે અભ્યાસક્રમ લાંબો, વય કક્ષા અનુસાર સામાજિક વિજ્ઞાન વિષય અઘરો જણાયો હતો તેમજ શિક્ષકો વિવિધ પ્રયુક્તિઓ દ્વારા અધ્યાપન કાર્ય કરતાં જણાયા હતા.

## બી.એડ્.ના દ્વિવર્ષીય અભ્યાસક્રમ અંગે તાલીમાર્થીઓ અને અધ્યાપકોના મંતવ્યોનો અભ્યાસ

**ટંડેલ પિયુષકુમાર મણીલાલ**

શિક્ષણનો મુખ્ય પાયો અભ્યાસક્રમ છે, શિક્ષણ પ્રક્રિયાનું હદય સમાન અભ્યાસક્રમની ગુણવત્તા માટે પરિવર્તન જરૂરી છે, જે સંદર્ભે N.C.T.E. દ્વારા મૂળભૂત પરિવર્તન થતાં એક વર્ષીય અભ્યાસક્રમના સ્થાને બી.એડ્.ના દ્વિવર્ષીય અભ્યાસક્રમની નીતિ અમલમાં મૂકી. સંશોધકે આ નવા દ્વિવર્ષીય અભ્યાસક્રમ અંગે તાલીમાર્થીઓના અને અધ્યાપકોના મંતવ્યોનો અભ્યાસ કર્યો હતો. આ માટે સંશોધકે બી.એડ્.ના દ્વિવર્ષીય અભ્યાસક્રમ, પ્રાયોગિક કાર્ય, ક્ષેત્રકાર્ય, E.P.C. કાર્ય, ઇન્ટર્નશીપ કાર્યક્રમ સંદર્ભે તથા અભ્યાસક્રમની સંતુષ્ટિ સંદર્ભે તાલીમાર્થીઓ અને અધ્યાપકોના મંતવ્યો જાણવાનો હેતુ રખાયો હતો. આ માટે સંશોધકે સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી સુરત શહેરની પાંચ બી.એડ્. કૉલેજનાં ૨૫૦ તાલીમાર્થીઓ અને ૪૯ અધ્યાપકોના નિશ્ચિતજવાબી પ્રશ્નાવલિ અને મુક્ત જવાબી પ્રશ્નાવલિ દ્વારા મંતવ્યો જાણ્યા હતા. પ્રાપ્ત માહિતીનું આવૃત્તિ વિતરણ દ્વારા ટકાવારી કાઢીનું પૃથક્કરણ અને અર્થઘટન કરતાં જણાયું હતું કે બી.એડ્.નો અભ્યાસક્રમ નાણાંકીય રીતે ખર્ચાળ અને કઠિન જણાયો તથા અભ્યાસક્રમથી તાલીમાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને ગુણવત્તાયુક્ત તાલીમ મળે છે. આ ઉપરાંત નવા અભ્યાસક્રમમાં પ્રાયોગિક કાર્ય ક્ષેત્રકાર્ય તથા E.P.C. કાર્યની આવશ્યકતા જણાઇ હતી. આ ત્રણેય પાસાઓ દ્વારા તાલીમાર્થીઓમાં સમજશક્તિ વિકસે તથા કૌશલ્યનો વિકાસ થાય અને નવું જ્ઞાન મળે છે. આ ઉપરાંત દ્વિવર્ષીય અભ્યાસક્રમની ઇન્ટર્નશીપથી તાલીમાર્થીને ગુણવત્તાયુક્ત તાલીમ મળે છે તથા દ્વિવર્ષીય અભ્યાસક્રમથી તાલીમાર્થીઓ સંતુષ્ટ છે. જ્યારે અધ્યાપકોના મંતવ્યોના પૃથક્કરણ કરતાં જણાયું હતું કે બી.એડ્.ના અભ્યાસક્રમની સંરચનામાં મંતવ્યો લેવામાં આવ્યાં નથી. જૂના અભ્યાસક્રમ બદલવાની જરૂરિયાત હતી. પ્રવર્તમાન સમયના અભ્યાસક્રમથી અધ્યાપકો સંતુષ્ટ જણાયા હતા.

## ધોરણ નવના હિન્દી વિષયના સમાસ એકમ માટે કમ્પ્યુટર દ્વારા અધ્યયન કાર્યક્રમની રચના અને અજમાયશ

**ટંડેલ ઉર્વશીબેન કાળીદાસ**

સાંપ્રત સમય માં આધુનિક તકનીકીના વિકાસને પરિણામે અધ્યયન અધ્યાપનમાં સહાયરૂપ બંને એવા નવા શૈક્ષણિક સાધનોની શિક્ષણ જગતને ભેટ મળી છે. કમ્પ્યુટર એક ક્રાંતિકારી શોધ છે. શૈક્ષણિક સાધનો તરીકે કમ્પ્યુટરે વર્ગખંડમાં પ્રવેશ કર્યો અને શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ કરી છે. પ્રત્યેક વિષય શિક્ષણનું પોતાનું આગવું મહત્વ છે. હિન્દી એ રોજિંદા જીવનના વ્યવહારમાં વણાયેલો વિષય છે. જેના દ્વારા વ્યક્તિમાં કેટલાક આવશ્યક કૌશલ્યો અને વલણો આકાર પામે છે. પ્રસ્તુત સંશોધન હિન્દી વિષયના 'સમાસ' એકમ પર કમ્પ્યુટર દ્વારા અધ્યયન કાર્યક્રમની રચના અને અજમાયશ કરવાનું નક્કી કર્યું હતું. જે માટે કેટલાક હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા, જે હેતુઓને આધારે ચાર શૂન્ય ઉત્કલ્પનાની રચના કરી હતી પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે 'ટી'કસોટી અને કાઈવર્ગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાયોગિકજૂથ અને નિયંત્રિતજૂથના વિધાર્થીઓ પૂર્વજ્ઞાનના સંદર્ભે સમાન હતા. અર્થાત કમ્પ્યુટર દ્વારા અધ્યયન અને પરંપરાગત શિક્ષણ બંને પદ્ધતિઓ અસરકારક રહી હતી.

## ધરમપુર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી ભાષાશિક્ષણ પ્રવર્તમાન પરિસ્થિતિ

ઠાકોર ક્રિષ્નાકુમારી નરેન્દ્રસિંહ

સંશોધન "ધરમપુર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી ભાષાશિક્ષણ પ્રવર્તમાન પરિસ્થિતિ"એ વિષય પર હાથ ધરવામાં આવ્યું હતું.પ્રસ્તુત સંશોધનનો હેતુ ધરમપુર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી ભાષા શિક્ષકો પાસેથી અધ્યયન-અધ્યાપન સંદર્ભે અભિપ્રાયો મેળવવા.આ સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.વ્યાપવિશ્વ તરીકે ધરમપુર તાલુકાની તમામ ઉચ્ચ પ્રાથમિક શાળા(૧૮૯)ઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને નમુના તરીકે ધરમપુર તાલુકાની ૩૫ ઉચ્ચ પ્રાથમિક શાળાઓની યાદ્દ્ચ્છિક નમુના પસંદગી અને ચિઠ્ઠી ઉપાડ પ્રયુક્તિ દ્વારા ૩૫ શિક્ષકો સહેતુક નમુના પસંદગીથી અને ધો-૮માં ૨૦ વિદ્યાર્થીઓને ચિઠ્ઠી પ્રયુક્તિથી નમુના તરીકે પસંદગી કરવામાં આવી હતી.ઉપકરણ તરીકે વિદ્યાર્થીઓ માટે બંધ પ્રશ્નાવલી,શિક્ષકો માટે અભિપ્રાયાવલી અને મુક્ત જવાબી પ્રસ્નાવલી તથા સંશોધક માટે અવલોકનપત્રક અને દસ્તાવેજી નોધપત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.પૃથક્કરણ માટે સંશોઘકે અભીપ્રાયાવલીના આધારે પ્રાપ્ત પ્રતિચારોનું આવૃત્તિ વિતરણ,કાઈવર્ગ અને સરેરાશ ભારાંકનાં આધારે અગ્રતાક્રમ નક્કી કરવામાં આવ્યો હતો.બંધ પ્રસ્નાવલીના આધારે પ્રાપ્ત પ્રતિચારોનું પૃથક્કરણ ટકાવારીના આધારે શતમાનની સાર્થકતા તપાસીને કરવામાં આવ્યું હતું.અવલોકનપત્રક અને નોંધપત્રકમાંથી પ્રાપ્ત માહિતી અને મુક્ત પ્રશ્નાવલીમાંથી પ્રાપ્ત માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણથી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. સંશોધનના તારણોમાં મહત્તમ શિક્ષકોવૈવિધ્યપૂર્ણ શૈક્ષણિક પદ્ધતિઓનો ઉપયોગ કરતાં માલૂમ પડ્યા હતા અને ઓછા પ્રમાણમાં શિક્ષકો અધ્યાપન કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને ચર્ચામાં ભાગ લેવાની તકો આપતા હતા. સંશોધન અંતર્ગત ભાષા શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિને લગતી બાબતોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવીયો હતો

## સોનગઢ અને નિઝર તાલુકાની ઉત્તર બુનિયાદી શાળાઓનો વિકાસ અને સમસ્યાઓ

વળવી મનીષાબેન ઉમેશભાઈ

પ્રસ્તુત સંશોધન સોનગઢ અને નિઝર તાલુકાની ઉત્તર બુનિયાદી શાળાઓની સ્થાપના થકી કેટલો વિકાસ થયો તેમજ વહીવટી સમસ્યાઓ, ઉદ્યોગ વિષયક સમસ્યાઓ, ભૌતિક સુવિધાઓ સંબંધી સમસ્યાઓ, અધ્યયન-અધ્યાપન સંબંધી સમસ્યાઓ, વિદ્યાર્થી અને શિક્ષક સંબંધી સમસ્યાઓ જાણવાના હેતુસર હાથ ધરવામાં આવ્યું હતું. આ સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. આ સંશોધન માટે વ્યાપવિશ્વ એજ નમૂનો બની રહેતા છ શાળાના નવ આચાર્યો, ૨૨ શિક્ષકોની નમૂના તરીકે પસંદગી કરી હતી. માહિતી એકત્રિત કરવા માટે આચાર્ય અને શિક્ષકો માટે સ્વરચિત મુક્તજવાબી પ્રશ્નાવલિ અને અવલોકન પત્રકનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો. પ્રાપ્ત માહિતી માટે ટકાવારી તેમજ ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે પ્રાપ્ત તારણો આ મુજબ હતા. મોટાભાગની ઉત્તર બુનિયાદી શાળાઓ અનુદાનિત ધોરણે સ્થપાયેલી જણાય હતી, મોટાભાગની ઉત્તર બુનિયાદી શાળાઓમાં સ્ટાફનો અભાવ કમ્પ્યૂટરનો અભાવ, પુસ્તકાલયનો અભાવ, કૃષિ ઉપકરણોનો અભાવ જોવા મળ્યો હતો.

# ઉમરપાડા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમની પ્રવર્તમાન પરિસ્થિતિ

**વસાવા નિલમબેન રાયસિંગભાઈ**

સંશોધકે પ્રજ્ઞા અભિગમ સંદર્ભે સંશોધન હાથ ધર્યું હતું. જેના હેતુઓ (૧) ઉમરપાડા તાલુકાની પ્રાથમિક શાળઆઓનાં પ્રજ્ઞા અભિગમની શિક્ષણ પદ્ધતિ જાણવી. (૨) ઉમરપાડા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમથી થતા ફાયદાઓ જાણવા. આ સંશોધનનું વ્યાપવિશ્વ ઉમરપાડા તાલુકાની ૧૦૬ પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમ અંતર્ગત કાર્ય કરતા બી.આર.સી, કૉ.- ઓર્ડિનેટર, સી.આર.સી., કૉ.-ઓર્ડિન્ટર, આચાર્યો અને શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે યાદચ્છિક પદ્ધતિથી તેમાં નમૂના તરીકે ૩૦ ટકાના પ્રમાણે કૉ.- ઓર્ડિનેટરનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ઉપકરણ તરીકે પ્રશ્નાવલિ, ઓળખયાદી, નોંધપત્રક, સાક્ષ્યપત્રકનો ઉપયોગ ટકાવારી અને શતમાનની સાર્થકતાનો તફાવત શોધવામાં આવ્યો હતો. તારણો (૧) વર્ગખંડમાં બાળકોને રમત-ગમત દ્વારા શિક્ષણકાર્ય કરાવવામાં આવે છે. (૨) હોંશિયાર બાળકો અને નબળા બાળકોનો ખ્યાલ આવે છે. આ સંશોધનના ચાવીરૂપ અને નબળા બાળકોનો ખ્યાલ આવે છે.

# શિક્ષણ વિભાગનું ગૌરવ

## પીએચ.ડી.ની ઉપાધી પ્રાપ્ત કરનાર

| ક્રમ | માર્ગદર્શક | વિદ્યાર્થીનુંનામ |
|---|---|---|
| 1 | ડૉ. આર. બી. પટેલ | 1. પટેલ કલ્પેશકુમાર કનુભાઈ |
| | | 2. પટેલ બીપીનભાઈ બાબુભાઈ |

## આંતરરાષ્ટ્રીય સેમિનારમાં પેપર રજુ કરનાર તાલીમાર્થી

| ક્રમ | નામ | સેમેસ્ટર |
|---|---|---|
| ૧ | પટેલ ધર્મેન્દ્રકુમાર પ્રભાતભાઈ | IV |
| ૨ | શાહ પિનાબેન ઉત્તમભાઈ | IV |

## રાષ્ટ્રીય સેમિનાર/કોન્ફરન્સમાં પેપર રજુ કરનાર/ભાગ લેનાર સેમેસ્ટર ૪ના તાલીમાર્થીઓ

| ક્રમ | નામ |
|---|---|
| ૧ | દેશમુખ હર્ષદા રવીન્દ્રભાઈ (૧ પેપર, સહભાગિતા) |
| ૨ | પાડવી અનુરાધાબેન આનંદભાઈ (સહભાગિતા) |
| ૩ | પટેલ ધર્મેન્દ્રકુમાર પ્રભાતભાઈ (૪ પેપર) |
| ૪ | પટેલ હેતલબેન રમેશભાઈ (૨ પેપર, સહભાગિતા) |
| ૫ | પટેલ કલ્પેશભાઈ ઠાકોરભાઈ (૧ પેપર) |
| ૬ | શાહ પિનાબેન ઉત્તમભાઈ (૩ પેપર) |
| ૭ | વળવી મનીષાબેન ઉમેશભાઈ (સહભાગિતા) |

## OSA- Old Students' Association of Shrirang Shikshan Mahavidyalay, Bilimora અને Council of Teacher Education, Gujarat Chapter દ્વારા તા. ૦૨/૦૯/૨૦૧૮ના રોજ આયોજિત રાષ્ટ્રીય કક્ષાના Skill of Research Paper Writing Workshop માં ભાગ લેનાર તાલીમાર્થીઓ

| ક્રમ | નામ | સેમેસ્ટર |
|---|---|---|
| ૧ | પટેલ હેતલબેન રમેશભાઈ | IV |
| ૨ | ચૌધરી સેજલકુમારી અરવિંદભાઈ | II |
| ૩ | ચૌધરી ટીનલકુમારી ગંજીભાઈ | |
| ૪ | ધોડી ટીનાબેન નવીનભાઈ | |
| ૫ | મલેક મુનિશાબાનું ઉસ્માનભાઈ | |
| ૬ | પંચાલ શિવાંગી ભુપેશકુમાર | |
| ૭ | પટેલ ખુશ્બુબેન હસમુખભાઈ | |
| ૮ | પટેલ પ્રિયંકાકુમારી નવિનભાઈ | |
| ૯ | પટેલ સપનાબહેન હિરાભાઈ | |
| ૧૦ | પટેલ તજનાબેન ગોકુળભાઈ | |
| ૧૧ | રહેવર કિંજલબહેન હરેન્દ્રસિંહ | |
| ૧૨ | ટંડેલ ભૂમિકાબેન રમણભાઈ | |
| ૧૩ | ટંડેલ છાયાબેન રમેશભાઈ | |
| ૧૪ | ટંડેલ ખુશ્બુબહેન દશરથભાઈ | |
| ૧૫ | ટંડેલ પ્રિતીબેન રાજેશભાઈ | |
| ૧૬ | ટંડેલ સ્વાતીબેન હરિલાલ | |
| ૧૭ | ઠાકોર સ્મિતા સુરેશજી | |
| ૧૮ | વછીયાત ફરહીનબાનું મોહમ્મદ અફઝલ | |
| ૧૯ | યાદવ અંજના અમરનાથ | |

## ૪૬મા યુવક મહોત્સવમાં ભાગ લેનાર તાલીમાર્થીઓ

| ક્રમ | નામ | સેમેસ્ટર | સ્પર્ધા |
|---|---|---|---|
| ૧ | મલેક મુનિશાબાનું ઉસ્માનભાઈ | II | કાવ્યપઠન |
| ૨ | પારખેતીયા મોહમ્મદસુહેલ બસીર ઈબ્રાહીમ | II | લઘુનવલિકા લેખન |

## કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત દ્વારા તા. ૧૩/૦૮/૨૦૧૮ના રોજ આયોજિત આંતર કોલેજ મહેંદી સ્પર્ધામાં ભાગ લેનાર સેમેસ્ટર ૨ ના તાલીમાર્થીઓ

ચૌધરી ટીનલકુમારી ગંજીભાઈ
પટેલ ખુશ્બુબેન હસમુખભાઈ

## શ્રદ્ધાંજલિ



મોર્ય મીના રામશિરોમણી

સેમેસ્ટર - ૪

# ગ્રુપ ફોટો

## તમામ તાલીમાર્થીઓ



## વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ



## સેમેસ્ટર IIના તાલીમાર્થીઓ



## સેમેસ્ટર IVના તાલીમાર્થીઓ



# વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ સમિતિ/રચના(૨૦૧૮-૧૯)

**પ્રમુખ :-** રાજેન્દ્ર બી.પટેલ

**સામાન્ય મંત્રી :-** પારખેતીયા મોહંમદસોહેલ બસીર : એમ.એડ્.સેમેસ્ટર–૨

**સી.આર.** :– પટેલ શ્વેતા નૈનેશભાઈ : એમ.એડ્.સેમેસ્ટર–૪

## (૧) નાણાં અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિ

**અધ્યક્ષ :-**ડૉ.સારીકા આર.ચૌહાણ

**મંત્રી :-** પાડવી અનુરાધાબેન આનંદભાઈ

**સભ્ય :–**૧. વછીયાત ફરહીનબાનુ મોહંમદઅફઝલ

૨. મલેક મુનિશાબાનુ ઉસ્માનભાઈ

૩. દિવાન શિફાબેગમ ઈકબાલહુશેન

## (૨) જીમખાના સમિતિ

**અધ્યક્ષ :-** ડૉ.અમિતકુમાર માલી

**મંત્રી :-** દિવાન શિફાબેગમ ઈકબાલહુશેન

**સભ્ય :–**૧.પાડવી અનુરાધાબેન આનંદભાઈ

૨. વસાવા નિલમબેન રાયસિંગભાઈ

૩. વછીયાત ફરહીનબાનુ મોહંમદઅફઝલ

**(૩) સામાજિક અને સાંસ્કૃતિક સમિતિ**

**અધ્યક્ષ :-** ડૉ.કીર્તિ માટલીવાલા

**મંત્રી :-** પટેલ શ્વેતા નૈનેશભાઈ

**સભ્ય :–** ૧. ટંડેલ કિરણબહેન ઈશ્વરભાઈ

૨. પાડવી અનુરાધાબેન આનંદભાઈ

૩. વસાવા નિલમબેન રાયસિંગભાઈ

**(૪) બૌદ્ધિક પ્રવૃત્તિઓ માટેની સમિતિ**

**અધ્યક્ષ :-**ડૉ.પ્રિતી ચૌધરી

**મંત્રી :-** વસાવા નિલમબેન રાયસિંગભાઈ

**સભ્ય :–**૧. મલેક મુનિશાબાનુ ઉસ્માનભાઈ

૨. પાડવી અનુરાધાબેન આનંદભાઈ

૩.પટેલ શ્વેતા નૈનેશભાઈ

**(૫) મેગેઝિન સમિતિ**

**અધ્યક્ષ :-**ડૉ.અમિતકુમાર માલી

**મંત્રી :-** વછીયાત ફરહીનબાનુ મોહંમદઅફઝલ

**સભ્ય :–** ૧. દિવાન શિફાબેગમ ઈકબાલહુશેન

૨. ટંડેલ કિરણબહેન ઈશ્વરભાઈ

૩.પટેલ શ્વેતા નૈનેશભાઈ

**(૬) પ્રવાસ સમિતિ**

**અધ્યક્ષ :-**ડૉ.ભાવેશ મોદી

**મંત્રી :-** ટંડેલ કિરણબહેન ઈશ્વરભાઈ

**સભ્ય :–**૧. મલેક મુનિશાબાનુ ઉસ્માનભાઈ

૨. દિવાન શિફાબેગમ ઈકબાલહુશેન

૩.વછીયાત ફરહીનબાનુ મોહંમદઅફઝલ

**(૭) પ્લાનિંગ ફોરમ સમિતિ**

**અધ્યક્ષ :-** પ્રા.મેઘા વી.પટેલ

**મંત્રી :-** મલેક મુનિશાબાનુ ઉસ્માનભાઈ

**સભ્ય :–** ૧.પટેલ શ્વેતા નૈનેશભાઈ

૨. વસાવા નિલમબેન રાયસિંગભાઈ

૩. ટંડેલ કિરણબહેન ઈશ્વરભાઈ

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં થયેલી પ્રવૃત્તિઓ

| તારીખ | પ્રવૃત્તિ |
|---|---|
| ૦૬-૦૭-૨૦૧૮ | Research paper writing |
| ૦૭-૦૭-૨૦૧૮ | Dr. Gaurang Rami & Dr. V. G. Patel |
| ૨૭-૦૭-૨૦૧૮ | ગુરુ પૂર્ણિમા દિનની ઉજવણી |
| ૩૦-૭-૨૦૧૮ થી ૨૫-૦૮-૨૦૧૮ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ઇન્ટર્નશીપ (સેમ - 3) |
| ૧૩-૦૮-૨૦૧૮ | સ્વચ્છતા અભિયાન |
| ૧૫-૦૮-૨૦૧૮ | સ્વતંત્રતા દિવસની ઉજવણી |
| ૦૧-૦૯-૨૦૧૮ | જન્માષ્ટમીની ઉજવણી |
| ૦૧-૦૯-૨૦૧૮ | શિક્ષક દિનની ઉજવણી |
| ૦૮-૦૯-૨૦૧૮ | શૈક્ષણિક પ્રવાસ |
| ૦૯-૧૦-૨૦૧૮ | તજજ્ઞ વ્યાખ્યાન (ડૉ. એસ. સી. પાડવી), (રાયસિંગભાઈ ચોધરી) |
| ૦૬-૧૨-૨૦૧૮ | ડૉ. બી.આર. આંબેડકર નિર્વાણ દિનની ઉજવણી |
| ૧૫-૧૨-૨૦૧૮ | વૈદિક ચિકિત્સા પદ્ધતિ વર્કશોપ |
| ૧૭-૧૨-૨૦૧૮ થી ૧૨-૦૧-૨૦૧૯ | બી.એડ્. કોલેજમાં ઇન્ટર્નશીપ (સેમેસ્ટર-૪) |
| ૦૯-૦૧-૨૦૧૯ | તજજ્ઞ વ્યાખ્યાન (પ્રો. સંજીવ સોનવણે) |
| ૨૬-૦૧-૨૦૧૯ | પ્રજાસત્તાક દિનની ઉજવણી |
| ૨૮-૦૧-૨૦૧૯ | માનસિક સ્વાસ્થ્ય પર વ્યાખ્યાન |
| ૧૫-૦૨-૨૦૧૯ | રોજગાર કચેરી દ્વારા કારકિર્દી માર્ગદર્શન |
| ૨૨-૦૨-૨૦૧૯ | રમતોત્સવ |
| ૩૦-૦૩-૨૦૧૯ | વાર્ષિક ઉત્સવ |

## M.Ed (Granted) Sem-IV Student's List (2017-2019)*

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 1 |  | Bhagat Mayuri Bharatbhai<br>At&Po-Vesma,Machhiwad,House No.1039,Bh.Prathana Mandir, Ta-Jalalpore,Dist-Navsari,Pin-396475 | 8155815505 | M.Com.,B.Ed. M.Ed(CGPA-7.96) | Account |
| 2 |  | Bhandari Nikiben Bipinchandra<br>At Post-Bordi,Gholvad,Ta.-Dahanu,Dist-Thane | 9638758646 | M.A.,B.Ed. M.Ed(CGPA-8.89) | Gujarati |
| 3 |  | Captan Vishvamohinibahen Mohanlal<br>Mu.Po-Kakwadi,Jolly Street,via-Dungri,Ta-Dist-Valsad Pin-396385 | 9723513508 | M.A.,B.Ed. M.Ed(CGPA-9.06) | Social Science |
| 4 |  | Chaudhari Dharmeshbhai Ramubhai<br>At-Pipalpada, Po-Golkund,Ta-Ahwa,Dt-Dang Pin-394710 | 8128596775 | M.A.,B.Ed. M.Ed(CGPA-7.30) | Hindi |
| 5 |  | Chaudhari Samitaben ketubhai<br>A-202 Shri Nidhi Apt, Nr. Soham Circle Althan Road,Surat | 8758993557 | B.A.,B.Ed. M.Ed(CGPA-7.56) | Sanskrit |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 6 |  | Deshmukh Harshada Ravindrabhai<br>B-3/86, Piplod Police Line,Piplod, Surat. | 9099987692 | B.Com.,B.Ed.<br>M.Ed(CGPA-8.33) | Account |
| 7 |  | Gamit Anitaben Balvantbhai<br>At-Po-Ghoda,Patel Faliyu, Ta-Songadh, Dist-Tapi | 9712410806 | M.A.,B.Ed.<br>M.Ed(CGPA-7.13) | Social Science |
| 8 |  | Gamit Pritiben Rupsingbhai<br>At-Chacharbunda Post Mirkot,Ta-Songadh,Dist-Tapi | 8141385027 | M.A.,B.Ed.<br>M.Ed(CGPA-6.73) | Hindi |
| 9 |  | Maurya Meena Ramshiromani<br>A/6004,Arihant Complex, Opp.Hari Nagar 1,Udhana,Surat City,Surat. | 9428819333 | M.Com.,B.Ed. | Account |
| 10 |  | Padvi Anuradhaben Anandbhai<br>At-Dabriamba,Po-Itwai,Ta.Kukarmunda, Dist.Tapi-394380 | 7285050037 | M.A.,B.Ed.<br>M.Ed(CGPA-7.38) | Gujarati |
| 11 |  | Patel Bhoomikaben Maheshbhai<br>D/22, Raj-Laxmi Socety,Near SBI Bank, Adajan,L.P.Savani Road,Surat | 9586357900 | M.A.,B.Ed.<br>M.Ed(CGPA-8.28) | Gujarati |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 12 |  | Patel Dharmendrakumar Prabhatbhai<br>At Post-Avadar,Ta-Ankleshwar,Dist-Bharuch | 7874345643 | M.A.,B.Ed. M.Ed(CGPA-8.04) | Social Science |
| 13 |  | Patel Dipnaben Dolatrai<br>1144,Yamuna Nagar Society, Bh.ITI College, Bilimora,Navsari. | 8511950443 | B.Sc.,B.Ed. M.Ed(CGPA-8.64) | Science & Tech |
| 14 |  | Patel Hetalben Rameshbhai<br>262,Amizara Residency,Bamroli Road, Choryasi,Surat-394210 | 9099513343 | M.A.,B.ED. M.Ed(CGPA-8.90) | English |
| 15 |  | Patel Kalpeshbhai Thakorbhai<br>At-Po-Library Faliyu, Machhad,Jalalpor,Navsari -396440 | 9409418614<br>02637<br>223090 | M.A.,B.P.ED.,B.Ed. M.Ed(CGPA-7.00) | Hindi |
| 16 |  | Patel Miteshkumar Himmatbhai<br>Gandevi,Sugar Factory Char Rasta,Bh.Jalaram Mandir,Ta-Gandevi,Dist-Navsari | 9998655354 | M.A., B.Ed. M.Ed(CGPA-8.61) | Gujarati |
| 17 |  | Patel Nikitaben Parbhubhai<br>Mandir Street, Village-Junagam,Post-Suvali,Surat. | 9727753758 | M.A., B.Ed. M.Ed(CGPA-8.05) | English |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 18 |  | Patel Parulkumari Hasmukhbhai<br>24,At-Rajgari,Po-Suvali,Nishal Faliya,Rajgari,Surat-394510 | 9081221181 | M.A., B.Ed.<br>M.Ed(CGPA-7.54) | English |
| 19 |  | Patel Purnimabahen Rajeshbhai<br>Vadiyakachh Faliyu, Sondhal Wada, Pardi, Valsad | 9726324647 | M.A.,B.Ed.<br>M.Ed(CGPA-7.68) | Economics |
| 20 |  | Patel Shefali Bhagubhai<br>At-Po-Khergam Maninagar Society,Ta-Khergam,Dist-Navsari Pin-396040 | 9408448349 | M.Sc.,B.Ed.<br>M.Ed(CGPA-8.15) | Science & Tech |
| 21 |  | Patel Shweta Naineshbhai<br>402,Primeview Residency,B/h.Rajhans Cinema,Piplod,Surat. | 9558992079 | M.A.,B.Ed.<br>M.Ed(CGPA-8.63) | Social Science |
| 22 |  | Patel Snehalbahen Ashwinbhai<br>Bhairav Coloni, Kamrej Gam Road, Kamrej, Surat. | 6359034653 | M.A.,B.Ed.<br>M.Ed(CGPA-7.75) | Economics |
| 23 |  | Patel Urviben Bharatbhai<br>746,Moti Faliyu,Ichhapore,Bus Stop No.2,Hazira Road,Surat-394510 | 9824817462 | B.A.,M.A.,B.Ed.<br>M.Ed(CGPA-8.46) | Gujarati |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 24 |  | Patel Zinalkumari Ishvarbhai<br>At-Po-Ichhapore, Moti Fari, Bus Stop No.2, Hazira Road, Surat. | 9687332831 | M.Com.,B.Ed.<br>M.Ed(CGPA-7.99) | Account |
| 25 |  | Rai Ruchi Akhilesh<br>Room No.-201,Balaji Appartmnet,Ramnagar,Chhiri,Vapi | 9725896200 | M.A.,B.Ed.<br>M.Ed(CGPA-8.61) | Hindi |
| 26 |  | Rathod Hemantbhai Nanubhai<br>At-Po-Puni Ta-Palsana,Dist-Surat | 9737328380 | M.A.,B.Ed.<br>M.Ed(CGPA-8.33) | Hindi |
| 27 |  | Shah Pinaben Uttambhai<br>A-4,Sidhi Vinayak Society,Hazira Road,Mora(Surat) | 9904712348 | M.A.,B.Ed.<br>M.Ed(CGPA-8.53) | Gujarati |
| 28 |  | Shukla Rekhabahen Ramchandra<br>509-Mahadev Nagar,Patrakar Colony,Pandesara,Surat | 8849079594 | M.Com.,B.Ed.<br>M.Ed(CGPA-8.50) | Account |
| 29 |  | Singh Divya Pramodsingh<br>24-Ganpat nagar,Police Colony, Pandesara,Surat. | 7405302562 | M.Com.,B.Ed.<br>M.Ed(CGPA-8.41) | Account |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 30 |  | Surti Amitkumar Bharatbhai<br>At-Po-Puni Ta-Palsana,Dist-Surat Pin-394352 | 9737376742 | M.Com.,B.Ed. M.Ed(CGPA-8.83) | Economics |
| 31 |  | Tandel Piyushkumar Manilal<br>At-Po-Borsi Machhiwad Diva Dandi Ta-Jalalpore,Via-Maroli Bazar, Dist-Navsari | 9925085654 | M.A.,B.Ed. M.Ed(CGPA-8.50) | Social Science |
| 32 |  | Tandel Urvashiben Kalidas<br>At Post-Borsi machhiwad, Ta-JalalPor, Dist-Navsari. | 9724246493 | B.A.,B.Ed. M.Ed(CGPA-8.56) | Hindi |
| 33 |  | Thakor Krishnakumari Narendrasinh<br>At-Po-Marla, Ta-Dist-Valsad | 7874115050 | M.A.,B.Ed. M.Ed(CGPA-9.16) | Gujarati |
| 34 |  | Valvi Manishaben Umeshbhai<br>At-Po-Bhiljamboli,Ta-Nizar,Dist-Tapi | 8758348437 | M.A.,B.Ed. M.Ed(CGPA-7.38) | Gujarati |
| 35 |  | Vasava Nilamben Raysingbhai<br>At-Po-Nasarpur,Umar Faliya Ta-Umarpada Dist-surat Pin-394445 | 7567784464 | M.A.,B.Ed. M.Ed(CGPA-8.50) | Economics |

* શિક્ષણ વિભાગના વહીવટી કાર્યાલય દ્વારા પ્રાપ્ત માહિતિ

## M.Ed (Granted) Sem-II Student's List (2018-20) *

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 1 |  | Babaria Firdos Faruk<br>235-K,Rakhda Street,Tankariya,Ta & Di-Bharuch-392240 | 8155888174 | B.Sc.,B.Ed. | Science & Tech |
| 2 |  | Chaudhari Kasmiraben Pareshbhai<br>At & Po -Umarkui,Ta-Vyara,Di-Tapi | 8758464870 | M.Sc.,B.Ed. | Science & Tech |
| 3 |  | Chaudhari Sejalkumari Arvindbhai<br>B-1,201,Model Town Park,Opp.Bhaktidhan Mandir,Magob,Surat-395011 | 9714235738, 9328290940 | B.A.,B.Ed. | English |
| 4 |  | Chaudhari Tinalkumari Ganjibhai<br>Flat No. A-403,Kailash Appt.Chamunda Nagar,Nr.Happy Banglow,L.H.Road,Surat | 9376683666, 9016524140 | B.A.,B.Ed. | English |
| 5 |  | Chaudhari Vaishaliben Mukeshbhai<br>At & Post-Areth,Ta-Mandvi,Dist-Surat | 9712237848 | M.A.,B.Ed. | Sanskrit |
| 6 |  | Delvadiya Arpita Vitthalbhai<br>Plot No.262,Harinagar-2,Udhana,Ta-Surat-394210 | 9586231543, 9825131652 | M.A.,B.Ed. | Social Science |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 7 |  | Dhodi Tinaben Navinbhai<br><br>At & Po-Nahuli,School Faliya,Ta-Umargam,Dist-Valsad-396105 | 9714892838, 8905679848 | B.A.,M.A.,B.Ed. | Gujarati |
| 8 |  | Diwan Shifabegam Iqbalhusain<br><br>B/4,AL/Adrush Complex-2,Garmiyanala,Kanthariya,Bharuch | 9824382589, 9924915705 | M.A.,B.Ed. | Economics |
| 9 |  | Gamit Sarojben Ratanjibhai<br><br>At & Post-Areth,Ta-Mandvi,Dist-Surat | 9687786196, 9726415147 | M.A.,B.Ed. | Gujarati |
| 10 |  | Gandhi Sagar Anilbhai<br><br>21-B,Tagore Nagar Society,B/H Civil Court,Navsari | 9898061565, 9974179111 | M.A.,B.ED. | English |
| 11 |  | Halpati Priyankaben Rameshbhai<br><br>At & Po-Jakhla,Ta-Mandvi,Dist-Surat | 9586527329 | M.A.,B.ED. | Hindi |
| 12 |  | Malek Munishabanu Usmanbhai<br><br>A-48,Ranchhodray Nagar,Nr.Chandni Park,Surti Bhagol Road,Ankleshwar | 9374861044, 8511893044 | M.Sc.,B.Ed. | Science & Tech |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 13 |  | Panchal Shivangi Bhupeshkumar<br>B-21,Shri Ram Society,B/h G.E.B.,Ankleshwar | 9979082992 , 9879200305 | M.A., B.Ed | English |
| 14 |  | Pandey Swastika Suryaprakash<br>57/Parvat Patiya,Gopal Nagar,Surat | 7359153087, 9427100688 | M.A.,B.Ed. | Economics |
| 15 |  | Parkhetiya Mohmedsuhel Basir Ibrahim<br>Kothi Vantarsa,Ta-Amod,Dist-Bharuch-392230 | 9824774386 | B.Sc.,B.Ed. | Science & Tech |
| 16 |  | Patel Anjanakumari Girishbhai<br>At & Po-Koba,Ta-Olpad,Dist-Surat,Surat-394540 | 7567231824 | M.A.,B.Ed. | Gujarati |
| 17 |  | Patel Bhavika Vasantbhai<br>130,Hanuman Faliya,Katargam,Surat | 9033550638, 7405542311 | M.Sc.,B.Ed. | Science & Tech |
| 18 |  | Patel Divyeshkumar Champakbhai<br>253,Pragati Street,At & Post-Pinjarat,Ta-Olpad | 8141987471, 9727732230 | M.Sc.,B.Ed. | Maths |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 19 |  | Patel Grishmaben Ashokbhai<br>At-Samali,Ta-Hansot,Dist-Bharuch | 9924429995,<br>7359285992 | B.A.,M.A.,B.ED. | Gujarati |
| 20 |  | Patel Hetalkumari Chimanbhai<br>Someshwar Park,14,Abrama Road,Valsad | 940802418,<br>9408711178 | M.A.,B.Ed. | Hindi |
| 21 |  | Patel Kajalbahen Natubhai<br>At-Post : Sodhalwada (Nathuda Faliya),Ta-Pardi,Dist-Valsad | 9913655264 | M.A.,B.ED. | Economics |
| 22 |  | Patel Khushbuben Hasmukhbhai<br>At -Sarangpur,Po-Motali,Ta-Ankleshwar,Di-Bharuch | 9925683626,<br>9081282711 | M.A.,B.ED. | Social Science |
| 23 |  | Patel Priyankakumari Navinbhai<br>216,Aashirvad Villa Society,New City Light Road,Surat | 9724892910,<br>9979341791 | M.A.,B.ED. | Economics |
| 24 |  | Patel Radhaben Anandbhai<br>At-Rani Faliya,Ta-Vansda,Dist-Navsari | 9499653755,<br>7069832105 | M.A.,B.Ed. | Social Science |
| 25 |  | Patel Sapnabahen Hirabhai<br>At-Nava Tariya,Po-Sajod,Ta-Ankleshwar,Di-Bharuch | 9913551328,<br>9737762472 | M.A.,B.Ed. | Economics |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 26 |  | Patel Shreya Hemantbhai<br>14,Pishad Gam,Jahangirpura,Olpad Road,Surat | 9512860918, 9429221892 | B.Sc.,B.Ed. | Science & Tech |
| 27 |  | Patel Tajanaben Gokulbhai<br>At & Po-Pipalgabhan(Naykivad), Ta-Chikhali,Di-Navsari | 8511885485 | B.A.,M.A.,B.ED. | Gujarati |
| 28 |  | Patil Vishakhaben Gangadhar<br>11,Shivranjani Society,Civil Road,Nanakwada,Valsad -396001 | 8866871235, 9601484941 | B.A.,B.ED. | Gujarati |
| 29 |  | Rahevar Kinjalbahen Harendrashinh<br>Krushnalila Bunglow,Rajput Nagar,M.G.Road,Bardoli | 9924120005 | B.Sc.,B.Ed. | Science & Tech |
| 30 |  | Rajput Pooja Santrajsingh<br>197,Somnath Society,Bhatar,Surat | 7046722956, 9664804970 | M.Com.,B.Ed. | Account |
| 31 |  | Rathod Rekhaben Bhikhubhai<br>At & Po-Junvani Singod,Ta-Bardoli,Dist-Surat-394335 | 9913311982 | M.A.,B.Ed. | Hindi |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 32 |  | Sen Kumari Antima Bahadursingh<br>139,Shanta Nagar,Bamroli Road,Pandesara,Surat | 9033427947, 9898984569 | M.Com.,B.Ed . | Account |
| 33 |  | Sha Sarfarajali Ahmadali<br>39/B,Shivam Nagar Society,College Road,Vyara-394650 | 9428828465 | M.A.,B.Ed. | Gujarati |
| 34 |  | Sharma Om Madanlal<br>100,Chandralok Society,Parvat Gam,Surat | 9824491198 | B.Com.,B.Ed. | Economics |
| 35 |  | Tandel Bhumikaben Ramanbhai<br>At & Post-Onjal,Machhiwad,Ta-Jalalpor,Dist-Navsari | 9824872691 | M.A.,B.ED. | English |
| 36 |  | Tandel Chhayaben Rameshbhai<br>At & Post-Onjal,Machhiwad,Ta-Jalalpor,Dist-Navsari | 9724657110 | M.A.,B.ED. | English |
| 37 |  | Tandel Khushbubahen Dashrathbhai<br>At & Post-Onjal,Machhiwad,Ta-Jalalpor,Dist-Navsari | 9265348717 | M.A.,B.ED. | Social Science |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 38 |  | Tandel Kiranbahen Ishverbhai<br>At & Post-Onjal,Machhiwad,Ta-Jalalpor,Dist-Navsari | 9712474859 | M.A.,B.ED. | English |
| 39 |  | Tandel Prityben Rajeshbhai<br>At & Post-Borsi Machhivad,Ta-Jalalpor,Dist-Navsari-396436 | 8128218381 | B.A.,B.Ed. | Gujarati |
| 40 |  | Tandel Ravinabahen Parabhubhai<br>At & Po-Krushnapur,Ta-Jalalpor,Dist-Navsari | 9974540671 | M.A.,B.ED. | Social Science |
| 41 |  | Tandel Swatiben Harilal<br>AT & Po-Borsi Machhivad,Ta-Jalalpor,Dist-Navsari-396436 | 9974602465, 9712603877 | M.A.,B.ED. | Social Science |
| 42 |  | Thakor Smita Sureshji<br>26/Bhagwati Row House,Olpad Road,Jahangirpura,Surat | 9998886273 | B.Sc.,B.Ed. | Science & Tech |
| 43 |  | Vachhiyat Farhinbanu Mohammed Afzal<br>C-25,Roshan Society,Opp. New Bus Depo,Piraman,Ankleshwar | 9409446563, 9558101992 | M.Sc.,B.Ed. | Social Science |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 44 |  | Vasava Dipikaben Chandrasinh<br>A-11,Radhey Nagar,Nr.Shakti Nagar,Ankleshwar | 9687339564, 9638182489 | M.A.,B.Ed. | Gujarati |
| 45 |  | Vasava Hinaben Surapsing<br>At -Navagam,Po-Javali,Ta-Sagbara,Dist-Narmada | 9913262470, 7574918678 | M.A.,B.Ed. | Hindi |
| 46 |  | Vasava Jashuben Shanabhai<br>At & Po -Mandva,Ta-Ankleshwar,Di-Bharuch | 8980121422, 8758691283, 6353067779 | M.A.,B.Ed. | Economics |
| 47 |  | Vasava Manishaben Surjibhai<br>At-Zarnawadi,Ta-Netrang,Di-Bharuch | 6354469589, 6353237209 | B.Sc.,B.Ed. | Science & Tech |
| 48 |  | Yadav Ku Anjana Shri Amarnath<br>351,Tulsidham Society,Bamroli Road,Pandesara,Surat | 8200554423, 7229076530 | B.A.,B.Ed. | Economics |

* શિક્ષણ વિભાગના વહીવટી કાર્યાલય દ્વારા પ્રાપ્ત માહિતિ

# DEPARTMENT OF EDUCATION

## Vision

To be a centre of excellence in teacher education, nurturing education fraternity sensitive to its regional needs and equipped for the global progression.

## Mission

"Out of conviction that education in the mean by which human circumstances can be improved. Department of Education Prepares professionals who have the commitment and competences needed to help people acquire knowledge, skills, values and understandings to enable them to participate in and contribute to a complex changing society to achieve this mission, the department is committed to excellence in teaching, research, extension and community services."




# શિક્ષણ વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લા રોડ, સુરત
(0) 0261-2203093 (Ext) 1093 office.ded@vnsgu.ac.in

શૈક્ષણિક વર્ષ : 2018-19